Monday 30, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૨૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડમાં રસ્તા પર પડેલા ખાડાથી બચવા ચાડિયો ઉભો કર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** વલસાડ શહેર તેમજ હાઈવે ઉપર વરસાદના કારણે મોટા મોટા ખાડાઓ પડતા વાહન ચાલકો અકસ્માતોમાં મોત થવાની ઘટના બની હોય જે ઘટના ન બને તે માટે વલસાડ શહેરના અબ્રામા વિસ્તારમાં કેટલાક યુવાનોએ પડેલા ખાડાને પુરાણ કરવા માટે પાલિકામાં વારંવાર રજૂઆત કરવા તેમ છતાં નહીં પૂરતા યુવાનોએ ખાડામાં ચાડિયો ઉભો કરી લોકોને અકસ્માતથી બચાવવાનો પ્રયાસ કર્યો છે.



વલસાડ શહેરના સ્ટેટ હાઈવે તેમજ નેશનલ હાઈવે નંબર ૪૮ પર વરસાદના કારણે મોટા મોટા ખાડાઓ પડતા રસ્તાઓ અત્યંત બિસ્માર બની ગયા છે. બિસ્માર રસ્તાના કારણે વાહનોના અનેકો અકસ્માતો થયા છે. તેમજ આ અકસ્માતમાં કેટલાક નિર્દોષ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. હાલમાં પણ હાઈવે ઓથોરિટી વિભાગ, માર્ગ મકાન વિભાગ દ્વારા અને વલસાડ નગરપાલિકા દ્વારા રસ્તા પર પડેલા ખાડાઓ નહિ પૂરવામાં આવતા વાહન ચાલકોએ ધીમીગતિએ અને સાપસીડી રમતા હોય તે રીતે રસ્તા પરથી પસાર થવું પડે છે. બિસ્માર રસ્તાઓના કારણે વાહનોનું મેન્ટેનન્સ તેમજ વાહન ચલાવનારને શરીરમાં અનેકો તકલીફો આવી રહી છે. તેમ છતાં રાહદારીઓ અને વાહન ચાલકોને પડતી મુશ્કેલી હલ કરી શક્યા નથી. બિસ્માર રસ્તાના કારણે નેશનલ હાઈવે નંબર ૪૮ પર વાહનોની લાંબી કતારો લાગી પૂરતા કલાકો સુધી નોકરીયાતો કે મુસાફરો પોતાના ઘરે કે ઓફિસ કંપનીમાં જઈ શકતા નથી. રસ્તા પર પડેલા ઊંડા ખાડા ઉપર કોઈપણ જાતનું સાવચેતીનું બોર્ડ કે રસ્તાના ખાડા પૂરવામાં નહીં આવતા વલસાડના અબ્રામા ધરમપુર ચોકડી આગળ ખાડાઓ પડવાના કારણે બે દિવસમાં છથી વધુ વહનચાલકો ખાડામાં પડ્યા હોવાનું ધ્યાને આવતા વિસ્તારના યુવાનોએ ખાડાઓ પુરવા માટે વલસાડ નગરપાલિકામાં રજૂઆત કરી તેમ છતાં આજદિન સુધી ખાડાઓ નહીં પુરાતા અંતે યુવાનોએ વાહન ચાલકોને ખાડામાં પડતા અટકાવવા માટે નવી યુક્તિ અપનાવી ખાડામાં ચાડિયો ઉભો કરી વાહન ચાલકોને અકસ્માતોથી બચાવવાનો પ્રયાસ કર્યો છે. વલસાડના સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે નંબર ૪૮ શહેરી વિસ્તારનાના રસ્તા પર પડેલા ખાડાઓ વહેલી તકે પૂરવામાં આવે તેવી લોક માંગણી થઈ રહી છે.

### પાલિકાના વહીવટકર્તા અને એજન્સીની મીલીભગતથી રસ્તાઓ બનાવવામાં ભ્રષ્ટાચાર

## વાપીમાં ખરાબ થયેલા રસ્તાઓ અંગે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન જરૂરી

**પાલિકા દ્વારા બનાવાયેલા રસ્તાઓ ખરાબ થતાં આ રસ્તાઓ ઉપર લેવલીંગ માટે જેસીબીએ માત્ર પાવડો મારતા જ કપચી, પાઉડર અને ગાઉટર સીંગ-ચણા અને વટાણાની જેમ છુટા પડેલા જોવા મળ્યા પરંતુ ડામર ગાયબ : આ રસ્તાઓની તપાસ કરી રસ્તાઓ બનાવનાર એજન્સી સામે તાત્કાલિક કાર્યવાહી કરવા નગરજનોની માંગ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**વાપી, તા.૨૯ :** વાપી પંથકમાં ચોમાસા દરમિયાન ખરાબ થયેલા રસ્તાઓને ફરીથી લેવલ કરવા માટે જેસીબી દ્વારા પાવડો મારતા જ રસ્તા ઉપર કપચી, રાઉટર અને પાવડર જાણે ચણા-સિંગ અને વટાણા થાળીમાં છૂટા પડી જાય તેવી પરિસ્થિતિમાં જોવા મળ્યા. શું ડામરનો રસ્તો બનાવતા પહેલા અહીં ડામર નંખાયો છે કે કેમ તેવા પ્રશ્નો લોકોમાં ઉઠી રહ્યા છે. જોકે વાપી નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ તમામ રસ્તાઓ ખરાબ થતા આ રસ્તાઓની કામગીરી અંગે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન અને ઓડિટ કરી જવાબદાર અધિકારી સામે કાર્યવાહી કરવી એની જરૂર છે.

સમગ્ર વલસાડ જિલ્લામાં તેમજ ખાસ કરીને વાપી નગરપાલિકા અને જિલ્લા પંચાયત દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં બનાવવામાં આવેલ તમામ રસ્તાઓ વરસાદી મોસમ દરમિયાન ખરાબ થઈ જવા પામ્યા છે અને અનેક રસ્તા ઉપર મોટા મોટા ખાડાઓ પડી જેવા પામ્યા છે. ત્યારે હાલમાં વાપી નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મહાત્મા ગાંધી ચોકથી રેલવે સ્ટેશન ગીતાનગર સુધીના માર્ગ ઉપર રસ્તા ઉપર આજે રવિવારે જેસીબી મશીન દ્વારા રસ્તો લેવલ કરવાની કામગીરી શરૂ કરાઈ હતી તે દરમિયાન માત્ર જીસીબી મશીનથી પાવડો મારતા જ આખો રસ્તા પર રહેલ રસ્તો બનાવવા દરમિયાન નાંખવામાં આવેલ કપચી, ગ્રાઉટર અને પાવડર એકદમ છૂટો પડી જાય જાણે કે એક થાળીમાં ચણા-સિંગ અને વટાણા છુટા પડી જાય તેવી રીતે પરિસ્થિતિમાં રસ્તા પરનો મટીરીયલ છૂટું પડી જવા પામ્યું હતું અને તેને ફરીથી લેવલ કરાઈ રહ્યું છે. જોકે આ રસ્તામાં ડામર નાંખવામાં આવ્યો છે કે કેમ તે જોવા મળી રહ્યું નથી. જેને લઈ વાપી નગરપાલિકા હદ વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષમાં બનાવવામાં આવેલ તમામ રસ્તાઓની કામગીરી અંગે તાત્કાલિક જિલ્લા વહીવટી તંત્ર દ્વારા થર્ડ પાર્ટી ઈસ્પેકશન અને તપાસ કરાવવી જેમાં રસ્તો બનાવવા માટે ડામર વાપરવામાં આવ્યો છે કે કેમ તથા રસ્તા રીપેર કરવા માટે વાર્ષિક કોન્ટ્રાક્ટ ધરાવતી એજન્સી દ્વારા ચોમાસા દરમિયાન રસ્તો રીપેર કરવા માટે કરેલી કામગીરીમાં શું કામગીરી કરી છે તે અંગે તપાસ કરી તેની સામે કાર્યવાહી કરવી જોઈએ તો જ વાપીમાં આગામી દિવસોમાં બનાવવામાં આવતા રસ્તાઓની ગુણવત્તામાં સુધારો જોવા મળશે નહીં તો અહીં



નગરપાલિકાના અધિકારીઓ પાલિકામાં શાસન કરતા સત્તાધીશો તથા કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી રસ્તા બનાવવાની કામગીરી ખૂબ જ નીચલી કક્ષાનું છે તેમ છતાં તમામ કોન્ટ્રાક્ટરોના રસ્તા બનાવવાના બિલો ગણતરીના દિવસોમાં મંજૂર થઈ જાય છે તેમજ વાર્ષિક કોન્ટ્રાક્ટ ધરાવતા કોન્ટ્રાક્ટર દ્વારા ચોમાસા દરમિયાન કરવામાં આવેલી કામગીરીની થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કરાવવી જરૂરી છે. તેમજ જો આ રસ્તાની કામગીરીમાં ગોબાચારી બહાર આવે તો તેની સામે તાત્કાલિક ફોજદારીરાહે કાર્યવાહી કરવાની જરૂર હોય જે અંગે વાપીના કેટલાક જાગૃત નાગરિક દ્વારા વલસાડ જિલ્લા કલેક્ટર તથા રાજ્યના માર્ગ અને મકાન મંત્રી અને મુખ્યમંત્રીને પત્ર લખી માંગ કરવામાં આવી રહી છે.

## ચણવાઈમાં ગંદા પાણીમાં શાકભાજી ધોતી યુવક-યુવતીનો વિડિયો વાયરલ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૯ :** વલસાડ તાલુકાના ચણવાઈ ગામેથી પસાર થતી નહેરના ગંદા પાણીમાં કેટલાક મુસ્લિમ યુવાન-યુવતી શાકભાજી ધોતા હોવાનો વિડીયો વાયરલ થયો છે. જોકે આ શાકભાજી નહેરના ગંદા પાણીમાં ધોયા બાદ તેને કેરેટમાં મૂકી બજાર કે ગામડે વેચવા માટે લઈ જતા હોય છે. જોકે આવી શાકભાજી ખનારાઓના સ્વાસ્થ્ય સાથે ચેડા થઈ રહ્યા છે. જેથી આવી શાકભાજી લેનારાઓ અને ખાનારાઓ ચેતવા જેવું છે.

વલસાડ તાલુકામાં ચણવઈ ગામેથી નહેર પસાર થાય છે જોકે આ નહેરના ગંદા પાણીમાં અતુલ વિસ્તારમા રહેતા ત્રણ મુસ્લિમ યુવાન-યુવતી સાથે શાકભાજી ધોવાનું કામ કરતા હોવાનો વિડિયો વાયરલ થયો છે. જોકે આવા ગંદા પાણીમાં શાકભાજી ધોવાનું અમાનવીય કૃત્ય કરનારાથી ચેતવા જેવું છે. ઉત્તર પ્રદેશની જેમ ગુજરાતમાં પણ દરેક દુકાનો, રેસ્ટોરન્ટ, શાકભાજી, ફળ વેચવાવાળા આવી રીતે ગંદા પાણીમાં ધોઈલા ફળફળાદી કે શાકભાજી જથ્થાબંધમાં આપે છે. તો હાલમાં વલસાડ જિલ્લાના ગામોમાં હાટ બજાર ભરાય છે. જોકે આ હાટ બજારમાં આવા ગંદા પાણીથી ધોયેલા શાકભાજી બગડી કે સડી ગયેલી શાકભાજીઓ વેચવામાં આવે છે. જોકે આવી શાકભાજી ખનારાઓના સ્વાસ્થ્ય સાથે ચેડા થઈ રહ્યા છે જેથી આવી શાકભાજી લેનારાઓ અને ખાનારાઓ ચેતવા જેવું છે.

### મેઘરાજાએ વિદાયનું નામ નહી લેતા

## જિલ્લામાં ગરબા આયોજકો અને ખેલૈયાઓ ચિંતામાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૯ :** આમ તો મેઘરાજાને વિદાય લેવાનો સમય પરંતુ વરસાદે ફરીથી પોતાની ઈનિંગ શરૂ કરી હોય તે વલસાડ જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. જોકે આ વરસાદ નવરાત્રીમાં પણ પડવાની આગાહી આપતા ગરબાનું આયોજન કરનારા કેટલાક મોટા આયોજકો અને ખેલૈયાઓમાં ચિંતામાં મુકાયા છે. ત્યારે વલસાડ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વલસાડ એક, ધરમપુર એક, કપરાડા બે, ઉમરગામ બે, વાપી બે અને પારડી અડધો ઈંચ વરસાદ પડ્યો છે.

આમ તો ચોમાસાની ચાર મહિનાની સિઝન હોય છે. અને સપ્ટેમ્બર મહિનામાં એટલે કે ભાદરવામાં વરસાદ વાજતે ગાજતે વિદાય લેતો હોય છે. ભાદરવા મહિનામાં તડકો પડતા ડાંગરનો પાકને ખેડૂતો કાપણી કરતા હોય છે. પરંતુ સપ્ટેમ્બર મહિનો પૂરો થવા તેમ છતાં મેઘરાજા પોતાની ફરીથી ઈનિંગ શરૂ કરતાં ખેડૂતો અને લોકો ચિંતામાં મુકાયા છે. મેઘરાજા વલસાડ જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી ઈનિંગ શરૂ કરતાં નેશનલ હાઈવે નંબર ૪૮ અને સ્ટેટ હાઈવે તેમજ શહેરી વિસ્તારના રસ્તાઓ બિસ્માર બની ગયા છે. આ બિસ્માર બનેલા રસ્તાથી વાહન ચાલકો અને રાહદારીઓ પરેશાન થઈ ગયા છે. તો બીજી તરફ નવરાત્રીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે નવરાત્રીમાં પણ વરસાદ પડવાની આગાહી આપતા વલસાડ અને ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા મોટા ગરબા આયોજકો અને ખેલૈયાઓમાં ચિંતામાં મુકાઈ ગયા છે. વલસાડ જિલ્લામાં ગઈકાલે શનિવારથી રવિવારે પુરા થતા ૨૪ કલાક દરમિયાન વલસાડમાં એક ઈંચ, ધરમપુરમાં એક ઈંચ , કપરાડામાં બે ઈંચ , ઉમરગામ બે ઈંચ, વાપીમાં બે ઈંચ અને પારડીમાં અડધો ઈંચ વરસાદ પડ્યો છે.

## દાનહના દુધની ગામને શ્રેષ્ઠ ટૂરિઝમ વિલેજ એવોર્ડ મળ્યો







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૨૯ :** દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના દુધની ગામને વિશ્વ પર્યટન દિવસ નિમિત્તે મોટી ઉપલબ્ધિ મળી હતી.

નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં યોજાયેલા સમારોહમાં દુધની ગામને જવાબદાર પર્યટન મોડેલ તરીકે શ્રેષ્ઠ પ્રદર્શન માટે સન્માનિત કરવામાં આવ્યું હતું. આ અવસરે કેન્દ્રશાસિત પ્રદેશના પર્યટન સચિવ એસ. અસકર અલીએ આ સફળતા માટે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પ્રદેશના પ્રશાસક પ્રફુલ પટેલના નેતૃત્વને શ્રેય આપ્યો હતો.

આ એવોર્ડ કેન્દ્રીય પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત દ્વારા પ્રદાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ ઉપસ્થિત રહ્યા હતાં. ભારત સરકારના પર્યટન મંત્રાલયે ૨૦૨૩માં સર્વશ્રેષ્ઠ ટૂરિઝમ વિલેજ સ્પર્ધાની શરૂઆત કરી હતી. જેનો હેતુ સમૃદ્ધ સાંસ્કૃતિક અને પ્રાકૃતિક ધરોહર ધરાવતી ગામડાઓની ઓળખ કરીને તેમને સન્માનિત કરવો છે.

૨૦૨૩માં આ એવોર્ડ દેવકા ગામને મળ્યો હતો અને આ વર્ષે દુધની ગામને આ સન્માન મળ્યું છે. દૂધનીનું પ્રાકૃતિક સૌંદર્ય અને ત્યાંની સસ્ટેનેબલ ટૂરિઝમ પ્રવૃત્તિઓ વિશ્વમાં પ્રખ્યાત છે.

**ભરતી કરવાની છે**

**વાપી-છરવાડા ખાતે આવેલ ભારતી વિલા કલબ એન્ડ રીસોર્ટ પ્રા.લી. માટે મેઈટેનન્સનું કામ કરી અને કરાવી શકે એવા સુપરવાઈઝરની ભરતી કરવાના છે.**

**મો.નં. - 9879463248**

## યુઆઈએની વાર્ષિક સાધારણ સભા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૨૯ :** ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની વાર્ષિક સાધારણ સભા પ્રમુખ નરેશ બાંથીયાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. યુઆઈએના પૂર્વ પ્રમુખોનું ટીમ યુઆઈએ દ્વારા પુષ્પગુચ્છ આપી સ્વાગત કરાયું હતું. ત્યારબાદ નિર્ધારિત એજન્ડા મુજબ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી શરૂ કરવા પ્રમુખ સ્થાનેથી સંમતિ આપવામાં આવી હતી. વર્તમાન યુઆઈએ પ્રમુખ નરેશ બાંથીયા અને તેઓની ટીમના હોદ્દેદારો દ્વારા વ્યક્ત વર્ષ દરમિયાન થયેલ કામગીરી વિશે ઉપસ્થિત ઉદ્યોગકારોને પ્રેઝન્ટેશન રજૂ કરી માહિતગાર કરાયા હતાં. મંચસ્થ સ્થાનેથી યુઆઈએની નવી ડિરેક્ટરીનું વિમોચન કરાયું હતું. અગત્યના હોસ્પિટલ પ્રોજેક્ટ અને અંડરગ્રાઉન્ડ પ્રોજેક્ટની કામગીરીથી ઉદ્યોગકારોને અવગત કરાયા બાદ ઉપસ્થિત ઉદ્યોગકારોએ કેટલીક મહત્વની બાબતો સંદર્ભે પ્રશ્નો રજૂ કર્યા હતાં. જેમાં પૂર્વ પ્રમુખ અશોક ગુપ્તાએ જીઆઈડીસી રહેઠાણ વિસ્તાર અને ઔદ્યોગિક વિસ્તાર માટે નીકળતા કચરાના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થાપન કરવાની માંગ સાથે હાલમાં જ્યાં કચરો ઠાલવવામાં આવી રહ્યો છે ત્યાં મૂંગા ઢોર અને આજુબાજુ વિસ્તારના ઉદ્યોગકારો ભોગ બની રહ્યા છે. જેના અનુસંધાનમાં પ્રમુખ સ્થાનેથી જણાવ્યું હતું કે સમસ્યાના કાયમી ઉકેલ માટે પ્રયાસો થઈ રહ્યા છે અને આગામી છ માસમાં કચરાનો યોગ્ય રીતે નિકાલ થાય તે દિશામાં ઉકેલ આવશે. નોટિફાઈડ વિભાગની કામગીરી યુઆઈએ સંસ્થા દ્વારા થતી હોય જેને લઈને પણ કેટલાક ઉદ્યોગકારોએ સવાલો ઉઠાવ્યા હતાં અને વિભાગની કામગીરી વિભાગને જ કરવી દેવી જોઈએ એવો મત પ્રગટ કર્યો હતો. જેના અનુસંધાનમાં પ્રમુખ સ્થાનેથી સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે ચૂંટણીને કારણે વિભાગ પ્રીમોનસૂનની કામગીરી કરી શકે એમ ન હોય તેથી યુઆઈએ દ્વારા કામગીરી કરાઈ હતી અને જેમાં વિભાગ કામગીરી માટે જેટલા રૂપિયા ખર્ચે એના કરતા અડધા ખર્ચમાં તમામ વિસ્તારમાં પ્રી મોન્સૂનની કામગીરી પૂર્ણ કરાવી હોવાનું પ્રમુખ સાથે તે જણાવ્યું હતું પાણી સંદર્ભે જવાબદારી સંભાળી રહેલા કેયુર ભટ્ટને ઉદ્યોગપતિ અને બિલ્ડર બજરંગભાઈ ભરવાડ દ્વારા કુલ કેટલું પાણી આવે છે અને કેટલો વિતરણ થાય છે અને પાણી વિભાગના નાણાકીય બાબતોની જાણકારી આપવા રજૂઆત કરાઈ હતી જે સંદર્ભે કેયુર ભટ્ટ દ્વારા જણાવ્યું હતું કે હાલ તેઓ પાસે માહિતી ઉપલબ્ધ નથી

(અનુ. પેજ નં.૭ પર)






**વરસાદ હોય કે ગરમી**
**ઘરે ઈન્વર્ટર, બેટરી અને સ્ટેબીલાઈઝર તો**
**V- GUARD ના જ**
ડીસ્ટ્રીબ્યુટર : **વિમલ પાવર્સ, વાપી**
(વલસાડ જીલ્લો, દમણ, સિલવાસા)
**Contact No. 9313540265**
દરેક અગ્રગણ્ય શો-રૂમમાં ઉપલબ્ધ

**21st Foam N Fabric**
*Home Furnishing Shop*





SHOP NO-1, GARDEN VIEW COMPLEX, NEAR AMBAMATA MANDIR,
KOPARLI ROAD, VAPI - 396191
99797 57681 - 87808 89363
Mattress | Curtains | Blinds | Sofa's

# અન્ય સમાચારો

Monday 30, September 2024
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પશુપાલન શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** કૃષક સ્વર્ણ સમૃધ્ધિ કાર્યક્રમ અંતર્ગત પારડી તાલુકાના સામરપાડા ગામે પશુપાલકોને પશુપાલનને લગતી તાંત્રિકતાઓ અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અંભેટી દ્વારા તારીખ ૨૬, સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ પશુપાલન શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ. જેમાં સામરપાડા અને અરનાલા ગામના અંદાજીત ૧૫૦ પશુપાલકોએ ભાગ લીધો હતો. પશુપાલન શિબિરની શરૂઆતમાં કેન્દ્રના વિષય નિષ્ણાંત લલિત કપુરે કૃષક સ્વર્ણ સમૃધ્ધિ કાર્યક્રમની વિગતવાર માહિતી આપી તથા કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. વસુધારા ડેરીના મહેન્દ્રભાઇ પટેલે પશુપાલનમાં સહકારી માળખાનુ મહત્વ સમજાવ્યુ હતુ. તેમણે દુધ ઉત્પાદન અને પશુની તંદુરસ્તીમાં ઉત્તમ પશુઆહાર, આદર્શ પશુ રહેઠાણ, પશુ માટે યોગ્ય પાણીની વ્યવસ્થા તથા રસીકરણ જેવી બાબતો અંગે મહત્વપુર્ણ માર્ગદર્શન આપ્યુ હતુ.

મહેન્દ્રભાઇ પટેલે વસુધારાની વિવિધ યોજનાઓનો લાભ લેવા પશુપાલકોને પ્રોત્સાહીત કર્યા હતાં. કેન્દ્રના પશુપાલન નિષ્ણાંત ડૉ. બાલુભાઇ પટેલે પશુપાલકોને સ્વચ્છ દુધ ઉત્પાદન માટે લેવાની થતી કાળજીઓ વિશે માહિતી પુરી પાડી હતી. જીલ્લા પંચાયત, વલસાડના પશુચિકિત્સક ડૉ. ઉર્વશીબેન પટેલે પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓનો ખ્યાલ આપી પશુપાલકોને લાભ લેવા સમજાવ્યા હતાં કાર્યક્રમના અંતે ઉપસ્થિત પશુપાલકોએકૃષક સ્વર્ણ સમૃધ્ધિ રથની મુલાકાત લઇને વિવિધ તાંત્રિકતાઓ વિશે માહિતી મેળવી હતી.

## ‘સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪ મિશન અંતર્ગત

## ધરમપુરના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કથાકાર શરદ વ્યાસને જાહેર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**બીલીમોરા,તા. ૨૯ :** ધરમપુર નગરપાલિકા દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪ પાલિકા વિસ્તારની પ્રવૃત્તિઓ માટે ધરમપુર ના ભાગવતાચાર્ય કથાકાર શરદભાઈ વ્યાસ ની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિમણૂક કરવામાં આવી છે. સ્વચ્છતા હી સેવા અંતર્ગત પાલિકા વિસ્તારમાં જુદા જુદા વિસ્તારમાં વિશેષ સફાઈ અભિયાન ચાલી રહયું છે. પાલિકા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪ અભિયાનમાં સ્વયંભુ જોડાઈ સ્વચ્છતા માટે સહયોગી અને સહભાગી થવા વિદ્યાર્થીઓ, નગરજનો અને સામાજિક સેવાકીય સંસ્થાઓને ભાગવતાચાર્ય શરદભાઈ વ્યાસજી દ્વારા નમ્ર અપીલ કરવામાં આવી છે.

## ધરમપુર જિલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં ઈન્ટરનેશનલ ડે ઓફ સાયંટિફિક કલ્ચરની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા. ૨૯ :** જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ખાતે સપ્ટેમ્બર ૨૮, ૨૦૨૪ના દિને ઇન્ટરનેશનલ ડે ઓફ સાયંટિફિક કલ્ચરની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ વિશ્વભરમાં દર વર્ષે ઉજવવામાં આવે છે. જેની ઉજવણી જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર ખાતે પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆતમાં પ્રજ્ઞેશ રાઠોડ (શિક્ષા અધિકારી, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર , ધરમપુર)એ કાર્યક્રમ ની રૂપરેખા આપી હતી. ડૉ. ભદ્રેશ સુદાની (આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી ઈજનેરી કોલેજ, વલસાડ) દ્વારા આ દિવસની ઉજવણીના ભાગ રૂપે **विज्ञान में भारत का योगदान** વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેમના વ્યાખ્યાન દરમિયાન તેમણે વિજ્ઞાનનો ઈતિહાસ અને ઐતિહાસિક પુરાવાઓ વિશે માહિતી આપી હતી. અલગ અલગ વિજ્ઞાનની શાખાઓ તેમજ દંત ચિકિત્સા, સિંચાઇ વિજ્ઞાન, બંધ અને તેની અત્યાધુનિક ટેક્નોલૉજી, ઔષધીય વિજ્ઞાન, પ્લાસ્ટિક સર્જરી, વૈદિક ગણિત વગેરે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. ઉપરાંત, ભારતીય વિજ્ઞાન ગુરુઓ- વરાહમિહિર, નાગાર્જુન, આર્યભટ્ટ વગેરેનું ભારતીય વિજ્ઞાનમાં અમૂલ્ય યોગદાન વિશે માહિતી આપી હતી. અંતે ચંદ્રયાન ૩, આદિત્ય L 1, કોરોના દરમિયાન બનેલી રસીઓ વિશે પણ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ તેમનો વ્યાખ્યાન ખૂબ ઉત્સાહપૂર્વક માણ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓ માટે નાઇટ્રોજન શો, 3D પ્રિંટિંગ સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જુનિયર મેંટર રાહુલ શાહ તથા શિક્ષા ટ્રેની શિવાની પટેલ દ્વારા વિદ્યાર્થીઓને નાઇટ્રોજન શો બતાવવામાં આવ્યો હતો.

## દેગામમાં ‘માતૃવન’ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૯:** ચીખલી તાલુકાના દેગામ ખાતે સામાજીક વનીકરણ વિભાગ નવસારી દ્વારા માતૃવન વૃક્ષારોપણ કાર્યક્રમની ઉજવણી વન અને પર્યાવરણ રાજયમંત્રી મુકેશભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ અવસરે તેમની સાથે જિલ્લા પંચાયત પ્રમુખ પરેશભાઇ દેસાઇ, ગણદેવીના ધારાસભ્ય નરેશભાઇ પટેલ ખાસ ઉપસ્થિત રહયા હતાં.

આ પ્રસંગે વન અને પર્યવરણ મંત્રી મુકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, માન. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા એક પેડ માં કે નામ પર્યાવરણલક્ષી પહેલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મા નું ઋણ આપણે કયારેય ચૂકવી શકતા નથી ત્યારે આપણા ઘર આંગણે પોતાની માતા ના નામે એક વૃક્ષ વાવવું જોઈએ. દિકરીનો જન્મ થાય તો એક વૃક્ષ વાવીને જતન કરવા જણાવ્યું હતું. વધુમાં વધું વૃક્ષો વાવી પર્યાવરણનું જતન અને સંરક્ષણ કરવું એ આપણી સૌની જવાબદારી બને છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની પ્રેરણાથી એક પેડ મા કે નામ અભિયાન તાપી જિલ્લામાં ૯૦૦૦ જેટલા વિવિધ વૃક્ષોનું વાવેતર કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સાબરકાંઠાના ઇડર ખાતે ૧૨૦૦૦ વૃક્ષોનું વાવેતર, પંચમહાલ ખાતે ૧૩૫૫૧ વૃક્ષોનું વાવેતર, સુરત જિલ્લાના માંડવી ખાતે ૧૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. જયારે આજે દેગામ ખાતે ૩૦૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવી રહ્યું છે.

## ટાઈકવૉન્ડો વર્લ્ડ ચેમ્પિયનશિપ સિલેક્શન ટ્રાયલમાં

## બીલીમોરાના શમ્સ મુલતાની અને અશિમબેન ચૌહાણને બ્રોન્ઝ મેડલ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા. ૨૯ :** મહારાષ્ટ્ર રાજ્યના નાશિક ખાતે ૨૦ સપ્ટે થી ૨૨ સપ્ટે ૨૪ સુધી ત્રણ દિવસીય વર્લ્ડ ચેમ્પિયનશિપ સિલેકશન ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું હતું.ત્રણ દિવસીય ઈવેન્ટમાં ફ્રી સ્ટાઈલ પૂમસે જેમાં ભારતભરમાં યોજાયેલા ચેમ્પિયન ઓફ ચેમ્પિયન માંથી પ્રથમ આવેલા ચેમ્પિયન્સ અને તેમાંથી વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે સિલેક્શન ટ્રાયલમાં પ્રો લાયન્સ માર્શલ આર્ટ એકેડેમીમાં પ્રેક્ટિસ કરતા શમ્સ હુમાયુ મુલતાની અને અશિમ ચૌહાણએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી શહેરનું અને પરિવારનું નામ ગૌરવવંતુ કર્યું હતું. સમગ્ર ગુજરાતમાંથી પૈર પુમ્સે ઈવેન્ટમાં પ્રથમ વખત મેડલ મેળવતા બીલીમોરાના અગ્રણીઓ અને શુભચિંતકો એ અભિનંદન સાથે આગામી ઈવેન્ટ માટે શુભકામના પાઠવી હતી.

## દમણમાં શ્રી રાણા સમાજની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા. ૨૯ :** શ્રી દમણ રાણા સમાજ દમણ ની વાર્ષિક સામન્ય સભા સમાજની વાડી માં યોજાય હતી, વર્ષ દરમિયાન સદગત પામેલ મૃતાત્માં ઓની શાંતિ અર્થે બે મિનીટની મોન પારી સભાની શરૂઆત શ્રી રાણા સમાજનાં પ્રમુખ રવિનભાઈ મોહનભાઈ રાણા એ ઉપસ્થીત સર્વ સભ્યને આવકારી બપોરે ૪.૩૦ કલાકે શરૂ કરવામાં આવી હતી, ખજાનચી પુનીતભાઈ અરવિંદભાઈ રાણા દ્વારા આવક જાવકનો હિસાબ રજૂ કરવામાં આવ્યો હતો.

સમગ્ર વર્ષ દરમિયાન શ્રી દમણ રાણા યુવક મંડળ દ્વારા આયોજિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનો અહેવાલ યુવા પ્રમુખ ગુંજનભાઈ છબીલદાસ રાણા દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. સમાજ કલ્યાણમાં ઉપયોગી મુદ્દા ઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

શ્રી દમણ રાણા સમાજની કારોબારી ના કાર્યકાળ એક વર્ષનો હોઈ છે જે પુંન થતાં સ્વેચ્છા એ ૪૦ જેટલા સભ્યોની નવી કારોબારી સમિતીની રચના દ્વારા સર્વાનુમતે પ્રમુખ અનિલભાઈ ઈશ્વરભાઇ રાણાની હર્ષભેર સાથે વરણી કરવામાં આવી હતી. આ વાર્ષિક સામન્ય સભામાં વડીલો તેમજ અન્ય મહાનુભાવો સભામાં ઉપસ્થીત રહી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

## બીલીમોરા જાયન્ટસ ગ્રુપ ઓફ દ્વારા વિવિધ સેવાકીય કાર્યો કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા. ૨૯ :** જાયન્ટસ ગ્રુપ ઓફ બીલીમોરા દ્વારા દ્વિતિય સેવા સપ્તાહ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી ઉજવવામાં આવી હતી.

જાયન્ટસ ગ્રુપ ઓફ બીલીમોરા દ્વારા વર્ષ ૧૯૭૫થી બીલીમોરા શહેર તથા આજુબાજુનાં ગ્રામ્યવિસ્તારોમાં લોકોના લાભાર્થે સેવાકીય પ્રવૃત્તિઓ કરાઈ રહી છે. જાયન્ટસ ગ્રુપ ઓફ બીલીમોરા દ્વારા વર્ષ દરમ્યાન બે વાર સેવા સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.દ્વિતિય સેવા સપ્તાહની ઉજવણી ૧૪ સપ્ટે થી વિવિધ સામાજિક સેવાકીય પ્રવૃતિઓ દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરવામાં આવી હતી. દ્વિતિય સેવા સપ્તાહમાં બાળકોને શૈક્ષણિક કીટ, ભિક્ષુક ભોજન,બાલ આંગણવાડીમાં ફ્રૂટ બિસ્કીટ અને ચોકલેટ વિતરણ તથા વિનામૂલ્યે હોમિયોપેથીક કેમ્પ અને નેત્રરોગ નિદાન કેમ્પ, અમલસાડના ભાટ ગામે આવેલા દરિયા કિનારાની પ્લાસ્ટિક અને કચરો મુક્ત સફાઈ અભિયાનમાં બાપ વિહોણા બાળકોને સ્કુલબેગ, શૈક્ષણિક સહાય, વૃક્ષારોપણ, વોટર હારવેસ્ટિંગ પ્રોજેક્ટ, કફન અર્પણ, પ્રાથમિક શાળાના બાળકોને હેલ્થ કીટ, કુટુંબ કલ્યાણ પ્રોજેક્ટ વાસણ વિતરણ અને સગર્ભા બહેનોને પ્રોટીનયુક્ત આહાર કીટ,બ્લડ ડોનેશન કેમ્પ જેવા વિવિધ ૧૭ સેવાકીય પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા હતા.

ગોલ્ડન જયુબિલી પ્રમુખ પ્રો.બી એચ પટેલ, પૂર્વ પ્રમુખ વિજય પટેલ, સુમંતરાય પટેલ, નીરવ ટેલર અને દાતાઓ, સભ્યોના સાથ સહકારથી સેવાકીય દ્વિતિય સપ્તાહ સફળ બન્યો હતો.

## વાપીમાં લાયન્સ ક્લબ ઓફ ઉદ્યોગ નગર દ્વારા વિશ્વ શાંતિ પ્રાર્થના- પ્રવચન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)




**વાપી, તા. ૨૯ :** લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ એક વૈશ્વિક સંસ્થા છે. તેના અંતર્ગત વિવિધ માનવતાલક્ષી સેવાકીય પ્રવૃત્તિઓ થતી હોય છે. વિશ્વના ૨૧૨ દેશોમાં આશરે ૧૫ લાખ જેટલા સભ્યો દુનિયાના કોઈકના કોઈ ખૂણે નાની મોટી સેવાકીય પ્રવૃત્તિઓ કરતા હોય છે. પ્રમુખ લાયન પ્રવિણાબેન શાહે જણાવ્યું કે લાયન્સ ક્લબના બેનર હેઠળ વિવિધ સામાજિક, ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારો પણ ઉજવાતા હોય છે. વસુદેવ કુટુંબકમ આ સૂત્રને ધ્યાનમાં રાખીને શ્રાદ્ધ પર્વ નિમિત્તે આપણા પરિવાર, દેશ અને સમગ્ર વિશ્વના જીવોની શાંતિ અને સદગતિ માટે પ્રાર્થના કરીએ. બ્રહ્માકુમારી વાપી શાખાના સંચાલિકા બી.કે. રશ્મિબેને જણાવ્યું કે વિશ્વ શાંતિ માટે સ્વયંમાં શાંતિનો ગુણ લાવવો જરૂરી છે. જીવનરૂપી લાંબી મુસાફરીને સુખદ બનાવવા પુણ્યનું એટલે કે દુવાઓનું ભાથું જમા કરવું જરૂરી છે. એના માટે પોતાના અને બીજાના માટે પણ શુભ વિચાર કરો તો જ જીવનમાં સર્વ પ્રકારના લાભ મળી શકે.

દમણ ગંગા ટાઈમ્સના તંત્રી મંજુલાબેન ઉકાણી, પૂર્વ ડિસ્ટ્રીકટ ગવર્નર લાયન પી.ડી. ખેડકર, લાયન સંજીવ કેસરવાની, રિજિયન ચેર પર્સન લાયન મીનાક્ષી કેસરવાની, ઝોન ચેર પર્સન લાયન મહેશ જૈન લાયન્સ ક્લબ ઓફ વાપી ઉદ્યોગ નગર, વાપી ઓરા, વાપી પ્લેટિનમ, વાપી ડ્રીમ, વાપી ગ્રેટર, વાપી ઈન્ટીગ્રેટેડ, વાપી મેઈનના સભ્યો, પરિવારજનો, મિત્રો એ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## દમણ રેડિયો

**102.3 FM**

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરીત માણસ ગાન, ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - શ્રવણ માધુરી (દમણથી), ૯.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- (અમદાવાદ-વડોદરા પરથી કાર્યક્રમો), ૦૧.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** (દમણથી)૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૬.૫૫ પ્રાદેશિક સમાચાર, ૭.૧૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ - દમણથી કિસાનવાણી, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર સંધ્યા દિલ્હીથી, ૮.૩૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૧.૦૦ હિન્દી સમાચાર ૧૧.૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ સભા સમાપન




## આજનું પંચાગ

**તા.** ૩૦-૦૯-૨૦૨૪, **વારઃ** સોમવાર, **તિથિઃ** એકાદશી **વિક્રમ સંવતઃ** ૨૦૮૦
**સૂર્ય ઉદયઃ** ૦૬:૧૨ **સૂર્ય અસ્ત :** ૧૮:૧૩ **ચંદ્રરાશિઃ** સિંહ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે.

**મિથુન(ક.છ.ઘ) :** આજનો દિવસ તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે.

**કર્ક(ડ.હ) :** આજનો દિવસ ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો.

**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ.

**કન્યા(પ.ઠ.ણ.) :** ક્કાજનો દિવસ ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો.

**તુલા (ર.ત.) :** આજનો દિવસ સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજનો દિવસ મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે.

**મકર(જ.ખ) :** આજનો દિવસ સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજનો દિવસ આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

## ઈન્ડિયન એક્સટ્રેકશન્સ લિમિટેડે કાર્યક્ષેત્રમાં વિસ્તરણ કર્યું

અમારા પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. ૨૯ :** ઈન્ડિયન એક્સટ્રેકશન્સ લિમિટેડ (બીએસઈ 524614 - IEL), જે રાસાયણો, ડાઇ, પિગ્મેન્ટ્સ, ઈન્ટરમીડિયેટ્સ અને કોમોડિટીઝના હોલસેલ અને રીટેલ વેપારમાં અગ્રણી છે, તેના વ્યવસાય પોર્ટફોલિયોને સુધારવા અને શેરધારકો માટે મૂલ્ય વધારવા માટે કેટલીક વ્યૂહાત્મક પહેલોની જાહેરાત કરી છે. સોલ્વેન્ટ એક્સટ્રેકશન અને ભૂલસાઈદેલ ગ્રાઉન્ડનટ તેલના ઉત્પાદન અને નિકાસ માટે પ્રખ્યાત IEL હવે યુ.એસ. અને યુરોપિયન બજારોમાં નિકાસ વેપાર અને રસાયણ ઈન્ડેન્ટિંગમાં તેના પગપેસારોનો વિસ્તરણ કરવા માટે સજ્જ છે. વધુ અધિકૃત શેર મૂડીનું પુનર્વર્ગીકરણ IELના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે કંપનીની હાલની અધિકૃત શેર મૂડીના પુનર્વર્ગીકરણને મંજૂરી આપી છે, જે શેરધારકોની મંજૂરીને આધારિત છે. આ પુનર્વર્ગીકરણ હેઠળ એક વર્ગના ઈશ્યુ ન કરવામાં આવેલા શેરોને રદ કરીને બીજા વર્ગમાં પુનઃનિયુક્ત કરવામાં આવશે. પરિણામે, અધિકૃત શેર મૂડી ૯,૦૦,૦૦,૦૦૦ (નવ કરોડ રૂપિયા) માંથી વધીને ૨૦,૯૦,૦૦,૦૦૦ (વીસ કરોડ નબ્બે લાખ રૂપિયા) થશે. નવી મૂડી રચનામાં ૨૦,૦૦,૦૦,૦૦૦ (વીસ કરોડ) ઈક્વિટી શેર ૧/- -તિ શેર અને ૯૦,૦૦૦ ઝીરો-કૂપન રિડીમેબલ પ્રફરન્સ શેર ૧૦૦/- પ્રતિ શેરનો સમાવેશ થશે.

વેરહાઉસિંગ અને સ્ટોરેજ બિઝનેસમાં વિવિધતા તેના વિકાસની વ્યૂહરચનાને અનુસરતાં, IELએ તેની મેમોરેન્ડમ ઓફ એસોસિએશનના મુખ્ય વિષયમાં ફેરફાર કરીને વેરહાઉસિંગ અને સ્ટોરેજ બિઝનેસમાં પ્રવેશ કર્યો છે. આ પગલાથી કંપની ગોડાઉન્સ, કોલ્ડ સ્ટોરેજ અને અન્ય સ્ટોરેજ સેવાઓના નિર્માણ, સંચાલન અને કામગીરીમાં પ્રવેશ કરશે. આ ઉપરાંત, કંપની સંગ્રહિત માલ માટે લોજિસ્ટિક્સ, પરિવહન અને વિતરણ સેવાઓ પણ પૂરી પાડશે, જેથી IEL ભારતમાં ઝડપથી વિકસતા વેરહાઉસિંગ ક્ષેત્રમાં એક અગત્યનો ખેલાડી બની શકે.

વ્યૂહાત્મક વૃદ્ધિ પર ધ્યાન અમારું વેરહાઉસિંગ અને સ્ટોરેજ ક્ષેત્રમાં વિવિધતા, તેમજ રસાયણો અને કોમોડિટીઝ જેવા હાઈ-ડિમાન્ડ ઉદ્યોગો પર કેન્દ્રિત રહેવું, IELને બજારમાં સારા વૃદ્ધિ માટે તૈયાર કરે છે.

અમે કામગીરીમાં શ્રેષ્ઠતા, ટેકનોલોજી આધારિત ઉકેલો અપનાવવા અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ, જેથી અમારા શેરધારકોને મહત્તમ મૂલ્ય મળતું રહે, ઈન્ડિયન એક્સટ્રેકશન્સ લિમિટેડના પ્રવક્તાએ જણાવ્યું.

# સેલવાસમાં વિવિધ કેસોના નિકાલ માટે લોક અદાલત યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,તા.૨૯:** રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ દિલ્હી દ્વારા અને કાનૂની સેવા સત્તા મંડળ દાદરા નગર હવેલીના નિર્દેશ અનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દાદરા અને નગર હવેલી દ્વારા તા. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ સવારે ૧૦ વાગ્યાથી સેલવાસ જિલ્લા ન્યાયાલય પરિસરમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. લોક અદાલતમાં ચેક બાઉન્સના કેસ, કામદારોના વિવાદ,અકસ્માતના કેસો, જમીન અધિગ્રહણના કેસો,રેવન્યુના કેસો, વિવાહ સંબંધિત વિવાદો,વગેરે ના રિકવરી કેસો સંબંધિત વિવાદોને સમજૂતી અને ભાઈ-ચારા સાથે નિકાલ કરવામાં આવ્યા હતા.

જેમાં કુલ ૫૪૨૦ જેટલા કેસો રાખવામાં આવ્યા હતા જેમાંથી ૨૧૯ જેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો અને કુલ રૂપિયા ૩,૩૨,૮૩,૮૭૩ નું સમાધાન કરવામાં આવ્યું હતું.

# દમણમાં વિશ્વ ઈસ્માઈલી નાગરિક દિવસ નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ,તા.૨૯:** દમણમાં વિશ્વ ઈસ્માઈલી નાગરિક દિવસની ચોથી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તો ઈસ્માઈલી સિવિક ઈન્ડિયા અને ઈસ્માઈલી સિવિક વાપી-સંજન દ્વારા રક્તદાન કેન્દ્ર દમણના સહયોગથી દમણમાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે ઈસ્માઈલી સમાજ દ્વારા સેવા કાર્ય કરવામાં આવે છે. આ પ્રસંગે નાની દમણના ઈસ્માઈલી જમાત ખાના ખાતે આયોજિત રક્તદાન કેમ્પમાં વિવિધ સમાજના લોકોએ રક્તદાન કર્યું હતું. આ પ્રસંગે ઈસ્માઈલ સમાજના લોકો અને સ્વયંસેવકોએ એકત્ર થઈ સેવાકીય પ્રવૃતિમાં ભાગ લીધો હતો. આ રક્તદાન શિબિરમાં કુલ ૧૫૦ યુનિટ રક્ત એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો.

# ભદેલીની પ્રા. શાળાના બાળકોએ વિવિધ બાહ્ય પરીક્ષાઓમાં ઝળહળતો દેખાવ કર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ,તા.૨૯:** જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, વલસાડ સંચાલિત છેવાડાનાં કાંઠા વિસ્તારની ભદેલી મોટાફળીયા પ્રાથમિક શાળા બાળકોની શૈક્ષણિક સિધ્ધિઓ માટે સતત કાર્યરત રહી છે. સત્ર દરમિયાન શાળાનાં ધોરણ ૮ નાં કુલ ૧૫ વિદ્યાર્થીઓએ NMMS ની પરીક્ષા આપી હતી, જેમાં ૩ વિદ્યાર્થીઓ સારા માર્ક્સ મેળવી પાસ થયા હતાં. ઉપરાંત જ્ઞાન સાધના પરીક્ષામાં ૧ વિદ્યાર્થી રાજ્ય કક્ષાએ મેરીટમાં આવેલ છે. આ જ પ્રમાણે ધોરણ ૫ ની શિષ્યવૃત્તિની પરીક્ષામાં કુલ ૧૯ વિદ્યાર્થીઓમાંથી ૧૦ વિદ્યાર્થીઓ પાસ થયેલ છે, જે પૈકી ૫ વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાએ મેરીટમાં સ્થાન મેળવેલ છે.

શાળાનાં કર્મનિષ્ઠ શિક્ષકગણનાં સંગીતાબેન, પન્નાબેન, પ્રજ્ઞેશભાઈ, નિરાલીબેન તથા હેમંતભાઈનાં વખતોવખતનાં માર્ગદર્શન થકી શાળાનાં વિદ્યાર્થીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરી રહેલ છે જે ખૂબ જ આનંદની વાત છે. આ તકે શાળાનાં આચાર્ય અલ્કેશભાઈ દ્વારા તમામ વિદ્યાર્થીઓ સહિત શિક્ષકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં. સાથે જ સૌને ભવિષ્યમાં પણ વિશેષ સિદ્ધિઓ હાંસલ કરવા માટે શુભકામના પાઠવી હતી.

# ઉમરગામની શ્રી એમ. મેહતા. કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૨૯:** નવ નિર્માણ કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ. કે. મેહતા કોલેજ ઑફ એજ્યુકેશન, ઉમરગામમાં તારીખ ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન (OSA) અને બાહ્ય સ્પર્ધામાં ભાગ લઈ વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા. જેમાં વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના ભૂતપૂર્વ તાલીમાર્થીઓ હાજર રહ્યા. કાર્યક્રમમાં મુખ્ય મહમાં તરીકે એમ. કે. મેહતા સ્કૂલના ભૂતપૂર્વ આચાર્ય તેમજ સંસ્થાના અનુભવી સલાહકાર એવા ગુલાબભાઈ પટેલ, સંસ્થાના ટ્રસ્ટી સંજયભાઈ મેહતા અને એમ. કે. મેહતા સ્કૂલના આચાર્યએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી. કોલેજના આચાર્યા ડૉ. નિતાબેન પટેલે મુખ્યએનો પરિચય આપ્યો. મુખ્ય મહેમાન અને ટ્રસ્ટી દ્વારા વિજેતા તાલીમાર્થીઓને શિલ્ડ અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા. ભૂતપૂર્વ તાલીમાર્થીઓ વિરાજ મેહતા અને ઋત્વિક પટેલે પોતાના અભિપ્રાયો આપ્યા હતા.

વર્તમાન તાલીમાર્થીઓ દ્વારા વિવિધ કૃતિઓની રજૂઆત કરવામાં આવી. ટ્રસ્ટી દ્વારા તાલીમાર્થીઓને પ્રગતિના માર્ગે સતત ચાલતા રેહવાની પ્રેરણા પૂરી પાડી. કાર્યક્રમના કન્વીનર તરીકે પ્રાધ્યાપક ડૉ. વિપુલભાઈ પટેલે કામગીરી બજાવી. કાર્યક્રમની અભારવિધિ પ્રાધ્યાપક ડૉ. નિતિનભાઈ વારલી દ્વારા કરવામાં આવી. આચાર્યા દ્વારા તાલીમાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યની શુભચ્છા પાઠવી હતી.




મનકી વાત નો ૧૧૪ મો એપિસોડ વાંસદા ગામે મહેશભાઈ કુર્મીના ઘરે નિહાળ્યો જેમાં વાંસદા તાલુકા પ્રમુખપંચાયત દિપ્તીબેન, તાલુકા બીજેપીમહામંત્રી રાકેશભાઈ શર્મા , નવસારી જીલ્લા bjp કિશાનમોરચાના ઉપપ્રમુખ ભુપેન્દ્ર. પી પટેલ, પધ્યુમનસિંહ સોલંકી, દિપકભાઈ શર્મા, સંગીતાબેન ત્રિવેદી, રાજુભાઈ મોહિતે, પરેશભાઈ, વાંસદા ગ્રામ પંચાયત સભ્યો મહેશભાઈ, કૌશિક ભાઈ તેમજ મેહુલભાઈ હાજર રહ્યાં હતા.

# માલનપાડામાં સર્પ સંશોધન સંસ્થાનની રાજ્યના વન મંત્રી મુકેશભાઈ પટેલે મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર,તા.૨૯:** ધરામપુરના માલનપાડા ખાતે હંગામી ધોરણે ચાલતા સર્પ સંશોધન સંસ્થાનમાં રહેલા સાપોની સાર સંભાળ કરીને ષ્ણ્બ્ની માર્ગદર્શિકા મુજબ ઝેર એકત્રિત કરી લાયોફીલાઈઝેશન શરૂ કરી VINS BIOLOJICALS નિખિલભાઈ અને રાઉત સીરમ્સ પૂણેના હેમંતભાઈને પુથ્થકરણ માટે બીગફોર પ્લસ સિંડ ક્રેટ, સોચુરેક્સ સો સ્કેલ્ડ વાઈપર,બામ્બુ પીટ વાઈપર વેનમ સફળતાપૂર્વક સોંપ્યા હતા. સર્પ સંશોધન સંસ્થાનના ઉપસ્થિત રાજયના મંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે



બને એન્ટી વિનમ ઈન્જેક્શન બનાવતી કંપનીઓના પ્રતિનિધિઓને વેનમ બોક્ષ અપાયા હતાં. ધરમપુરના ડૉ. ડી.સી.પટેલના પ્રયાસોથી શરૂ થયેલા આ સર્પ સંશોધન સંસ્થાની સ્થાપના અને પ્રગતિ ગુજરાતના દક્ષિણ વિસ્તાર, ખાસ કરીને વલસાડ જિલ્લામાં ઝેરી સર્પની નોંધપાત્ર વસ્તી ધરાવતા ગાઢ જંગલો આવેલા છે. સ્થાનિક રહેવાસીઓ અને ખેડૂતો વારંવાર સપર્દંશનો ભોગ બને છે, જેમાં વર્ષ ૨૦૧૭ અને વર્ષ ૨૦૨૨ વચ્ચે સરેરાશ ૧,૦૦૦ કેસો નોંધાયા છે. સંશોધન સુચવે છે કે, અલગ અલગ ભૌગોલિક ક્ષેત્રના સર્પના ઝેરનું કમ્પોઝિશન અલગ હોઈ છે જેના કારણે જે તે જગ્યા સાપના ઝેર માંથી બનતા એન્ટી સ્નેક વેનોમ ની દૂરના પ્રદેશોમાં અસરકારકતા ઓછી થતી હોય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થાએ પ્રાદેશિક ઝેર નિષ્કર્ષણ કેન્દ્રો સ્થાપવાની ભલામણ કરી છે.

જાહેર આરોગ્ય અને સલામતી વધારવા માટે ગુજરાત સરકારે વન અને પર્યાવરણ વિભાગ હેઠળ સર્પ સંશોધન સંસ્થાનની સ્થાપના કરી છે. જે હાલમાં વલસાડ ઉત્તર વન વિભાગ હેઠળ આવેલ ધરમપુર તાલુકાના મોજે માલનપાડા ખાતે હંગામી ધોરણે સર્પ સંશોધન સંસ્થાન કાર્યરત છે. સર્પ સંશોધન સંસ્થાનનું પ્રાથમિક લક્ષ્ય ગુજરાતના ઝેરી સાપોનું ઝેર એકત્રિત કરી, તેને લાયોફીલાઈઝ કરી અને એન્ટી સ્નેક વેનોમ બનાવવાનું છે.

માલનપાડા ખાતે વન મંત્રી મુકેશભાઈ પટેલ સહિત સર્પ સંશોધન સંસ્થાનના અધ્યક્ષ એસ. મનીશ્વર રાજા મુખ્ય વન સંરક્ષક, ઉપાધ્યક્ષ ડૉ. ધીરુભાઈ પટેલ અને નિયામક નિશા રાજ, નાયબ વન સંરક્ષક ઉપસ્થિત રહ્યાં હતા.

સર્પ સંશોધન સંસ્થાનમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક તરીકે કામ કરતા ક્ષેત્રના નિષ્ણાત ડૉ. મહાર્ષિ પંડ્યા દ્વારા વૈજ્ઞાનિક કામગીરી પર દેખરેખ રાખવામાં આવી રહી છે. સર્પ સંશોધન સંસ્થાન સર્પ બચાવકર્તાઓને આધુનિક સાધનોથી સાપનો રેસ્ક્યુ કરતા તેમજ તબીબી અધિકારીઓને સ્નેક બાઈટ મેનેજમેન્ટ પર તાલીમ આપવા, ઝેરી અને બિન ઝેરી પ્રજાતિઓ વિશે જાહેર જાગૃતિ વધારવા અને રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે જોડાણ મારફતે અદ્યતન સંશોધન હાથ ધરવા સક્રિયપણે કાર્યરત છે. આ સંસ્થાનના ઉપાધ્યક્ષ ડૉ. ડી.સી. પટેલ દ્વારા મેડિકલ ઓફિસર ને તાલીમ આપવા ખુબ સક્રિય છે તેમના દ્વારા ૮૦૦ થી વધુ તબીબી અધિકારીઓને ગુજરાતમાં તાલીમ આપવામાં આવી છે.

હાલમાં આ સંસ્થા અંદાજે ૩૦૦ જેટલા ઝેરી સાપ ધરાવે છે અને સંસ્થાનને ૩૦૦૦ સાપ રાખવાની મંજૂરી આપવામાં આવી છે.

હાલમાં સંસ્થાનમાં રહેલ સાપોની સારસંભાળ કરીને ષ્ણ્બ્ની માર્ગદર્શિકા મુજબ ઝેર એકત્રિત કરીને તેનું લાયોફીલાઈઝેશન શરુ કરી દેવામાં આવ્યું છે અને તેનું વિતરણ ભારતમાં ગુજરાત સરકાર સર્પ સંશોધન સંસ્થાનને સ્ટેટ-ઓફ-ધ-આર્ટ સંસ્થા સ્વરૂપે સ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે, જે વિષ અને સંલગ્ન સંશોધન ક્ષેત્રોમાં સક્રિયપણે કાર્યરત છે.

# વાપીની આર.કે. દેસાઈ કોલેજમાં 'કેરિયર માર્ગદર્શન' વિષય પર વ્યાખ્યાન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,તા.૨૯:** આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન,વાપીમાં આંતર કોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત જિલ્લા શિક્ષણ તાલીમ ભવન વલસાડના પ્રા.ડો.પંકજભાઈ દેસાઈ દ્વારા કેરિયર માર્ગદર્શન વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું

આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન,વાપીના ભૂતપૂર્વ અધ્યાપક અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના સિનિયર અધ્યાપક ડો.પંકજભાઈ દેસાઈનું વ્યાખ્યાન યોજાયું. જેમાં તેમણે કેરિયર માર્ગદર્શન વિષય સંદર્ભે વ્યાખ્યાન રજૂ કર્યું હતું. વિષય અંતર્ગત તેમણે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ - ટેટ, ટાટ, જીપીએસસી, જીસેટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કઈ રીતે કરવી તે અંગે તેમણે તાલીમાર્થીઓને સુંદર માહિતી આપી હતી. વક્તવ્યના અંતે તાલીમાર્થીઓ સાથે પ્રશ્નોતરી થઈ હતી. વ્યાખ્યાન માળાનું આયોજન ડૉ. ગુંજન વશી અને ડો. વૈશાલી દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. સુંદર કાર્યક્રમ કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા ઈન્ચાર્જ કેમ્પસ ડાયરેક્ટર મિત્તલ શાહ અને કોલેજના આચાર્ય ડો. પીતિ ચૌહાણે શુભેચ્છાઓ પાઠવી હતી.

# કિલવણીમાં સરકાર આપના દ્વાર લોક દરબાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,તા.૨૯:** દાનહના કિલવણી ગ્રામ પંચાયતના કિલવણી અને સિલી ગામોમાં સરકાર આપના દ્વાર લોક દરબાર યોજાયો હતો.

આ લોક દરબારમાં ગ્રામજનોની સ્થાનિક સમસ્યાઓ સાંભળી અને સમયમર્યાદામાં તેનો ઉકેલ લાવવા અધિકારીઓને સૂચનાઓ અપાઈ.રાશન કાર્ડ, પેન્શન, બિજર કનેક્શન અને અન્ય સેવાઓ માટે વિશેષ કેમ્પ યોજવા માટે નિર્દેશ આપવામાં આવ્યો.આ લોક દરબારમાં પ્રશાસનના વિવિધ વિભાગના અધિકારીઓ, ગ્રામપંચાયતના સરપંચ, જિલ્લા પંચાયત સભ્યો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# પારડીમાં ૧૩મીએ રન પારડી રનનું આયોજન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી,તા.૨૯:** માનવ આરોગ્ય સેવા કેન્દ્ર ટ્રસ્ટ અને RACE PARDI દ્વારા તા ૧૩-૧૦-૨૦૨૪ રવિવાર ના રોજ RUN PARDI RUN આયોજન કરવામાં આવ્યું છે જેમાં વિશાળ સંખ્યામાં ધોડવીરો ભાગ લે એવી સંસ્થા દ્વારા દોડવીરોને અપીલ કરવામાં આવી છે પ્રતિવર્ષ ૧૯૭૫ થી ૧ લી ઓક્ટોબરે સ્વેચ્છિક બ્લડ ડોનેશન ડે તરીકે સમગ્ર ભારત દેશમાં ઉજવણી કરવામાં આવે છે સમાજમાં ખાસ કરીને આપણા પારડી તથા આસપાસના વિસ્તારના યુવાબળ તથા નાગરિકોની તંદુરસ્ત જીવનશૈલી અને બ્લડ ડોનેશન પ્રત્યે જાગૃતિ આવે તે માટે પ્રેરિત કરવા RUN PARDI RUN નું આયોજન કરવામાં આવ્યું છે આ RUN PARDI RUN માં ૫ કિલોમીટર ૧૦ કિલોમીટર અને ૧૫ કિલોમીટરની શ્રેણી CAT-EGORY રાખવામાં આવી છે આ દોડમાં વિદ્યાર્થી માટે વિશેષ શ્રેણી રાખવામાં આવી છે ગત ૨૦૨૩ માં યોજાયેલ RUN PARDI RUN માં ૧૨૦૦ દોડવીરોએ ભાગ લીધો હતો હવે આ વખતે તા૧૩-૧૦-૨૦૨૪ ના રોજ થનાર RUN PARDI RUN માં દોડવીરોને ભાગ લેવા માટે સંસ્થા પ્રેરિત કરી રહ્યા છે. આ રેસમાં દોડવીરો માટે ટાઈમિંગ ચીપ વાળી બીબ, ટી-શર્ટ, મેડલ, ડિજીટલ ફોટા, ડિજીટલ સર્ટીફીકેટ તેમજ પૌષ્ટિક નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવશે. સમગ્ર રૂટ પર મેડિકલ સપોર્ટ ઉપલબ્ધ રહેશે આ RUN PARDI RUN ના અંતે OVERALL PO-SITION માટે PRIZE MONEY તેમજ TROPHY સંસ્થા દ્વારા એનાયત કરવામાં આવશે સંસ્થાના આયોજક કુશભાઈ સાકરીયા સહિત આગેવાનોએ જાહેર જનતાને વધુમાં વધુ રજીસ્ટ્રેશન કરાવવા અપીલ કરી છે.

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com

# પારડીમાં વિશ્વ હૃદય દિવસ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી,તા.૨૯:** પારડીમાં આવેલ ધીરુભાઈ હોલમાં આજરોજ વિશ્વ હૃદય દિવસ નિમિત્તે અને સેવાકીય કાર્ય અર્થે પારડી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને સહયોગી સંસ્થાઓ દ્વારા રક્તદાન કેમ્પ માનવસેવા આરોગ્ય કેન્દ્ર બ્લડ બેન્કના સહયોગથી યોજવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં યુવાનોએ રક્તદાન કરી રક્તદાન એ મહાદાન એ સૂત્ર સાથે સમાજને રક્તદાન કરવા માટે સુંદર સંદેશો આપ્યો હતો અહીં પારડીરાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ પારડી બજરંગ દળ રાજ્ય યોગ બોર્ડ પરિષદ ભારતીય સેવા સંસ્થાન મોક્ષરથ સમિતિ આખિલ હિન્દ મહિલા પરિષદ પુસ્તક પરબ એલી ક્લબ ઓફ પારડી સહેલી પારડી ઈમરજન્સી બ્લડ ડોનેશન ગ્રુપના સંયુક્ત ઉપક્રમે માનવસેવા આરોગ્ય કેન્દ્ર પારડી બ્લડ બેન્કના સહયોગથી વહેલી સવારે રક્તદાન શિબિરની શરૂઆત કરવામાં આવી હતી.

ભારત માતાની વંદના કરી દીપ પ્રાગટ કરી શરૂ કરાયેલા રક્તદાન શિબિરમાં ઉપરોક્ત દરેક સંસ્થાઓના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ સાથે કાર્યકર્તાઓએ રક્તદાન કરવાની શરૂઆત કરી હતી. આ રક્તદાન કેમ્પમાં માનવ આરોગ્ય સેવા કેન્દ્રના ચેરમેન દિનેશભાઈ સાકરીયા ટ્રસ્ટી દિનેશભાઈ શાહ કલ્પેશભાઈ પરમાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘાના જયસુખભાઈ પટેલ મનીષભાઈ રાણા વિશ્વ હિન્દુ પરિષદ રાજેશભાઈ રાણા અમિતભાઈ પટેલ મોક્ષ રાત સમિતિ યોગેશભાઈ પટેલ અરવિંદભાઈ સંગાડીયા ગુજરાત રાજય યોગ બોર્ડ જાગૃતીબેન દેસાઈ પુસ્તક પરબ અશોકભાઈ ક્રિષ્નાની એલી ક્લબના કોકિલાબેન શાહી સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતા અને રક્તદાન કરી રક્તદાન એ મહાદાન સૂત્રને સાર્થક કર્યુ હતું અને સફળતાપૂર્વક રક્તદાન કેમ્પ યોજાયો હતો.

## 'એક પેડ માં કે નામ' અભિયાન

# વાઘવળમાં રાજ્યમંત્રીની અધ્યક્ષતામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ,તા.૨૯:** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા ''એક પેડ મા કે નામ'' અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના વાઘવળ ગામે શંકરધોધની બાજુમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બપોરે ૩-૩૦ કલાકે વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. જેમાં જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા વિવિધ પ્રજાતિના ૨૦૦૦ થી વધુ રોપાઓનું પ્લાન્ટેશન કરવામાં આવ્યું હતું. સાથે સાથે લાયો ફિલાઈઝડ સ્નેક વેનમ અને એન્ટી સ્નેક વેનમ બનાવતી કંપનીઓને ગુજરાત સ્પેશિફિક એન્ટી સ્નેક રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા બનાવાયેલા સ્નેક વેનમનું ડિસ્ટ્રિબ્યુશન કરવામાં આવ્યું હતું.



મંત્રીએ વૃક્ષારોપણ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૫મી જુન વિશ્વ પર્યાવરણ દિવસથી 'એક પેડ માં કે નામ' અભિયાનની શરૂઆત કરાવી હતી. આ અભિયાનમાં આપણે સૌ જોડાયા છે. મુખ્યમંત્રીએ પણ ગુજરાતમાં આ અભિયાનની શરૂઆત કરાવી છે. જે અંતર્ગત દેશમાં ૧૪૦ કરોડ વૃક્ષો વાવવાનો નિર્ધાર કર્યો હતો. જેમાંથી ૧૫ કરોડ વૃક્ષોનું વાવેતર થઈ ચુક્યું છે.

મંત્રી એ વલસાડ જિલ્લાને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, આજે અહીં વાઘવળમાં ૨૦૦૦થી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે. આવતા વર્ષે અહીં નાનું વન બની ગયું હશે. આ અભિયાન હેઠળ આદિવાસી જિલ્લા તાપીમાં ૯૦૦૦ વૃક્ષો વાવી રેકોર્ડ બનાવ્યો છે. તો ઈડર અરવલ્લીમાં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના સહયોગથી ૧૨૦૦૦, સુરતના માંડવીમાં ૩૦૦૦ અને વલસાડમાં ૩૦૦૦ વૃક્ષો વાવવામાં આવ્યા છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૮૦ થી વધુ નમો વડ વન બનાવવામાં આવ્યા છે. જાપાનીઝ પદ્ધતિથી ઝડપી ઉછેર માટે આ વનો વન કવચ માટે બનાવાયા છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર નૈમેષ દવે, તાલુકા પંચાયત પ્રમુખ પિયુષભાઈ માહલા, વલસાડ વન વર્તુળ મુખ્ય વન સંરક્ષક મનીશ્વર રાજા અને સુરત વન વર્તુળ મુખ્ય વન સંરક્ષકશ્ર ડૉ. કે. શશીકુમારના હસ્તે બહેડા, હરડે, અર્જુન સાદડ, અરીઠા, વડ, રાયણ, લીમડો, પીપળો, આમળા, બીયો, મહુડો, લીંબી અને ઉમરો જેવી વિવિધ પ્રજાતિના રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત મહેમાનોનું ચંદનના રોપાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ મંત્રીશ્રીને બોનસાઈના છોડનું સ્મૃતિ ચિન્હ અર્પણ કરવામાં આવ્યું હતું.

# વિશેષ વાંચન

# હિન્દુ મંદિરો માટે કાયમી બોર્ડની નિમણૂક થવી જોઈએ...

**લાડુબોમ્બનો પ્રવેશ - ઉમેરો થયો છે ! હવે એકબાજુ એવી છાપ ઊભી કરવાના પ્રયાસ થાય છે કે હિન્દુ મંદિરોમાં ભ્રષ્ટાચાર છે ! પ્રસાદનાં બહાને બદનામ કરીને ધર્મની આસ્થા ડગાવી દેવાના પ્રયત્ન છે. અન્ય મંદિરોના પ્રસાદ અને મંદિર બહાર વેચાતી મીઠાઈની ગુણવત્તા તપાસવી જોઈએ**





તિરુપતિ - બાલાજીના મહાપ્રસાદના લાડુમાં ચરબીયુક્ત ઘી વાપરવામાં આવ્યું હોવાનું પકડાયા પછી પોલીસની વિશેષ ટીમ તપાસ કરી રહી છે. સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ છે, પણ તપાસ ચાલતી હોય ત્યાં સુધી સુપ્રીમ કોર્ટ દરમિયાનગીરી નહીં કરે. તિરુપતિ મંદિરનાં નામે અગાઉ પણ વિવાદ જાગ્યા હતા, પણ મહાપ્રસાદ ભ્રષ્ટ કરવાનું કૌભાંડ ગંભીર છે અને હવે રાજકારણની મિલાવટ થઈ રહી છે. વર્ષ ૨૦૧૯ની ચૂંટણી પહેલાં વિપક્ષીનેતા જગનમોહન રેડ્ડીએ આક્ષેપ કર્યો હતો કે તિરુપતિનો અમૂલ્ય હીરો ગુમ થયો છે, ત્યારે દેવસ્થાન બોર્ડે બદનક્ષીનો કેસ કર્યો હતો. રાજ્ય સરકાર બદલાયા પછી કેસ પાછો ખેંચી લેવાયો ! ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન આંધ્રપ્રદેશ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દ્વારા તિરુપતિ માટે બસ સર્વિસની ટિકિટો પાછળ ખ્રિસ્તી યાત્રાધામની જાહેરખબર છપાઈ હતી. તિરુપતિનાં માહાત્મ્યની વાંચનસામગ્રીનાં સાપ્તાહિક સાથે અન્ય ધર્મની પુસ્તિકાઓ મોકલાતી હતી અને વિરોધ થયો હતો. દરમિયાન, ભગવાનનાં માધ્યમથી ભક્તોને ધર્મભ્રષ્ટ કરવાની આ ચેષ્ટામાં હવે રાજકારણનો પ્રવેશ થયો છે ત્યારે સનાતન ધર્મ મંદિરોની રક્ષા માટે વિશેષ બોર્ડ રચવાની માગણી આંધ્ર-દેશની નાયડુ સરકારના નાયબ મુખ્યપ્રધાન પવન કલ્યાણે કર્યા પછી દેશભરમાં સમર્થન મળી રહ્યું છે. તિરુપતિ મંદિરનાં સંચાલન બોર્ડમાં રાજ્ય સરકારના પ્રતિનિધિ હોય છે. વિશ્વ હિન્દુ પરિષદે પણ સનાતન ધર્મસ્થાનોને દખલમુક્ત બનાવવા અભિયાન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. પૂર્વ મુખ્યપ્રધાન જગનમોહન રેડ્ડી (ખ્રિસ્તીધર્મી)એ કેથોલિક અફસરની નિમણૂક કરી ત્યારે ભારે વિરોધ થયો હતો, તેથી સાધર્મિક સભ્યની નિમણૂક હોય તો જ ધાર્મિક પરંપરા જળવાઈ શકે. આ દરમિયાન વક્ફ બોર્ડના કાયદામાં સૂચિત સુધારા સામે વિરોધ હોવાથી સંસદીય સમિતિમાં સુનાવણી ચાલે છે. અન્ય ધર્મના વહીવટ સ્વાયત્ત હોય છે - એમના સંપ્રદાય - ધર્મ મુજબ સંચાલન થાય છે, ત્યારે માત્ર સનાતન ધર્મનાં મંદિરોના વહીવટમાં સરકારી દખલ શા માટે ? આ વિષયમાં ચર્ચા શરૂ થઈ છે. મંદિરોની સંપત્તિ અને ચઢાવાની આવક અઢળક હોવાથી રાજકીય નેતાઓની દાનત બગડી છે. કર્ણાટકમાં કોંગ્રેસી મુખ્યપ્રધાને મંદિરોની આવક ઉપર વિશેષ ટેક્સ છે તેમાં વધારો કરતો ખરડો વિધાનસભામાં પેશ કર્યો છે. રાજ્યમાં ૧૫ લાખ મંદિર છે, આમાંથી ૩૬ હજાર મંદિર મુઝરાલ ધર્મસ્થાનકોના વિભાગ હેઠળ છે અને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યાં છે. ૨૫ લાખથી વધુ આવક, પાંચથી દસ લાખ રૂપિયાની આવક હોય તે અને પાંચ લાખથી ઓછી આવક હોય તેવાં મંદિર. આ મંદિરોની આવક પર પાંચ ટકા ટેક્સ હતો, તે વધારી ૧૦ લાખથી એક કરોડ અને તેથી વધુ આવક થાય તો દસ ટકા ટેક્સ ભરવો પડશે. આ રકમ ધાર્મિક પરિષદમાં જમા થશે અને હિન્દુ મંદિરોની વ્યવસ્થા અને પૂજારીઓનાં વેતન - કલ્યાણ માટે વપરાશે એમ રાજ્ય સરકાર કહે છે, પણ હિન્દુ સમાજને સરકારનાં વચન ઉપર વિશ્વાસ નથી. ભૂતકાળમાં મુસ્લિમ શહેનશાહોએ હિન્દુ સમાજ ઉપર જઝિયા જકાત નાખી હતી, તેની યાદ અપાવાય છે. વાસ્તવમાં કર્ણાટક સરકારે મંદિર - ટેક્સથી કેટલી આવક થશે તેનો અંદાજ આપવો જોઈએ. મુખ્ય - ' એ છે કે અન્ય ધર્મસ્થળોની આવક ઉપર કોઈ ટેક્સ છે ખરો ? સર્વ ધર્મ સમાન છે ? બંગાળમાં મુખ્યપ્રધાન મમતા બેનરજીએ વોટ બેન્ક વિસ્તારવા માટે મૌલવીઓને પગાર અને પેન્શનની જોગવાઈ કરી હોવાના અહેવાલ પણ આવ્યા છે ! સનાતન ધર્મ પુરાતન છે, મંદિરો અને ભક્તોની વિશાળ સંખ્યા છે. સંપત્તિ સૈકાઓથી વધી છે. તાજેતરમાં ઓરિસ્સાનો રત્ન ભંડાર ખોલીને ગણતરી કરવાનો નિર્ણય હતો - પુરાતન વિભાગને ભંડારના ઓરડાઓની સમારકામની જવાબદારી સોંપાઈ છે. રત્ન ભંડારની રખેવાળી નાગદેવતા કરે છે એવી માન્યતા હોવાથી તપાસ અધિકારીઓ સાથે સર્પનિષ્ણાતોની ટીમ પણ હતી. જો કે, આ માન્યતા ખોટી હતી. હવે સંપત્તિની ગણતરી હાથ ધરવામાં આવશે. સનાતન ધર્મની સંપત્તિ અને સમૃદ્ધિ ઉપર સેક્યુલર સરકારનો ડોળો હતો અને છે.

**વિશ્લેષણ**
**કુન્દન વ્યાસ**

મંદિરોની આવકનો સદ્ઉપયોગ સમાજમાં શિક્ષણ - સ્વાસ્થ્યસેવા માટે વપરાઈ રહ્યો છે. મુંબઈનાં શ્રી સિદ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટમાંથી ધર્મના ભેદભાવ વિના મદદ મેળવનારા મુસ્લિમો પણ છે. તિરુપતિ અને અન્ય સમૃદ્ધ મંદિરો પણ સમાજના વિકાસ માટે સહાય કરે છે. હવે વિકાસમાં ભાગીદાર બનવું જોઈએ. તિરુપતિના લાડુ પછી સિદ્ધિવિનાયક મંદિરનો પ્રસાદ - લાડુ હતા, ત્યાં મૂષક થેલીમાંથી નીકળ્યાના વીડિયો વાયરલ થયા કે કરવામાં આવ્યા, તેની પણ તપાસ થઈ રહી છે. મંદિરના ટ્રસ્ટી કહે છે બદનામી કરવા માટે હવે કાવતરાં થઈ રહ્યાં છે.

સેક્યુલરવાદ, હળવાં હિન્દુત્વ અને પછી મોદી - યોગી સામે જેહાદ જગાવાઈ રહી છે, તેમાં લાડુબોમ્બનો પ્રવેશ - ઉમેરો થયો છે ! હવે એકબાજુ એવી છાપ ઊભી કરવાના પ્રયાસ થાય છે કે હિન્દુ મંદિરોમાં ભ્રષ્ટાચાર છે ! પ્રસાદનાં બહાને બદનામ કરીને ધર્મની આસ્થા ડગાવી દેવાના પ્રયત્ન છે. અન્ય મંદિરોના પ્રસાદ અને મંદિર બહાર વેચાતી મીઠાઈની ગુણવત્તા તપાસવી જોઈએ.

તિરુપતિની ઘટના પ્રકાશમાં આવી હોત નહીં તો પણ આ જવાબદારી પ્રશાસનની છે. રાજધાની દિલ્હીમાં પણ વોશિંગ પાઉડર અને શેમ્પૂથી બનેલાં નકલી દૂધ પકડાયાં છે. ખાદ્યપદાર્થોમાં ભેળસેળ - મિલાવટની ફરિયાદ નવી નથી. હવે રાજકારણની મિલાવટ થઈ છે ! ચંદ્રાબાબુ નાયડુએ તપાસ અહેવાલ આવ્યા પછી બે મહિના સુધી જાહેર કેમ કર્યું નહીં ? આંધ્રમાં એમને મુસ્લિમ વોટ પણ મળ્યા છે, ત્યારે મોદી સરકારના હિન્દુત્વ એજન્ડા - વક્ફ સુધારા વગેરેને ટેકો નહીં મળે એવી હવા હતી, પણ તિરુપતિની ઘટના પછી નાયડુએ હિન્દુ વોટ બેન્ક પાક્કી કરી છે, જેથી ભાજપ તેમાં ભાગ પડાવે નહીં ! સંસદીય સમિતિએ વક્ફ મિલકત વેરામાં પ્રસ્તાવિત સુધારા બાબત જનતાના અભિપ્રાય મગાવ્યા હતા, તેમાં દોઢ કરોડથી વધુ નીકળ્યા હોવાથી એક ધર્મના અનુયાયીઓએ દેશ - વિદેશથી અભિપ્રાય મગાવ્યા હોવાની આશંકા છે. આ બાબતે પણ હવે તપાસની માગણી થઈ છે. નાયડુના નાયબ મુખ્યપ્રધાન પવન કલ્યાણનો અલગ પક્ષ - જનસેના પાર્ટી છે.

વડાપ્રધાન મોદી એમને પવન નહીં આંધી કહે છે. એમણે સનાતન ધર્મ રક્ષણ બોર્ડ રચવાની માગણી કરી છે.

મુસ્લિમ અને શીખ માટે પણ ગુરુદ્વારા પ્રબંધક કમિટી હોય તો સનાતન ધર્મ માટે કેમ નહીં ? લાડુની ધર્મભ્રષ્ટ ઘટના પછી એમણે પ્રાયત્તિ કરવા માટે અગિયાર દિવસ અનશન - પૂજાની જાહેરાત કરી. વિજયવાડામાં કનક દુર્ગા માતાનાં મંદિરનાં પગથિયાં ધોવાની સેવા આપી. તેલુગુદેશમના સિનિયર નેતાઓ માને છે કે હિન્દુ મંદિરો ઉપર થતા હુમલાનો પ્રતિકાર કરવા વ્યવસ્થિત કાયમી બોર્ડની નિમણૂક થવી જોઈએ. - ભારતનાં શ્રીમંત મંદિરો પદ્મનાભસ્વામી ટેમ્પલ ભારતનું જ નહીં, વિશ્વનું સૌથી તવંગર મંદિર છે, જેની અસ્કયામતોનો આંકડો રૂા. ૧.૨૦ લાખ કરોડની આસપાસ છે, જેમાં સોનાંની મૂર્તિઓ, સુવર્ણ અલંકારો, રત્નો, હીરા, ચાંદી તથા પિત્તળનો સમાવેશ થાય છે. - તિરુપતિ બાલાજી દસમી સદીમાં તિરુમાલા ટેકરીઓમાં બનેલું આ મંદિર ભારતનું સૌથી તવંગર મંદિર છે. દરરોજ ૩૦,૦૦૦ દર્શનાર્થીઓ આશરે રૂા. ૪૯ કરોડ શ્રી વેંકટેશ્વર સ્વામીનાં ચરણે ધરે છે. - ગુરુવાયુર દેવાસ્વોમ કેરળનાં આ કૃષ્ણ મંદિરના દૈનિક મુલાકાતીઓનો આંકડો પચાસ હજાર જેટલો છે અને અઢી હજાર કરોડ રૂપિયાની સંપત્તિ મંદિર ધરાવે છે. - વૈષ્ણોદેવી મંદિર જમ્મુ સ્થિત ત્રિકૂટ પર્વત પર બિરાજતાં વૈષ્ણોદેવી મંદિરમાં તિરુપતિ પછી સૌથી વધુ સંખ્યામાં આસ્થાળુઓ પહોંચે છે. દર વર્ષે રૂા. ૫૦૦ કરોડથી વધુનું દાન આ મંદિરને મળે છે. - શિરડીના સાંઈબાબા મહારાષ્ટ્રનાં શિરડીમાં સાંઈબાબા મંદિરને કારણે અહીં રેલવે સ્ટેશન, એરપોર્ટ અને હેલિકોપ્ટરની વ્યવસ્થા પણ છે. મંદિરની નેટવર્થ રૂા. ૧૮૦૦ કરોડ છે અને તેના ભંડારમાં ૩૮૦ કિલો સોનું હોવાનો અહેવાલ છે. - સુવર્ણ મંદિર, અમૃતસર નામ મુજબ સોનાંથી શોભતાં આ શીખ મંદિરમાં આશરે ૪૦૦ કિલોગ્રામ સોનાંનો ઉપયોગ થયો છે. સુવર્ણ મંદિરની વાર્ષિક આવક રૂા. ૫૦૦ કરોડ છે. - સબરીમાલા મંદિર અહીં યાત્રાની મોસમ દરમિયાન રૂા. ૨૩૦ કરોડ આસપાસ દાનમાં મળે છે. - સિદ્ધિવિનાયક મંદિર મુંબઈનાં આ મંદિરની નેટવર્થ રૂા. ૧૨૫ કરોડની આસપાસ છે. - મદુરાઈનું મીનાક્ષી મંદિર રોજના વીસ હજાર દર્શનાર્થીઓ આવે છે અને આશરે છ કરોડ રૂપિયાની આવક થાય છે. - જગન્નાથ મંદિર ચારધામમાંનાં એક એવાં પુરીનાં આ મંદિરની માલિકીની ૩૦,૦૦૦ એકરથી વધુ જમીન છે, જે ભગવાન જગન્નાથનાં નામે રજિસ્ટર્ડ છે.

# પ્રેમ તૂટે, લગ્ન તૂટે કે સંબંધ તૂટે : શું એ દરેક કિસ્સામાં માત્ર પુરુષ જ જવાબદાર હોય ?

**અખબારો કે લોકો માને એટલો પુરુષ ખરાબ નથી : માન્યું કે તમે તમારા સંબંધમાંથી છૂટા થાઓ છો. પરંતુ છૂટા થાઓ છો એટલે હવે પુરુષ દુષ્કર્મ કરનારો નહીં બની ગયો કહેવાય !**



આજકાલ સંબંધો અત્યંત ઉપરછલ્લા થઈ ગયા છે. એક સમય હતો જ્યારે સંબંધ તૂટતો કે લગ્ન તૂટતા ત્યારે હોહા થઈ જતી. આવું કશુંક થાય તો લોકો છોછ પણ અનુભવતા. અને એ છોછને કારણે પણ ઘણીવાર લોકો સંબંધ નિભાવી લેતા ! જોકે અહીં નકામો સંબંધ નિભાવી લેવાની સલાહ નથી આપવી. પરંતુ વાત મુદ્દો એ છે કે હવે સંબંધ તૂટવું કે છૂટા થઈ જવું એ અત્યંત સહજ બની ગયું છે ઠીક છે. સમાજની એ વૃત્તિને આપણે આધુનિક સમાજ વ્યવસ્થા તરીકે સ્વીકારી લઈએ. પરંતુ એ આધુનિક સમાજ વ્યવસ્થાના અન્યાય તરીકે જે સ્વીકારવાનું નથી થતું તે એ છે કે જો સંબંધ તોડો જ છો અથવા તો સંબંધ તૂટે જ છે તો પછી પ્રેમ અને સમજદારી પૂર્વક આગળ પણ વધી જવું ! પછી પોતાને હવે સંબંધ રહ્યો જ નથી તો સામેના માણસને રંજાડવાના આશયથી તેની બદનામી માટે તે વ્યક્તિને કાયદાકીય રીતે ત્રાસ આપવાથી કોઈક પગલું ભરો તો એ ન ચાલે.

આ કથા માંડી એટલા માટે કે આજકાલ અખબારો કહેવાતા ડોમેસ્ટિક વાયોલન્સ કે કહેવાતા દુષ્કર્મના બનાવોથી ઘણા ઉભરાઈ રહ્યા છે. લગભગ રોજ એકાદ સમાચાર તો વાંચવા મળે જ, જેમાં એમ લખાયું હોય છે કે 'લગ્નની લાલચ આપી પ્રેમી દુષ્કર્મ કરતો રહ્યો.' અથવા તો આપણને એમ વાંચવા મળે કે 'મોટા મોટા સપનાં દેખાડી યુવતીને હવસનો ભોગ બનાવાઈ'. આવા સમાચારોમાં એક સામાન્ય પ્રશ્ન એમ ઊઠે કે શું યુવતી મહિનાઓ સુધી કોઈ યુવકની હવસનો શિકાર થઈ હશે? શું તેની સાથે જે થતું રહ્યું એ બધુ દુષ્કર્મ હતું?

હશે એવા હવસખોરો, શોષણખોરોના કિસ્સા. એવા કિસ્સામાં કોઈ પણ સંજોગમાં પીડિતાને ન્યાય મળવો જ જોઈએ. પરંતુ છાસવારે આવા કિસ્સા પ્રકાશમાં આવે તો એનું શું કરવું? અને દર વખતે પુરુષ જ દુષ્કર્મ હતો તો પછી સ્ત્રીએ રાજીખુશીથી બાંધેલા શારીરિક સંબંધનું શું? પુખ્તવયની વયે બંને પક્ષની મરજીથી થયેલી ક્રિયાઓ સંબંધ તૂટે ત્યારે એનું સ્વરૂપ બદલી લે? અને જો સ્વરૂપ બદલી લે તો પછી એ સ્વરૂપ મહિલા તરફી જ શું કામ હોય છે ? એવા સંબંધ તૂટે પછી ચગાવાતા કિસ્સાઓમાં ક્યારેય સ્ત્રી શું કામ પુરુષને સપનાં બતાવીને તેના પર દુષ્કર્મ નથી કરતી ? શું પુરુષ અખબારવાળા માને છે એટલો ખરાબ છે ?

**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

પણ નહીં. અખબારો કે લોકો માને એટલો પુરુષ ખરાબ નથી. પરંતુ તેને અને તેના પરિવારને ઈરાદાપૂર્વક ટાર્ગેટ કરવામાં આવે છે અને એ રીતે તેને બદનામ કરવામાં આવે છે. પરંતુ હવે કોર્ટ અત્યંત સજાગ થઈ છે. સંબંધ તૂટવાની આવી કોઈ પણ ઘટનામાં કોર્ટ ફરિયાદ દાખલ કરનારને પૂછા નાંખે છે. કે દુષ્કર્મને તમે કઈ રીતે ડિફાઈન કરો છો ? માન્યું કે તમને કોઈક મુદ્દે ડિફ્રન્સ ઓફ ઓપિનિયન થયા હશે. માન્યું કે તમને ક્યાંક નહીં ફાવ્યું હોય. અને એ પણ માન્યું કે તમે તમારા સંબંધમાંથી છૂટા થાઓ છો. પરંતુ છૂટા થાઓ છો એટલે હવે પુરુષ દુષ્કર્મ કરનારો નહીં બની ગયો કહેવાય ! તમારે એ પ્રુવ પણ કરવું જોઈએ કે પુરુષે દુષ્કર્મ કર્યું ત્યારે તમારા પર શું શું અત્યાચારો થયા, કઈ રીતે ત્રાસ અપાયો. તમે અત્યાર સુધી કયા કારણોસર આ બધુ વેઠતા રહ્યા ? અને ખાસ તો વેઠતા હતા ત્યારે તમે ભૂમિકા શું ભજવતા હતા? ભારે હૈયે વેઠતા હતા? કે તમે સહકાર પણ આપતા હતા? આ પ્રશ્નોના ચોક્કસ જવાબો હોય તો એ પુરાવા કહેવાય અને જો એ પુરાવા હોય તો પુરુષને ફાંસીએ લટકવવો જોઈએ. પરંતુ જો માત્ર બદનામીના આશયથી આવું થતું હોય તો આરોપ કરનારા હલકી માનસિકતાના ગુનેગાર કહેવાય. આખરે તેણે પોતાના સંબંધની, પોતાના ભૂતકાળની આમાન્યા તો ના જ જાળવી, પરંતુ તેમણે સમાજમાં પણ અત્યંત ખોટો ચીલો ચાતર્યો કહેવાય !

# વિશ્વ ચેસ ચેમ્પિયનશિપ : ભારતીય બુદ્ધિધનનો પરિચય

**ચેસની રમત ધીરજ, માનસિક સક્રિયતા અને વ્યુહ રચનાની રમત છે. વિશ્વ ચેસ ટીમ ચેમ્પિયનશીપ - ૨૦૨૪માં ૧૯૦ દેશોને હરાવીને ભારતે પુરુષો અને સ્ત્રીઓના વિભાગોમાં Gold Medal જીતીને ચેસની દુનિયામાં ભારતનું નામ ગર્વથી રોશન કર્યું છે પણ કોઈપણ સફળતા રાતોરાત મળતી નથી. એના માટે અસંખ્ય દિવસોની ધીરજ અને સાતત્યપૂર્ણ પ્રયત્નો જરૂરી છે એ વાત આ સફળતા સમજાવે છે**



चतुरङ्गक्रीडायामभूत्संपत्तिर्विजयस्तस्य। અર્થાત્ ચતુરંગથી સંપત્તિ અને વિજય પ્રાપ્ત થયા. હર્ષચરિતમાં પ્રાપ્ત થતું આ વાક્ય તે જમાનામાં ચતુરંગ અર્થાત્ ચેસની રમતનું મહત્વ સમજાવે છે. ચેસની રમતનો ઉદ્ભવ ભારતમાં થયો છે એવું વિદ્વાનોને સમ્મત છે. મહાભારતમાં પાંડવોની હારનું કારણ આ ચતુરંગ છે. જોકે શતરંજ અને ચેસમાં સહેજ અંતર છે. છતાં પણ આજની ચેસનો પ્રેરણાસ્રોત ચતુરંગ જ છે. ભારતે દુનિયાને આપેલી વિવિધ ભેટમાંથી ચેસની ભેટ પણ અમૂલ્ય છે.

જોકે આપણે દુનિયાને કંઈક આપ્યા પછી દુનિયા પાસેથી તે જ વસ્તુ થોડાં નવા સ્વરૂપે મેળવીને વધારે ગૌરવ અનુભવીએ છીએ. જે ગૌરવ ખરેખર તો આપણા મૂળસ્રોતનું હોવું જોઈએ. ચેસની રમત પણ ભારતે આપેલી અને ભારતને દુનિયાએ નવું સ્વરૂપ આપીને પરત કરેલ ભેટ છે. જેમાં હાલમાં ભારતે ડંકો વગાડ્યો છે. ભારતના લબરમુછીયાઓએ દુનિયાનાં અનુભવી લોકોને ચેસ જેવી માનસિક-બૌદ્ધિક રમતમાં પરાસ્ત કર્યા છે. આથી જ વિશ્વનાથન આનંદી કહ્યું છે કે ભારતીય ચેસ માટે આ સુવર્ણ સમયગાળો છે. ભારતના મહાન ચેસ ખેલાડી ગ્રાન્ડમાસ્ટર વિશ્વનાથન આનંદે ભારતીય ચેસને ઐતિહાસિક સિદ્ધિ અપાવ્યા બાદ થોડા સમય માટે આ ક્ષેત્ર થોડું વિસરાયું હતું પણ ફરી પાછા આપણા ખેલાડીઓએ વિશ્વ ચેસ ટીમ ચેમ્પિયનશીપ - ૨૦૨૪માં ૧૯૦ દેશોને હરાવીને Gold Medal જીતીને ચેસની દુનિયામાં ભારતનું નામ ગર્વથી રોશન કર્યું છે. ડી ગુકેશ, અર્જુન એરીગેસી અને આર પ્રજ્ઞાનંદાની યુવા ત્રિપુટીએ ૧૯૭૨ પછી ભારતને પુરુષોની શ્રેણીમાં પ્રથમ સુવર્ણચંદ્રક અપાવ્યો, જ્યારે મહિલા ટીમે પણ પોતાની ઐતિહાસિક જીત નોંધાવીને ભારતીય મહિલા પ્રત્યેક ક્ષેત્રમાં પોતાની છાપ છોડી શકે છે એવી સાબિતી આપી છે. ભારતીય ચેસના સૌથી તેજસ્વી ચહેરા ગણાતા વિશ્વનાથન આનંદની ચેસ એકેડમીમાંથી જ આ બધાં યુવાન રમતવીરો ચેસ શીખીને ભારતને ગૌરવ અપાવાની સાથેસાથે વિશ્વનાથન આનંદના વારસાને આગળ વધારી રહ્યા છે.

**મનનમ્**




**યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

વિશ્વ ચેસ ચેમ્પિયનશિપમાં ભારતે મેળવેલી આ ભવ્ય જીત ભારતીય બુદ્ધિ ધનનો પરિચય કરાવે છે. ચેસ એ બૌદ્ધિક રમત છે, જે ભારતનાં યુવાનોનો નવો શોખ બની રહ્યો છે. વળી આ રમત માટે ટેકનોલોજી અને ઈન્ટરનેટનો વિકાસ પણ ઉપકારક સાબિત થઈ રહ્યો છે. ચેસને સમજવા-શીખવા અને તેના પ્રત્યેનું આકર્ષણ વધારવામાં આ માધ્યમો યુવાનોને મદદરૂપ બની રહ્યા છે. ચેસ સાથેના ઐતિહાસિક સંબંધ ધરાવતા ભારતના યુવાનોમાં આ રમતનાં ક્ષેત્રમાં વૈશ્વિકસ્તરે ડંકો વગાડ્યો છે. જે ખરેખર ગૌરવની બાબત છે. માત્ર ક્રિકેટને જ ધર્મ માનીને જીવનારા દેશમાં યુવાનોમાં ચેસ જેવી બૌદ્ધિક રમત પ્રત્યે વધી રહેલું આકર્ષણ એ ખરેખર પ્રશંશનીય છે. તે માટે ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન (AICF)ની નીતિઓ અને ટેક્નોલોજીના માધ્યમથી ચેસના વિવિધ કાર્યક્રમો ચાલી રહ્યા છે. જેના દ્વારા યુવાનો આ રમતમાં વધુ મનોરંજન અને કૌશલ્ય પ્રાપ્ત કરી રહ્યાં છે. ચેસને પ્રોત્સાહન મળે તે માટે કેટલાંક રાજ્યોની શાળાઓમાં પણ ચેસનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેનાથી બાળકોના બૌદ્ધિક વિકાસમાં મદદ પ્રાપ્ત થાય. આ રમતથી માનસિક સક્રિયતા, ધીરજ અને વ્યૂહરચનાના કૌશલ્ય વિકસે છે. જે શિક્ષણના અન્ય ક્ષેત્રોમાં પણ મદદરૂપ બને છે. હાલમાં ચેસમાં ભારતે મેળવેલી ઉપલબ્ધિની સાથે જ ચેસ ચેમ્પિયનશિપમાં ડંકો વગાડનારા યુવાનો સેલિબ્રિટી બની ગયા છે. એમના અનેક ઈન્સટા-રીલ્સ ફરતા થયા છે અને યુવાનોમાં તેમનું માત્ર આકર્ષણ વધી રહ્યું છે. હાલમાં સોશિયલ મીડિયાનું ધ્યાન એમના ઉપર પડ્યું છે પણ ચેસની રમત ધીરજ, માનસિક સક્રિયતા અને વ્યુહ રચનાની છે. જેની સમજ આ રમતવીરોને તો છે જ પણ અન્ય યુવાનો પણ એ બાબતે જાગૃત થાય એ જરૂરી છે. કારણ કે કોઈપણ સફળતા રાતોરાત મળતી નથી. ડી. ગુકેશ કે પ્રજ્ઞાનંદ રાતોરાત બનતા નથી, એના માટે અસંખ્ય દિવસોની ધીરજ અને સાતત્યપૂર્ણ પ્રયત્નો જરૂરી છે. ચેસ એ સાતત્યપૂર્ણ છતાં ધીરજથી પ્રયત્ન કરવાનું માર્ગદર્શન કરતી રમત છે. એટલે જ માત્ર ક્રિકેટને ધર્મ ગણવાને બદલે આવી બૌદ્ધિક રમતો પ્રત્યે પણ યુવાનો આકર્ષિત થાય એ હેતુથી એક કદમ આપણે તો બે કદમ સરકાર ભેગા મળીને ચાલીશું તો ભારત બૌદ્ધિક રમતના ક્ષેત્રમાં પણ દીર્ઘકાળ સુધી પોતાની સિદ્ધિઓ અંકિત કરી શકશે, સાચું ને ?

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913


# ધરમપુરમાં રાજ્યની ગાથા ઉપર ૩૫૧ ગરબાનું ૯૩ વર્ષ જૂનું પુસ્તક 'શ્રી વિજયરત્ન ગરબાવળી' આજે પણ પાલિકામાં અકબંધ



**રાજકુમારી જશવંતબા કુમારી જેમના દ્વારા ૩૫૧ ગરબાની રચના કરવામાં આવી હતી જે 'ગરબા વળી' નામનુ પુસ્તક આજે પણ પાલિકાની લાઈબ્રેરીમાં અકબંધ છે**



(ભરત પાટીલ દ્વારા )

## ૯૩ વર્ષ પહેલા ૩૫૧ ગરબાની રચના કરનારા રાજકુમારી જસવંતકુમારી બાના સુપુત્ર શ્રી ધર્મેન્દ્રસિંહ પરિહાર (ધર્મુ દાદા) આજે પણ ધરમપુરના ગાર્ડન રોડ પાસે નિવાસસ્થાન ધરાવે છે

**ધરમપુર, તા.૨૯ :** ધરમપુર સ્ટેટમાં સીસોદીયા વંશના આખરી રાજવી સને ઈ.સ. ૧૯૨૧થી ૧૯૫૦ સુધી રાજ કરનાર શ્રીમંત માહારાણા શ્રી વિજયદેવજીની દીકરી રાજકુમારી જશવંતકુંવરબાને સંગીત અને ગરબા તરફ પ્રીતી હોવાથી ધરમપુર સ્ટેટ અને એમના પિતા રાજવી શ્રી વિજયદેવજી પ્રત્યે ખુબ ભાવ આદર હોવાને કારણે એમના માનમાં ગરબાનું પુસ્તક બનાવવાનો વિચાર આવ્યો જેથી એમણે ૩૫૧ ગરબાની રચના કરીને શ્રી વિજયદેવજી ગરબા વળી નામનું લઘુ પુસ્તક લખી ધરમપુર સ્ટેટ પ્રિન્ટિંગ પ્રેસમાં છપાવી (માર્ગ શીર્ષ વદી ૧ વિક્રમ સંવત ૧૯૮૭) તા.૨૧/૧૧/૧૯૩૦ દિને આ પુસ્તકને સ્વસ્થાન ધરમપુર સ્ટેટને અર્પણ કર્યું હતું. આ પુસ્તકને હાલે ૯૩ વર્ષ પુરા થયા છે. પુસ્તકમાં ભાગ ૧ માં ૫૧, ભાગ ૨ માં ૩૦૦ ગરબા કુલ ૩૫૧ ગરબા ધરમપુર સ્ટેટનો વૈભવ, ઈતિહાસ અને રાજવીઓની મહિમા ઉપર લખાયેલા છે. આ ગરબા ક્યા રાગમાં ગવાય એનો પણ ઉલ્લેખ કરેલ છે. અહીં એ આ નોંધનીય છે કે, રાજવી શ્રી વિજયદેવજીના દીકરી રાજકુમારી જશવંતકુમારીબાના લગ્ન નાગોદ સ્ટેટ, મધ્ય પ્રદેશના રાજવી હીસ હાઈનીસ મહારાજા શ્રી મહેન્દ્રસિંહજી પરિહાર સાથે થયેલા હતાં. એમના દીકરા શ્રી ધર્મેન્દ્રસિંહ પરિહાર (ધર્મુ દાદા) હાલે ધરમપુર નગરમાં જ રહે છે. જેઓને પોતાની માતૃશ્રી દ્વારા ગરબાની રચના કરવામાં આવેલ પુસ્તક વિશેની ગ્રંથપાલ નિમેષ ભટ્ટ દ્વારા જાણ કરાતા ધર્મુ દાદા દ્વારા રાજીપો વ્યક્ત કરાયો હતો. આ દુર્લભ્ય પુસ્તકની ધરમપૂર નગરપાલિકા સંચાલિત શ્રીમંત મહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરીમાં સંદર્ભ વિભાગમાં સારી રીતે જાળવણી થયેલ છે.આ પુસ્તકના પ્રાચીન ગરબા નવરાત્રીમાં ધરમપુરમાં ગવાય તો ધરમપુર સ્ટેટ અને રાજવીઓનો ઈતિહાસ વિશે હાલની પેઢી જાણી શકે એમ છે દસોદી ફળિયાના હિતેશભાઈ વ્યાસ તેમજ કમલેશભાઈ સોનકરે જણાવતા ધરમપુર નગરમાં અગાઉ પ્રભુ ફળિયા વિમળેશ્વર મંદિરની સામે વર્ષો પહેલા જુના પ્રાચીન ગરબા ગવાતા હતાં. જયારે નવરાત્રીમાં અત્યારે પણ કાનુન બરડા આહિર ફળિયા, આસુરા ચોકડી સહિત દસોદી ફળિયામાં આજે પણ સાદગીથી ઢોલકની તાલે જુના ગરબા ગાવાની પરંપરા ચાલી રહી છે. ગવાતા ગરબામા સાખી પણ ગવાતી હોય છે જેની ખાસિયત છેકે ચાલુ ગરબામા બે લાઈન ગવાયા બાદ થોડુ અટકી જઈ ફરી ગરબા પ્રક્રીયા ચાલતી હોય છે જે ખરેખર દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં જુની પરંપરા અનુસાર વર્ષોથી ગવાતા ગરબાની સંસ્કૃતિ જાળવી રાખતા ગૌરવ ભરી બાબત કહી શકાય.

# કપરાડા-ધરમપુરમાં બાલવાટિકાના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોઢા, તા.૨૯ :** કપરાડા-ધરમપુર તાલુકામાં મુખ્યત્વે આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ બાલવાટીકામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છે. ત્યારે તેઓને શિષ્યવૃત્તિથી વંચિત રાખવામાં આવ્યા છે. જે અંગે બાલવાટીકાના વિદ્યાર્થીઓને પણ શિષ્યવૃતિ મળે એ સંદર્ભે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ વલસાડ જિલ્લા દ્વારા રાજ્ય મહા સંઘને રજુઆત અંગેનો પત્ર લખ્યો છે. અને રાજ્ય શૈક્ષિક મહા સંઘ ગુજરાત સરકારને જાણ કરે

પ્રિ- મેટ્રીક શિષ્યવૃતિ યોજના ગણવેશ/શિષ્યવૃત્તિ ૨૦૨૪-૨૫માં ST/SE/OBC/GENERAL ને બાલવાટિકા બાળકોને શિષ્યવૃતિ મળવી જોઈએ.

ઉલ્લેખનીય પત્રમાં જણાવ્યું છે કે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ વલસાડના અધ્યક્ષ/મહામંત્રી અને હોદેદારોનું લખી જણાવવાનું કે, સરકાર મારફત રાજ્યની તમામ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે જે સારી બાબત છે. પરંતુ સરકારએ રાજ્યમાં ગત વર્ષથી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં બાલવાટીકા શરુ કરેલ છે. જે સારી બાબત છે. જેમાં સરકારની સૂચના મુજબ રાજયની દરેક શાળામાં શૈક્ષણિક કાર્ય થઈ રહ્યું છે. જ્યારે ઉપરોક્ત વિષય પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ યોજના (ગણવેશ/ શિષ્યવૃતિ ૨૦૨૪-૨૫માં ST/SC/OBC/ GENERના બાલવાટીકામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને ગણવેશ/શિષ્યવૃત્તિના લાભથી વંચિત છે. માટે ઉપરોક્ત વિષય તથા વિગત ધ્યાનમાં લઇ રાજયના બાલવાટીકાના નિર્દોષ બાળકોને સદર લાભ મળી શકે તે માટે આપની કક્ષાએથી યોગ્ય રજુઆત કરવા નમ્ર વિનંતી છે. જે બાબતે પત્ર લખાયો છે.

### હજી વરસાદ આવશે તો

# કપરાડા-ધરમપુરમાં ડાંગર પાકને ભારે નુકસાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા.૨૯ :** કપરાડા-ધરમપુર તાલુકામાં હાલે ડાંગર પાક તૈયાર થઈ જતા ખેડૂતો કાપણી કરવાની પૂર્વ તૈયારી આદરી રહ્યા છે. પરંતુ હાલ આ વર્ષે વરસી રહેલા વરસાદના કારણે હજી પણ વરસાદ આવશે તો ભારે નુકસાન થઈ શકે એવી ચિંતા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ખેડૂત મિત્રોએ જણાવ્યું છે કે ધરમપુર કપરાડા તાલુકાના વિસ્તારમાં હાલે ડાંગર પાક પૂર્ણપણે તૈયાર થઈ ગયું છે અને તેમ છતાં પણ હાલે વરસાદ વરસી રહ્યો હોવાના કારણે નુકસાન થવાની ભીતિ સર્જાઈ રહી છે. તેમ છતાં પણ હાલે આ વરસાદ ખુલી જાય તો વધુ સારું નહીં તો જો આવનારા દિવસોમાં પણ હજી વરસાદ સતત ચાલુ રહેશે તો ડાંગર પાકને ભારે નુકસાન થવાની શક્યતા જણાવી રહ્યા છે. સાથે જો વરસાદ ચાલુ રહેશે તો ઉભો પાક ઉગી નીકળવાની પણ શક્યતા રહેલી છે. તેમજ આ વર્ષે ડાંગર પાક વહેલો તૈયાર થઈ જવા પામ્યો છે. ગત વર્ષે વરસાદ વહેલો ખેંચાવાના કારણે કેટલાક ખેડૂત મિત્રોએ ઓછા દિવસો દરમિયાન ડાંગર પાક તૈયાર થાય તે પ્રકારનું બિયારણ લઈ રોપાણ કરવામાં આવ્યું હતું અને જેના કારણે હાલે સતત વરસી રહેલા વરસાદના કારણે ડાંગર પાક તૈયાર થઈ જતા નુકસાન થવાની ચિંતા સેવી રહ્યા છે.

# સુખાલાની પ્રા. શાળામાં ઓરડાના અભાવે બાળકોને શિક્ષણ માટે પુરતો સમય મળતો નથી

**જર્જરિત ભયજનક મકાનના ૭ ઓરડા તોડી પાડવા સરકારે જાહેર કરેલ છે જેથી માત્ર હાલમાં બે જ ઓરડામાં બાળકોને બેસાડવા અશક્ય છે**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોઢા, તા.૨૯ :** સુખાલા ગામની વિજ્ઞાન -યોગ શાળા સુખાલા ખાતે આર્થિક રીતે ગરીબ પરિવારના ધોરણ ૧ થી ૮ અને બાલવાટિકાના નાના બાળકો સાથે મળી ૨૧૬ બાળકો -ાથમિક શાળામાં પાયાનું શિક્ષણ મેળવી રહ્યા છે. પરંતુ આટલા બાળકોને બેસાડવા માટે ૮ ઓરડાની સુવિધા જરૂરી છે. પરંતુ જર્જરિત ભયજનક મકાનના ૭ ઓરડા તોડી પાડવા સરકારે જાહેર કરેલ હોવાથી આ ૭ ઓરડામાં બાળકોને બેસાડવાની મનાઈ છે. જેથી માત્ર હાલમાં ઉપલબ્ધ ૨ જ ઓરડામાં બાળકોને બેસાડવા અશક્ય છે. જેથી પાળી પદ્ધતિ એટલે સવારે ૭.૨૦ થી ૧૨.૧૫ સમયે ધોરણ ૬,૭ અને ૮ ના અને બપોર પછી ૧૨.૧૫ થી ૧૭.૩૦સમય સુધી ધોરણ ૧થી૫ અને બાલવાટિકાના નાના બાળકોને અભ્યાસ માટે શાળામાં બોલાવવામાં પડે છે. જે માટે શાળાના આચાર્ય હરેશ પટેલે સુખાલા ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં લેખિત રજૂઆત કરી કે ઓરડાના અભાવે બાળકોને પૂરતો સમય શિક્ષણ માટે મળતો નથી જે એક ગંભીર બાબત છે.

બાળકોને પૂરતો સમય આપવા માટે પાળી પદ્ધતિ બંધ કરવી જરૂરી છે. અને તે માટે ૨ બે મકાનના ધાબા ઉપર દીવાલ કરવાની ખાસ જરૂર છે. તે માટે ગ્રામ પંચાયત સુખાલાની સામાન્ય સભામાં આચાર્ય હરેશ પટેલે ૧,૮૫,૫૦૦ એક લાખ પંચ્યાસી હજાર પાંચસો ગ્રાન્ટ જેતે હેડે બાળકોના હિતમાં ફાળવવા ખાસ ભાર મૂક્યો હતો .જે સામાન્ય સભાએ રજૂઆતનો સ્વીકાર કર્યો હતો.અને આગળની કાર્યવાહી હાથ ધરવા હૈયાધરપત આપી છે.હવે જોવું રહ્યું કે બાળકોની સમસ્યા કેટલી જલ્દી હલ થશે? અગર આ સમસ્યા હલ નહિ થશે તો બાળકોને પૂરતા સમયથી વંચિત રાખનાર જવાબદેહી કોણ લેશે?

# સિલ્ધા હાઈ. સંગીત ગાયન સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોઢા, તા.૨૯ :** એસવીએસ કક્ષાના કલા ઉત્સવ સ્પધર્ધાઓ અંતર્ગત સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા, સિલ્ધા તા. કપરાડા, સંગીત -ગાયન સ્પર્ધા માધ્યમિક વિભાગમાં ધોરકા - ૯ની વિદ્યાર્થીની વાડકર રંજનાબેન કાન્તુભાઈએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો અને ચિત્ર સ્પર્ધામાં (ઉચ્ચતર વિભાગમાં ધોરણ- ૧૨ ની વિદ્યાર્થીની ખાલિયા દિપિકાબેન જહીરાભભાઈએ દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. જે બદલ શાળાના આચાર્ય ભાવિકભાઈ ટંડેલ અને સમગ્ર શિક્ષક સ્ટાફ તરફથી વિદ્યાર્થીનીઓને અભિનંદન આપ્યા હતાં. તથા સંગીત ગાયન સ્પર્ધા માટે વાડકર રંજનાબેનને જિલ્લા કક્ષાએ શાળાનું પ્રતિભિધિત્વ કરવા માટે શુભેચ્છા પાઠવી હતી.

# આદિવાસી સમાજમાં અન્નદેવી શક્તિને પારખું કરાવતું હથિયાર : સાઠ

આદિવાસી સમુદાય હંમેશા પ્રકૃતિ પૂજક ગણવામાં આવે છે. જેવો વર્ષમાં એકવાર દિવાળી પર્વના પૂર્વે અન્ન દેવીની પૂજા કરે છે. અને અન્નદેવીની પૂજા કર્યા બાદ જ નવા ધાન્યને આરોગે છે. જેમાંય ખાસ કરીને નવા ધાન્યની પૂજા કરવા જતાં માવલી તરીકેની ભૂમિકા ભજવતા પૂજક, પૂજારી ત્રણ કે ચાર મહિનાથી સખત નિયમો પાળે છે. જેમકે સ્ત્રી સંગથી દુર, બોલવું, ચાલવું, ખાવું, પીવું, વાળ, નખ ન કાપવા, ઊઠવું બેસવું. જેવા સખત નિયમો પાળી ત્યારબાદ જ માવલી તરીકે અન્નદેવીની પૂજા કરી શકાય.



આમ કઠોર નિયમોનું પાલન કરી તેઓ દિવાળી પૂર્વીના દિવસો એક બે દિવસ અગાઉ મઠ બેસાડી દેવીની આરાધના કરે છે, પૂજા અર્ચના કરે છે. અને ત્યારબાદ નવા ધાન્ય સાથે ડુંગર પર બિરાજમાન અન્નદેવી પાસે જઈ ધાન્ય ભેગુ કરી પૂજાઅર્ચના કરે છે.

હાલે દિવાળી દિવસો દૂર રહ્યા નથી ત્યારે કેટલાક માવલીઓ નિયમ પાળી અન્નદેવીની પૂજા માટે પૂર્વ તૈયારીઓ આદરી છે. જેમાં ખાસ કરીને જે માવલી નિયમો પાળી પૂજા અર્ચના કરી હોય તેમને દેવી શક્તિનો અહેસાસ થાય છે. એને જ્યારે મઠ ઉપર કે ડુંગર ઉપર માવલી જતી હોય અને તે દરમિયાન તારપાનો કોઈ ચોક્કસ દેવચાળો વાગતો હોય ત્યારે માવલી ધુણવાવા માંડે છે અને જેથી જ તેમાં દેવી શક્તિ પ્રવેશી છે, એવી અનુભૂતિ થાય ત્યારે જેનો પરચો બતાવવા દેવી સત્વને પારખું કરાવવા 'સાઠ'નો ઉપયોગ કરે છે. દેવી શક્તિ શરીરમાં પ્રવેશી હોય ત્યારે તે માવલી 'સાઠ' ને પોતાના શરીરપર, પીઠ પર, આડા, ઉભા, ગમે તેમ જોર જોરથી મારે છે. અને તેમ છતાં પણ તેમના શરીર પર કોઈ પણ પ્રકારના નુકસાનના ચિન્હો કે ઘા દેખાતા નથી. અને તેમને કોઈ જ નુકસાન, વાગ્યાનો અહેસાસ થતો નથી. આમ જોઈએ તો એ સિવાયના અન્ય પ્રદેશોમાં



**નાનાપોંઢાનો પત્ર**

**ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા**

અવનવા ચમત્કાર શક્તિના પરચા, દાખલા જોવા મળે છે, જેમ કે અંગારા પર ચાલવું, સળગતી આગને ખાવું વગેરે, વગેરે... પરંતુ એવા પ્રકારના બનાવો કેટલા અંશે દેવી શક્તિ સાથે સંકળાયેલા છે એ તો સંશોધનનો વિષય બને છે. પરંતુ આપણા માટે આ બનાવો, ઘટના જોતા અચંબામાં પાડી દે છે.

અન્નદેવી શક્તિના સત્વ શક્તિને પારખું કરાવતું 'સાઠ' એક દોરીથી બનાવવામાં આવેલ દોરડું જ છે. જેમાં વચ્ચે વચ્ચે સીસમના ઝાડની લાકડામાંથી બનાવેલ સોયા આકારની લાકડીઓ ભરાવવામાં આવે છે. જે અણીદાર હોય છે. જરાક પણ પીઠ પર મારો તો પીઠમાં બેસી જવાની શક્યતા હોય છે. આ પ્રકારના 'સાઠ' હાલે એક કારીગર વારોલી તલાટ ખાતે રમણભાઈ ચૌધરી બનાવી રહ્યા છે. અને જેમની પાસે બનાવવાના ઓર્ડરો લેવામાં આવી રહ્યા છે . તેમણે જણાવ્યું હતું કે આ 'સાઠ' ઓર્ડર મુજબ બનાવવામાં આવી રહ્યા છે અને જે દેવી શક્તિને પારખું કરાવવા માટેનું હથિયાર તરીકે ઓળખાય છે. આ 'સાઠ' અહીંથી લઈ ગયા બાદ પોત પોતે પોતાની રીતે દેવી સમક્ષ મૂકી પૂજા અર્ચના કરવામાં આવે છે. અને ત્યાર પછી જ જેનો ઉપયોગ હથિયાર તરીકે કરવામાં આવે છે. કેટલાક લોકો એમની પૂજા માટે મરઘાનો ભોગ પણ ધરાવે છે.

દેવી શક્તિનું પારખું કરાવતું 'સાઠ' બનાવવાની કલાકારી પણ અદભુત જોવા મળે છે. નાની નાની દોરી માંથી દોરડા, સમાન, ચોક્કસ આકારમાં આશરે ૨ થી ૩ ફૂટ લાંબુ અને હાથમાં પકડવા માટે યોગ્ય યુ આકાર હોય છે. તેની નીચે બે દોરડા અડધા ફૂટ અને ત્યાંથી વિભાજીત છ કે સાત શાખા સાથે ઝુમખા વાળું હોય છે. જેમાં સીસમની લાકડાની અણીદાર સળી જડિત હોય છે. આદિવાસી સમાજમાં દિવાળી પર્વ અનદેવીની પૂજા સમયે માવલી દેવી શક્તિનો પરચો બતાવવા વપરાતું 'સાઠ' હથિયાર અનોખું જોવા મળે છે.

# મોટાપોંઢા નહેર પાસે ખાડાના કારણે ટ્રક રસ્તાની સાઈડમાં ઉતરી જતા ટ્રાફિકની કતારો સર્જાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોઢા, તા.૨૯ :** કપરાડા તાલુકાના મોટાપોંઢા નહેરની નજીક એક હાયવા ટ્રક મુરમ ભરીને પસાર થઈ રહી હતી તે દરમ્યાન રસ્તામાં ખાડાઓ હોવાના કારણે ટ્રક ચાલકે રસ્તાની સાઈડમાંથી પસાર કરવાનો પ્રયત્ન કરતાં ટ્રક રસ્તાની સાઈડ ઉતરી જતાં અન્ય વાહન ચાલકોની કતારો સર્જાઈ હતી.



ટ્રક મુરમ ભરીને મોટા પોઢા તરફ જઈ રહી હતી તે દરમ્યાન રસ્તા પરના ખાડાઓ પસાર કરવાના ઈરાદે ટ્રક ચાલકે રસ્તાની થોડી સાઈડ પરથી ટ્રક પસાર કરતાં ટ્રક રસ્તાની સાઈડમાં ઉતરી ગઈ હતી. અને એક તરફ ઝોકા ખાઈને અટકી ગઈ હતી. જેને ખસેડવા માટે ક્રેઈન દ્વારા પ્રયત્ન કરતાં રસ્તાની વચ્ચોવચ ક્રેઈન ખસેડી રહી હતી જેના કારણે વાહનોની ટ્રાફિક સર્જાઈ હતી. અને આ બનાવ સાંજના ચાર વાગ્યાના આસપાસ બનતા તે દરમ્યાન વાપી તરફથી આવી રહેલ કામદારો પસાર થઈ રહ્યા હતા જેના કારણે રસ્તાઓ પર વાહનોની કતારો સર્જાઈ હતી. અને આ કતાર ત્રણથી ચાર કિલોમીટર દૂર સુધી સર્જાઈ હતી.

આજે વરસાદ સતત ચાલુ જ રહેવા પામ્યો છે જેના કારણે ખાડાઓ રસ્તા પર યથાવત રહેવા પામ્યા છે જેના કારણે વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા હોવાના કારણે આજે આવી અનેક ઘટનાઓ બનતી રહી છે. વરસાદમાં જમીન પોચી હોવાના કારણે રસ્તાની ધારથી થોડી પણ ગાડી નીચે ઉતારવામાં આવે તો ધારની માટી ધસી જવાના કારણે વાહન ફસાઈ જવાની ભીતિ રહેલી છે. જેથી આવી ઘટનાઓ જ્યાં સુધી રસ્તા પરના ખાડાઓ ન સમારવામાં આવે ત્યાં સુધી આવી ઘટનાઓ બનતી જ રહેશે. જેના માટે કોણ જવાબદાર?જેવા સવાલો વાહન ચાલકો કરી રહ્યા છે.

# આંબેજંગલ પ્રા. શાળાના શિક્ષિકાની બદલી થતાં વિદાય કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા.૨૯ :** કપરાડા તાલુકાના આંબેજંગલ કેન્દ્રમાં ધોડીપાડા આંબેજંગલ પ્રાથમિક શાળામાં નિયમિત અને નિષ્ઠાથી છેલ્લા ૬ વર્ષ અને ૮ માસથી શાળામાં ઈલાબેન સોલંકી શૈક્ષણિક કાર્યને જ પરમધર્મ સમજી બાળકોને ખુબજ હેત અને પ્રેમથી શૈક્ષણિક વિવિધ પ્રવૃત્તિ કરી ગમ્મત સાથે જ્ઞાન આપી બાળકોના દિલ જીતી લીધા હતાં. પરંતુ ઈલાબેનની જીલ્લા આંતરિકમાં બદલી પારડી તાલુકાનાં કોથળવળી પ્રા. શાળામાં



થતાં ઘોડીપાડા શાળા પરિવારના શિક્ષક સ્ટાફ અને બાળકોએ ભવ્ય વિદાય આપીને ઈલાબેનનું સન્માન કરવામાં આવ્યું.


'દમણગંગા ટાઈમ્સ'
દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે
વેબસાઈટ www.damangangatimes.com ની મુલાકાત લો.

દમણગંગા ટાઈમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 30, September 2024


## નકલી દવાઓનો વેપલો

હાલમાં જ સમાચાર આવ્યા કે તાવ, દુઃખાવો, હાઈ બીપી, ડાયાબિટીસ વગેરેથી મુક્તિ અપાવવાનો દાવો કરનારી ૫૩ દવાઓ તપાસમાં ગુણવત્તાના માપદંડો પર ખરી નથી ઉતરી. દેશમાં બેફામ ઉપયોગ થતી પેરાસિટામોલ પણ આ દવાઓમાં સામેલ છે. કેવી વિટંબણા છે કે ઘણા સમયથી સરકારોની નાક નીચે આ દવાઓ ભરપૂર વેચાતી રહી છે. કેન્દ્રીય દવા નિયામકે ગુણવત્તાના માપદંડો પર ખરી નહિ ઉતરનારી દવાઓની યાદી જાહેર કરી છે. લોકોના મનમાં સવાલ છે કે આ દવાઓ માપદંડો પર ખરી નથી ઉતરી તો તેના નકારાત્મક પ્રભાવ કેટલી હદે આપણા સ્વાસ્થ્યને પ્રભાવિત કરે છે. એ પણ કે જે લોકો ઉતરતી કક્ષાની દવાઓ વેચી રહ્યા હતા શું તેમના વિરુદ્ધ કોઈ કાર્યવાહીની પહેલ પણ થઈ છે? હાલમાં એ બાબતે કોઈ જાણકારી સત્તાવાર રૂપે સામે નથી આવી. આ શરમજનક છે અને તંત્રની નિષ્ફળતાને ઉજાગર કરે છે કે શારીરિક કષ્ટોથી મુક્તિ માટે લોકો જે દવાઓ ખરીદે છે તે જ નકલી છે? બહુ સંભવ છે કે આવી દવાઓના નકારાત્મક પ્રભાવો પણ હશે જ. આ બાબતે ગંભીર સંશોધનની જરૂર છે. મુશ્કેલી જુઓ કે તાકાતવર અને ધનાઢ્ય વર્ગ દ્વારા સંચાલિત આ દવા કંપનીઓ પર રાજ્ય સરકારો પણ જલ્દી હાથ નાખવાથી ખચકાય છે, જેની કિંમત સામાન્ય લોકોએ જ ચૂકવવી પડે છે. મોટાભાગના ઘરોમાં સામાન્ય રીતે છૂટથી લેવાતી પેરાસિટામોલ પણ તપાસમાં નિષ્ફળ ગઈ. સામાન્ય ધારણા છે કે ઘણી વાર થનારા તાવ-દર્દમાં આ દવાનો ઉપયોગ ફાયદેમંદ રહે છે. નિશ્ચિતપણે કેન્દ્રીય ઔષધિ નિયામકની ગુણવત્તારહિત દવાઓની યાદીમાં પેરાસિટામોલ પણ હોય તો લોકોના વિશ્વાસને ઠેસ જ પહોંચશે. દુર્ભાગ્યપૂર્ણ છે કે માનવીય મૂલ્યોમાં આટલી હદે પતન થયું છે કે લોકો પોતાના નફા માટે દુઃખી દર્દીઓના જીવન સાથે રમત કરતાં પણ ખચકાતા નથી. વ્યથિત કરનારવી વાત એ છે કે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન એટલે કે સીડીએસસીઓએ હાલના માસિક રિપોર્ટમાં જે ગુણવત્તા રહિત દવાઓનો ઉલ્લેખ કર્યો છે, તેમાં કેટલીય દવાઓની ક્વોલિટી ખરાબ છે તો બીજી તરફ ઘણી દવાઓ નકલી પણ વેચાઈ રહી છે. જેમને મોટી કંપનીઓના નામથી વેચવામાં આવે છે. તેનાથી એ દર્દીઓની સુરક્ષા સંબંધી ચિંતાઓ વધી જશે જેઓ આ દવાઓનો ઉપયોગ કરી રહ્યા હતા. દુર્ભાગ્યે આ યાદીમાં બીપી, ડાયાબિટીસ, કેલ્શિયમ સપ્લીમેન્ટ, વિટામીન ડી-૩, વિટામીન બી કોમ્પલેક્સ, વિટામીન-સી, એન્ટાસિડ, એન્ટી ફંગલ, શ્વાસની બીમારી રોકનારી દવાઓ પણ સામેલ છે. તેમાં વાઈ અને એંઝાયટીનો ઉપચાર કરનારી દવાઓ પણ સામેલ છે. આ દવાઓ મોટી કંપનીઓ દ્વારા ઉત્પાદિત છે. કહેવાય છે કે નિષ્ફળ જનારી દવાઓમાં પેટમાં ઈન્ફેક્શન રોકનારી એક ચર્ચિત દવા પણ સામેલ છે. જોકે સીડીએસસીઓએ ૫૩ દવાઓની ગુણવત્તાની તપાસ કરી હતી, પરંતુ ૪૮ દવાની યાદી જ અંતિમ રૂપે જારી કરવામાં આવી. કારણ એ કહેવાયું કે યાદીમાં સામેલ પાંચ દવાઓ બનાવતી કંપનીઓના દાવા અનુસાર આ દવાઓ તેમની કંપનીની નથી, પણ બજારમાં તેમના નામે નકલી દવાઓ વેચાઈ રહી છે.

### ૧૦મી વર્ષગાંઠ પર બોલ્યા પીએમ મોદી

# મન કી બાતની સફર ભાવુક કરનારી છે : વડાપ્રધાન મોદી

**આ પ્રોગ્રામ દ્વારા મોદી દેશના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પણ ચર્ચા કરતા હોય છે : આ કાર્યક્રમનો ઉદ્દેશ સરકારની યોજનાઓની જાણકારી આપવાનો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૯: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે ૧૧ વાગ્યાથી આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમ શરૂ કર્યો હતો. જેમાં તેમણે સૌથી પહેલા તો તેમના આ પ્રોગ્રામમાં જળ શક્તિ, જળ સંરક્ષણ, નારી શક્તિથી શરૂઆત કરી. તેમણે મધ્યપ્રદેશના છત્તીસગઢ ગામમાં મહિલાઓના જળ સંરક્ષણની વાત કરી.

પીએમ મોદીના 'મન કી બાત' રેડિયો પ્રોગ્રામના આજે ૧૦ વર્ષ પૂરા થયા. તેઓ આજે ૧૧૪મી વાર આ પ્રોગ્રામમાં સંબોધન આપી રહ્યા હતા. આ પ્રોગ્રામ દ્વારા તેઓ સીધા જનતા સાથે કનેક્ટ થાય હતા. સાથે જ દેશના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પણ ચર્ચા કરતા હોય છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ સરકારની યોજનાઓની જાણકારી આપવાનો છે. સાથે જ જનતાની સમસ્યા પર વાત કરવાનો છે. ઉપરાંત તેઓ પ્રોગ્રામમાં ખેડૂતો, યુવાનો અને મહિલા સશક્તિકરણ તેમજ સ્વચ્છતા જેવા મુદ્દાઓ પર ફોકસ રાખે છે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શન દ્વારા પ્રસારિત કરવામાં આવે છે. સાથે જ તમે યુટ્યુબ પર પણ પીએમ મોદીના વિચાર સાંભળી શકો છો. પ્રોગ્રામ સમાપ્ત થયા બાદ આકાશવાણી પર આ પ્રોગ્રામને લોકલ ભાષામાં પણ પ્રસારિત કરવામાં આવે છે. આ પ્રોગ્રામ માટે ૫ સપ્ટેમ્બરથી લઈને ૨૭ સપ્ટેમ્બર સુધી જનતાની સલાહ માટે ટેલિફોન લાઈન પણ ઓપન રાખવામાં આવી હતી. સતત ત્રીજી વાર વડાપ્રધાન બન્યા બાદ પીએમ મોદીનો આ ચોથો એપિસોડ છે. કાર્યક્રમની શરૂઆતમાં તેમણે કહ્યું કે મન કી બાત યાત્રાને ૧૦ વર્ષ પૂરા થયા. ૧૦ વર્ષ પહેલા ૩ ઓક્ટોબરે દશેરાના દિવસે આ કાર્યક્રમ શરૂ થયો હતો. આજે ૧૧૪માં એપિસોડના ૩ દિવસ બાદ નવરાત્રી શરૂ થશે. મન કી બાત કાર્યક્રમમાં ન માત્ર ચટપટી વાતો પરંતુ પોઝિટિવ વોતોની પણ દેશની કાર્યક્રમમાં આજે પીએમ મોદી દ્વારા પોંડિટેરીના સમુદ્ર તટ પર સફાઈ અભિયાનની ચર્ચા કરવામાં આવી. તેમણે કહ્યું કે મ્યુનિસિપાલિટી અને આસપાસના વિસ્તારના યુવાનો દ્વારા આ અભિયાનનું નેતૃત્વ કરવામાં આવી રહ્યું છે. સાથેજ કહ્યું કે આપણે આપણી આસપાસ જોઈએ તો ખબર પડે છે કે દેશના દરેક ભાગમાં કોઈને કોઈ સ્વચ્છતાને લઈને અનોખો પ્રયાસ કરી રહ્યું છે. વધુમાં એવું પણ કહ્યું કે હવે ૨ ઓક્ટોમ્બરે સ્વચ્છ ભારત મિશનને ૧૦ વર્ષ પૂરા થઈ રહ્યા છે. આ પ્રસંગ એ લોકોને અભિનંદન પાઠવવાનો છે, જે લોકોએ ભારતના ઈતિહાસનું આ સૌથી મોટું જન આંદોલન બનાવ્યું.

પીએમ મોદીએ એવું પણ કહ્યું કે, આજે લોકો રિડ્યૂઝ અને રીયૂઝ તેમજ રીસાયક પર વાત કરી રહ્યા છે. આ ખરેખરમાં સ્વચ્છ ભારત મિશનની સફળતા છે. આજે મહાત્મા ગાંધીને સાચી શ્રદ્ધાંજલી છે. પીએમ મોદીએ કહ્યું કે આના ઉદાહરણમાં મને કોઝિકોડમાં એક શાનદાર પ્રયાસની ખબર પડી છે. કેરળના ૭૪ વર્ષના સુબ્રમણ્યમજીએ ૨૩ હજાર કરતા વધુ ખુરશીઓની રિપેર કરીને ફરી તેને ઉપયોગી બનાવી. લોકો તેમને રિડ્યૂસલ, રિયૂઝ અને રીસાયકલના ટ્રિપલ ચેંપિયન કહે છે. તેમના આ અનોખા પ્રયાસને કોઝીકોડના સિવિલ સ્ટેશન, પીડબ્લૂડી અને એલઆઈસીમાં જોઈ શકાય છે. પીએમ મોદીએ કહ્યું કે, સ્વચ્છતયાને લઈને જે અભિયાન યથાવત છે તેમા આપણે વધુમાં વધુ લોકોને જોડવા જોઈએ. આ અભિયાન કોઈ એક દિવસ કે એક વર્ષનું નથી હોતું.

આ યુગો યુગો સુધી નિરંતર કરવા વાળું કામ જયા સુધી આપણો સ્વભાવ નથી બની જતું ત્યા સુધી કરવાનું છે. પીએમ મોદીએ દેશના દરેક નાગરીકને ફરી વાર સ્વચ્છતા અભિયામનમાં હિસ્સો લેવા જણાવ્યું. સાથે જ તેમણે સ્વચ્છ ભારત મિશનની સફળતા પર લોકોને અભિનંદન પાઠવ્યા.

### સેંકડો ગુમ, અનેક પુલ વહી ગયા

# નેપાળમાં આકાશથી આફત વરસી, મૃત્યુઆંક વધીને ૧૧૨

**લગભગ ૧૯૫ મકાનો અને આઠ પુલોને નુકસાન થયું છે : સુરક્ષા કર્મચારીઓએ ૩,૧૦૦ લોકોને બચાવી લીધા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

કાઠમંડુ, તા.૨૯: નેપાળમાં ભારે વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલનથી ઘણાં વિસ્તારોમાં મોટા પાયે તબાહી મચાવી છે. માહિતી પ્રમાણે આ પૂર અને ભૂસ્ખલનમાં અત્યાર સુધીમાં આશરે ૧૧૨ લોકોના મોત થઈ ચૂક્યા છે. તો કેટલાક લોકો ગુમ થયાના સમાચાર છે. પૂર્વ અને મધ્ય નેપાળના મોટા ભાગમાં જળમગ્ન થઈ ગયા હતા અને દેશના કેટલાક વિસ્તારોમાં અચાનકથી પૂર આવી ગયું હતું.

સશસ્ત્ર પોલીસ દળના સૂત્રોના જણાવ્યા પ્રમાણે પૂર અને ભૂસ્ખલનના કારણે ૬૪ લોકો ગુમ છે જ્યારે ૪૫ લોકો ઘાયલ થયા છે. કાઠમંડુ ખીણમાં સૌથી વધુ ૪૮ લોકોના મોત થયા છે. તેમજ લગભગ ૧૯૫ મકાનો અને આઠ પુલોને નુકસાન થયુંછે. સુરક્ષા કર્મચારીઓએ અત્યાર સુધીમાં લગભગ ૩,૧૦૦ લોકોને બચાવી લીધા છે.

સ્થાનિક હાજર લોકોના જણાવ્યા પ્રમાણે છેલ્લા તેમણે છેલ્લા ૪૦-૪૫ વર્ષોમાં કાઠમંડુ ખીણમાં આટલું વિનાશક પૂર નથી જોયું. સશસ્ત્ર પોલીસ દળે એક નિવેદનમાં જણાવ્યું કે, મૃતકોની સંખ્યા ૧૧૨ પર પહોંચી ગઈ છે. ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ટિગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટ (ICIMOD)ના ક્લાઈમેટ ચેન્જ નિષ્ણાત અરુણ ભક્ત શ્રેષ્ઠે જણાવ્યું હતું કે, 'મેં કાઠમંડુમાં આ પહેલા આટલી તીવ્રતાનું પૂર ક્યારેય નથી જોયું." ICIMOD દ્વારા જાહેર કરવામાં આવેલા એક રિપોર્ટ પ્રમાણે કાઠમંડુની મુખ્ય નદી બાગમતીની મુખ્ય નદી શુક્રવાર અને શનિવારે પૂર્વ અને મધ્ય નેપાળમાં મુશળધાર વરસાદ બાદ ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે.'

નિષ્ણાતોના કહેવા પ્રમાણે બંગાળની ખાડીમાં નીચા દબાણની સિસ્ટમ અને ચોમાસાની સ્થિતિને કારણે શનિવારે અસાધારણ રીતે તીવ્ર વરસાદ થયો હતો. વિજ્ઞાનીઓના મતે, ક્લાઈમેટ ચેન્જના કારણે એશિયામાં વરસાદનું સમયચક્ર બદલાઈ ગયું છે અને તેમાં હજુ મોટા ફેરફાર થઈ શકે છે. પૂર અને ભૂસ્ખલનને કારણે નેપાળના કેટલાય વિસ્તારોમાં જનજીવન ઠપ થઈ ગયું છે. કેટલાક હાઈવે અને રસ્તાઓ ખરાબ થઈ ગયા છે, સેંકડો ઘર અને પુલો ધોવાઇ ગયા છે અને સેંકડો પરિવારોને ઘરો છોડીને સલામત સ્થળે જવું પડ્યું છે. આ સાથે કેટલાક રસ્તા બ્લોક થવાને કારણે હજારો મુસાફરો વિવિધ સ્થળોએ અટવાઈ પડ્યા છે.

### વિદેશ મંત્રી જયશંકરે આપી ચેતવણી

# સરહદ પાર આતંકવાદની પાડોશી દેશની નીતિ ક્યારેય સફળ નહીં થશે

**તેના કૃત્યોના નિશ્ચિત રીતે પરિણામ મળશે : વિદેશમંત્રી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૯: ભારતે પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું કે સરહદ પાર આતંકવાદની પાડોશી દેશની નીતિ ક્યારેય સફળ થશે નહીં અને તેના કૃત્યોના નિશ્ચિત રીતે પરિણામ મળશે. વિદેશ મંત્રી જયશંકરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)ના ૭૯માં સત્રને સંબોધિત કરતા કહ્યું કે અનેક દેશ પોતાના નિયંત્રણથી અલગ પરિસ્થિતિના કારણે પાછળ છૂટી જાય છે પરંતુ કેટલાક દેશ જાણી જોઈને એવા નિર્ણય લે છે કે જેના પરિણામ વિનાશકારી આવે છે. તેનું સૌથી મોટું ઉદાહરણ આપણો પાડોશી દેશ પાકિસ્તાન છે.

પાકિસ્તાનના પ્રધાનમંત્રી શાહબાજ શરીફ દ્વારા સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પોતાના સંબોધન દરમિયાન જમ્મુ કાશ્મીરનો મુદ્દા ઉઠાવવાની અને પાકિસ્તાની રાજનયિક તરફથી જવાબ આપવાના અધિકારનો ઉપયોગ કરાયાના એક દિવસ બાદ જયશંકરે તેમના પર આકરો પ્રહાર કરતા મહાસભામાં કહ્યું કે ઈસ્લામાબાદના ખરાબ કર્મોની અસર દેશો, ખાસ કરીને પાડોશ ઉપર પણ પડે છે. તેમણે કહ્યું કે જ્યારે આ રાજનીતિ પોતાના લોકોમાં આ પ્રકારની કટ્ટરતા પેદા કરે છે તો તેની જીડીપીને ફક્ત કટ્ટરપંથ અને આતંકવાદના રૂપમાં તેના નિકાસના સંદર્ભમાં જ માપી શકાય છે.

જયશંકરે પાકિસ્તાનની આકરી ટીકા કરતા કહ્યું કે આજે અમે જોઈ રહ્યા છીએ કે બીજા પર જે મુસીબત લાવવાની કોશિશ તેણે (પાકિસ્તાને) કરી, તે તેમના પોતાના સમાજને ગળી રહી છે. તે દુનિયાને દોષ આપી શકે નહીં. આ ફક્ત કર્મ છે. તેમણે કહ્યું કે બીજાની ભૂમિ પર કબજો જમાવનારા એક નિષ્ફળ રાષ્ટ્રને ઉજાગર કરવો જોઈએ અને તેનો મુકાબલો કરવો જોઈએ. જયશંકરે કહ્યું કે, અમે કાલે આ મંચ પર કેટલીક અજીબોગરીબ વાતો સાંભળી. આથી હું ભારતની સ્થિતિને સંપૂર્ણ રીતે સ્પષ્ટ કરવા માંગુ છું. પાકિસ્તાનની સરહદ પાર આતંકવાદની નીતિ ક્યારેય સફળ થશે નહીં અને તેના સજાથી બચવાની કોઈ આશા નથી. તેના વિપરિત કૃત્યોના નિશ્ચિત રીતે પરિણામ આવશે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે હવે ફક્ત એક જ મુદ્દો ઉકેલવાનો બાકી છે કે પાકિસ્તાને ગેરકાયદેસર રીતે કબ્જાવેલો ભારતીય વિસ્તાર ખાલી કરે અને આતંકવાદ પ્રત્યે પોતાના દીર્ઘકાલિક જોડાણને તિલાંજલી આપે. જયશંકરે એ પણ કહ્યું કે આતંકવાદ વિશ્વની તમામ માન્યતાઓથી વિપરિત છે. તેમણે કહ્યું કે તેના તમામ રૂપો અને અભિવ્યક્તિઓનો દ્રઢતાથી વિરોધ કરવો જોઈએ. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વૈશ્વિક આતંકવાદીઓ પર પ્રતિબંધ લગાવવામાં પણ રાજનીતિક કારણોસર વિઘ્ન નાખવું જોઈએ નહીં.

### રસ્તાઓ પર નદી જેવા દશ્યો જોવા મળ્યા

# વડોદરા ફરી જળબંબાકાર, અનેક વિસ્તારોમાં ઢીંચણસમા પાણી ભરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

વડોદરા, તા.૨૯ઃ રાજ્યભરમાં મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરી રહ્યા છે. આ વરસાદી રાઉન્ડમાં ઘણી જગ્યાએ ધોધમાર તો ક્યાંક જોરદાર પવન સાથે વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગે રાજ્યમાં ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી કરી છે. વરસાદની આગાહી વચ્ચે વડોદરા શહેર અને જિલ્લામાં ભારે વરસાદ ચાલુ થયો છે. ભારે વરસાદને પગલે શેરીમાં પાણી ભરાવતા શહેરીજનો ચિંતામાં મુકાયા છે.

વડોદરામાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલ જોવા મળે છે. આજે સવારથી વરસાદે થોડો વિરામ લીધા બાદ ફરી ધોધમાર વરસાદ શરૂ થતાં જ રોડ રસ્તા પર પાણી ફરી વળ્યાં છે. શહેરમાં સતત વરસી રહેલા વરસાદને કારણે નાગરિકોની ચિંતા વધી રહી છે. ફુલબાગ, જગતનાકા, માંજલપુર, જેવા આંબેડકર સર્કલ, પાણીની ટાંકી, વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. વડોદરા ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જામ્યો છે. પાદરા, સાવલી, કરજણ, ડભોઈ, વાઘોડિયા, શિનોરમાં ભારે વરસાદ ચોપડી રહ્યો છે. ગામડાઓમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થતાં જ અનેક ઠેકાણે પાણી ભરાઈ ગયા છે. મહત્વનું છે કે, આજે પણ વડોદરામાં ભારે વરસાદની આગાહી છે.

નોંધનીય છે કે, ગયા વખતે વરસાદી રાઉન્ડમાં ઉપરવાસના ભારે પાણીની આવક થતાં વિશ્વામિત્રી નદીમાં પૂર આવ્યું હતું. જેના પાણી શહેરમાં ફરી વળતા વડોદરા ડૂબી ગયું હતું. ત્યારે આ વખતે એવી કોઈ સ્થિતિ ન બને તે માટે વહીવટીતંત્ર ચાંપતી નજર રાખી રહ્યું છે. વિશ્વામિત્રી નદીમાં જળસ્તર પાર વહીવટી તંત્ર નજર રાખી રહ્યું છે. જેમાં સતત વરસાદની સ્થિતિ અને જળસ્તર પર મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જોકે અત્યાર સુધીમાં તો શહેરમાં વરસાદને કારણે ઢીંચણ સુધી પાણી ભરાયા છે. અલકાપુરી ગરનાળામાં પાણી ભરાવાના કારણે બંધ કરી દેવામાં આવતા વાહનચાલકો પરેશાનીનો સામનો કરવાનો વારો આવ્યો છે.

### ચૂંટણી બોન્ડ સ્કીમ મામલે એફઆઈઆર

# કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ વિરુદ્ધ FIR

(સંપૂર્ણ સમાચાર સેવા)

બેંગલુરુ, તા.૨૯: બેંગ્લુરૂની એક વિશેષ અદાલતે બંધ થઈ ગયેલી ઈલેક્ટોરલ (ચૂંટણી) બોન્ડ યોજના મારફત દબાણપૂર્વક વસૂલી થઈ હોવાના આરોપસર કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ વિરૂદ્ધ એફઆઈઆર નોંધવાનો આદેશ આપવામાં આવ્યો છે.

જનાધિકાર સંઘર્ષ સંગઠનના આદર્શ અય્યર દ્વારા કરવામાં આવેલી ફરિયાદમાં નિર્મલા સીતારમણ અને અન્ય લોકો પર જબરદસ્તી વસૂલી રેકેટ ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

બેંગ્લુરૂમાં નોંધાયેલી ફરિયાદમાં નાણા મંત્રી ઉપરાંત કર્ણાટક ભાજપ નેતા નરેન્દ્ર કુમાર અને બીવાય વિજયેન્દ્રનું નામ પણ સામેલ છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, હજારો કરોડના ઈલેક્ટોરલ બોન્ડ ખરીદવા કોર્પોરેટ સંસ્થોને મજબૂર કરવામાં આવી હતી.

આ આરોપોને ભાજપે ફગાવતાં તેને રાજકારણનું નાટક કહ્યું છે. તેમ છતાં આ મામલે નિર્મલા સીતારમણ અને અન્ય નેતાઓ વિરૂદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. ભાજપ પ્રવક્તાએ બચાવ કરતાં કહ્યું કે, સુપ્રીમ કોર્ટમાં આ કેસ પર સુનાવણી થઈ હતી અને એસસીને દાનદાતાઓની યાદી જાહેર કરવા નિર્દેશ કરાયો હતો. જેમાં તમામ પક્ષોને પૈસા મળ્યા હતા. કોંગ્રેસ, ટીએમસીને પણ પૈસા મળ્યા હતા. આથી નિર્મલા સીતારમણ વિરૂદ્ધ નોંધાયેલી ફરિયાદ રાજકીય નાટક છે.

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને તેમની પત્નિ પાર્વતી વિરૂદ્ધ પ્લોટ કૌભાંડમાં એફઆઈઆર નોંધાયા બાદ બેંગ્લુરૂના તિલક નગર પોલીસ સ્ટેશનમાં કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. જેમાં ઈડીને પણ આરોપી ઠેરવવામાં આવ્યો છે. અરજદારે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, ઈલેક્ટોરલ બોન્ડ મારફત ડરાવી-ધમકાવીને જબરદસ્તી ફંડ ઉઘરાવવામાં આવ્યું હતું. આ આરોપોસર પોલીસે આઈપીસીની કલમ ૩૮૪, ૧૨૦ બી અને ૩૪ હેઠળ ફરિયાદ નોંધી છે. આ મામલે આગામી સુનાવણી ૧૦ ઓક્ટોબરે થશે.

# રાહુલ ગાંધી જૂઠું બોલનાર મશીન છે: અમિત શાહ

(સંપૂર્ણ સમાચાર સેવા)

બાદશાહપુર, તા.૨૯: હરિયાણાના બાદશાહપુરમાં ચૂંટણી જાહેર સભાને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે, રાહુલ ગાંધી પર જોરદાર વાકપ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસના રાહુલ બાબા જૂઠ બોલવાનું મશીન છે. રાહુલ ગાંધી એવા જૂઠ્ઠાણા ફેલાવી રહ્યાં છે કે, અગ્નિવીર યોજના એટલા માટે લાવવામાં આવી છે કારણ કે સરકાર તેમને પેન્શન સાથે નોકરી આપવા માંગતી નથી. પરંતુ હુ કહીશ કે આપણી સેનાને યુવાન રાખવા માટે જ અગ્નિવીર યોજના બનાવવામાં આવી છે.

શાહે કહ્યું કે, હું તમને કહેવા માંગુ છું કે તમારા પુત્રોને સેનામાં મોકલતા પહેલા સંકોચ ના કરો. ૫ વર્ષ પછી, કોઈપણ અગ્નિવીરને પેન્શનપાત્ર નોકરી વિનાના નહીં રહે. આ અંગે કોઈએ ચિંતા કરવાની જરૂર નથી. તેણે કહ્યું કે હું હરિયાણામાં નવો ટ્રેન્ડ જોઈ રહ્યો છું. હાથિનથી થાનેસર અને થાનેસરથી પલવલ સુધી કોંગ્રેસના મંચ પર 'પાકિસ્તાન ઝિંદાબાદ'ના નારા લગાવવામાં આવી રહ્યા છે.

શાહે કહ્યું કે હું રાહુલ ગાંધીને પૂછવા માંગુ છું કે, જ્યારે કોંગ્રેસ પાર્ટીના નેતાઓ અને કાર્યકરો 'પાકિસ્તાન ઝિંદાબાદ'ના નારા લગાવી રહ્યા છે તો તમે ચૂપ કેમ બેઠા છો? કોંગ્રેસ તુષ્ટિકરણમાં આંધળી બની ગઈ છે. કાશ્મીર આપણું છે કે નહીં? કોંગ્રેસ અને રાહુલ બાબા કહે છે કે અમે કલમ ૩૭૦ પાછી લાવીશું. રાહુલ ગાંધીની ત્રણ પેઢીઓ પણ કલમ ૩૭૦ પાછી નહીં લાવી શકે. હરિયાણાના યુવાનોએ કાશ્મીરની રક્ષા માટે ઘણું બલિદાન આપ્યું છે અને અમે તેને વ્યર્થ નહીં જવા દઈએ.

અમિત શાહે વધુમાં કહ્યું કે, વકફ બોર્ડના આ કાયદામાં ઘણી સમસ્યા છે અને અમે આ શિયાળુ સત્રમાં તેને સુધારવા માટે કામ કરીશું.

તમને જણાવી દઈએ કે હરિયાણામાં ૫ ઓક્ટોબરે વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. હરિયાણાની ૯૦ વિધાનસભા સીટો પર એક જ તબક્કામાં મતદાન થશે. ૮મીએ પરિણામો જાહેર કરવામાં આવશે.

### ગરબા રસિયાઓને શું મળ્યા રાહતના સમાચાર

# આગામી ૨૪ કલાક પછી આગામી દિવસોમાં વરસાદનું જોર ઘટશે

**કેટલાક જિલ્લાઓમાં માટે ઓરેન્જ એલર્ટ અપાયું તો કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદનું યેલો એલર્ટ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૯: નવરાત્રીને આડે ગણતરીના દિવસો બાકી છે. ત્રણ ઓક્ટોબર નવરાત્રિના પ્રથમ દિવસથી ૫ ઓક્ટોબર સુધી હસતા નક્ષત્રમાં ગાજવીજ અને પવન સાથે કેટલાક ભાગોમાં ધોધમાર વરસાદ થવાની શક્યતા છે. ગરબાના રસિયાઓને રાહત મળે એવી હવામાન વિભાગે આગાહી કરી છે.

સાયકલોનિક સર્ક્યુલેશનની મોન્સૂન ટ્રફ ગુજરાતમાં એક્ટિવ થતા વરસાદની શક્યતાઓ સર્જાઈ હતી. આગામી ૨૪ કલાક પછી આગામી દિવસોમાં વરસાદનું જોર ઘટશે. હવામાન વિભાગે રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે, જ્યારે કેટલાક જિલ્લાઓમાં માટે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે તો કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદનું યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. સાથે જ આગામી ૨ દિવસ બાદ રાજ્યમાં ચોમાસાની ગતિવિધિમાં ઘટાડો થશે.

દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે સૌરાષ્ટ્રના ભાગોમાં પણ વરસાદની શક્યતા સેવાઈ રહી છે. પરંતુ રાહતની વાત એ છે કે આગામી ૨૪ કલાક દિવસ બાદ રાજ્યમાં વરસાદનું જોર ઘટશે.

રાજ્યમાં આજથી વરસાદનું જોર ઘટશે. આજે રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે અમદાવાદ અને ગાંધીનગરમાં હળવા વરસાદની આગાહી કરાઈ છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લીમાં મધ્યમ વરસાદની આગાહી કરાઈ છે. ચોમાસાના વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે અને મેઘરાજા ભૂક્કા બોલાવી રહ્યા છે. ત્યારે આજે પંચમહાલ, દાહોદ, સુરત અને નવસારી સહિતના જિલ્લામાં મેઘરાજાનું આગમન થયું.

આજે ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, ભરૂચ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, તાપીમાં મધ્યમ વરસાદની આગાહી કરાઈ છે. સુરત, વલસાડ, નવસારી, દમણ દાદરાનગર હવેલીમાં મધ્યમ વરસાદની આગાહી છે. સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢમાં હળવા વરસાદની આગાહી છે. અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ, દીવમાં હળવા વરસાદની આગાહી કરાઈ છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે ચોમાસાની સિઝનમાં ગુજરાત રિજયનમાં ૨૮% વધુ વરસાદ થયો છે. તો સૌરાષ્ટ્ર કચ્છમાં ૭૨% વધુ વરસાદ થયો છે અને અમદાવાદમાં ૧૯% વધુ વરસાદ વરસ્યો છે.

### વડાપ્રધાન મોદીએ દેશને આપી મોટી ભેટ

# ૫૦૦ નવા ઈલેક્ટ્રિક વ્હીકલ ચાર્જિંગ સ્ટેશનનો મોદીએ શુભારંભ કરાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૯: ભારત સરકાર દેશમાં ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યા વધારવા માટે સતત પગલાં લઈ રહી છે. આ માટે સરકાર ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી પર સબસિડી આપી રહી છે. પરંતુ ઈલેક્ટ્રિક વાહન ખરીદતા પહેલા આ વાહનોના ચાર્જિંગને લઈને લોકોના મનમાં એક સવાલ છે. હવે વડાપ્રધાને દેશમાં ૫૦૦ નવા ચાર્જિંગ સ્ટેશનની શરૂઆત કરાવી છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૨૯ સપ્ટેમ્બરના રોજ મહારાષ્ટ્ર રાજ્યના પુણે શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ સાથે પ્રધાનમંત્રીએ ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં ઈફ ચાર્જિંગ સ્ટેશન અને ન્દ્રય સ્ટેશનની પણ શરૂઆત કરાવી હતી. ભારત સરકારે પૂણેમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ ક્ષેત્રે કરોડો રૂપિયાની યોજનાઓ શરૂ કરી હતી.

PM મોદીએ દેશમાં ૫૦૦ નવા ઈફ ચાર્જિંગ સ્ટેશન લોન્ચ કર્યા છે. ભારત સરકારે વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧૦ હજાર ઈફ ચાર્જિંગ સ્ટેશન સ્થાપિત કરવાનું લક્ષ્ય રાખ્યું છે. જેના માટે ૧૫૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ સાથે સ્એ દેશમાં ૨૦ લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) સ્ટેશનો પણ શરૂ કર્યા છે, જેમાંથી ત્રણ મહારાષ્ટ્રમાં સ્થાપિત કરવામાં આવ્યા છે.

વડાપ્રધાન મોદીએ પુણેમાં મેટ્રો રેલ પ્રોજેક્ટનું નેટવર્ક વિસ્તાર્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ ૯ નવા સ્ટેશનોનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. આ સાથે સોલાપુર એરપોર્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. પીએમ મોદીએ ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ ફુલેની પ્રથમ કન્યા વિદ્યાલય ભીડેવાડા મેમોરિયલનું ભૂમિપૂજન પણ કર્યું હતું.

પીએમ મોદીએ આ યોજનાઓના લોન્ચિંગ પ્રસંગે પૂણેના લોકોને પણ સંબોધિત કર્યા હતા.

# ભાવનગરમાં ૭ ઈંચ વરસાદ પડતાં અનેક વિસ્તારો જળબંબાકાર થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભાવનગર, તા.૨૯: હજુ પણ ગુજરાતમાં ૨ દિવસ મધ્યમથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે આપી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડશે. હજું ૨૪ કલાક માછીમારોને દરિયો નહીં ખેડવાની સૂચના અપાઈ છે.

બીજી બાજુ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકા પંથકમાં ૭ ઈંચ વરસાદ પડતાં અનેક વિસ્તારો પાણી પાણી થયા છે. ગઈકાલે (શનિવાર) બપોર બાદ વરસાદ શરૂ થતાં ૪ કલાકમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. જોકે બાદમાં પણ અવિરત શરૂ રહેતા વધુ ૩ ઈંચ વરસાદ નોંધાયો હતો.

મહુવાના કોલેજ રોડ, ગાંધીબાગ, ગોકુળનગર, પરશુરામ ચોક, જનતા પ્લોટ અને સ્વામિનારાયણ મંદિર રોડ વિસ્તારમાં પાણી ભરાયા હતા. મહુવા શહેર અને પંથકમાં સારો વરસાદ પડતાં નદી નાળા છલકાય ગયા છે. ધોધમાર વરસાદના પરિણામે તાલુકાના બગડ, રોજકી અને માલણ ડેમ ઓવરફ્લો થયા હતા.

નોંધનીય છે કે ભાવનગર જિલ્લામાં ૨૪ કલાક દરમ્યાન વરસાદ નોંધાયેલો હતો. ભાવનગર શહેર જિલ્લામાં બપોર બાદ મેઘો ફરી મંડાયો હતો. જિલ્લામાં બપોરે બે વાગ્યા બાદ શરૂ થયેલા વરસાદે અનરાધાર બેટિંગ નોંધાવી હતી.

જિલ્લાના તમામ તાલુકામાં ધોધમાર વરસાદ પડતા સમગ્ર પંથક પાણી પાણી થઈ ગયો હતો. ભારે વરસાદના પગલે જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારો જળબંબાકાર થયા હતા.


દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો : www.damangangatimes.com

# અન્ય સમાચારો

## ચલાની વેસ્લીયન સ્કૂલમાં ટીચર્સ કાઉન્સીલિંગ વર્કશોપ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૨૯ :** વાપીના ચલા ખાતે આવેલ વેસ્લીયન સ્કૂલમાં તા.૨૦/૦૯/૨૦૨૪ના રોજ ટીચર્સ કાઉન્સીલિંગ વર્કશોપ રાખવામાં આવ્યો હતો. જેમાં સ્કૂલના ચેરમેન રેવ. લીનસ જસ્ટીન, આચાર્યા સીમા જસ્ટીન, સમીપ ફાઉન્ડેશનના આગેવાનો તેમજ વાપી અને દાંડી સ્કૂલના શિક્ષકો હાજર રહ્યા હતાં. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કાઉન્સીલિંગ ક્ષેત્રમાં પી.એચ.ડી. (PHD) થયેલ રેવ. ડો. હેઝેકેલ શાંતાકુમાર ઉપસ્થિત રહ્યા હતાં. જેમનું સ્વાગત સ્કૂલના ચેરમેન રેવ. લીનસ જસ્ટીન અને આચાર્યા સીમા જસ્ટીને પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન આપી કરવામાં આવ્યું હતું. જેમણે શિક્ષકોને વિદ્યાર્થીઓ સાથે કેવો વ્યવહાર કરવો તેનો ખૂબ સરસ ઉદાહણો દ્વારા માર્ગદર્શન પૂરું પાડી તેની સમજૂતી આપી હતી. અંતમાં શિક્ષકોએ પણ પોતાના અનુભવ દ્વારા ડોં. હેઝેકેલ શાંતાકુમારને પ્રશ્નોતરી કરી તેમનું સમાધાન મેળવ્યું હતું. અંતે સ્કૂલના ઈન્ચાર્જ જુડી ડાસને આભારવિધિ વ્યક્ત કર્યો હતો.

## દ્વારકામાં વલસાડ ક્વોરી એસો.ના અગ્રણીનું સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૨૯ :** દેવભૂમિ દ્વારકા ખાતે ગુજરાત રાજ્ય ક્વોરી એસોસિએશન દ્વારા આયોજીત દ્વારકાધીશ મંદિર ઉપર ધ્વજા આરોહણ નિમિત્તે કોરી એસોસિએશનના મહા સંમેલનમાં વલસાડ જિલ્લા બિલ્ડર એસોસિએશનના અને કોવરી એસોસિએશનના અશોકભાઈ મંગેનું આ સંમેલનમાં આયોજક દ્વારા પાઘડી અને ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ તેઓની વલસાડ જિલ્લા તેમજ તેની આજુબાજુના વિસ્તારોમાં ક્વોરી એસોસિએશનને લગતી સમસ્યા અંગે સમગ્ર રાજયમાં કરાતી રજૂઆતને ધ્યાને લઈ વલસાડ જિલ્લાને પણ પ્રાધન્ય આપવા અંગે આશ્વાસન અપાયું હતું.

## ઓક્ટોબરના પ્રારંભથી જ વરસાદ શક્યતા નહીવત્

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૨૯ :** હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસની આગાહીમાં જણાવવામાં આવ્યુ છે કે ૨૪ કલાક બાદ વરસાદની તીવ્રતા ઘટી જશે અને ઓક્ટોબરના પ્રથમ દિવસથી વરસાદની સંભાવના નહીવત્ બની જશે. જોકે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં છૂટાછવાયા હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. હાલમાં ગુજરાતમાં દક્ષિણમાં એટલે કે ખંભાતના અખાત પાસે એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય હોવાથી ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે. ત્યારે બાદ તીવ્રતા ધીમે ધીમે ઘટી જશે. ટૂંકમાં કહી શકાય કે ગુજરાતનો લોકપ્રિય તહેવાર નવરાત્રિમાં વરસાદનું વિઘ્ન નડવાની હાલના સંજોગોમાં શક્યતા દેખાતી નથી.

દરમિયાનમાં આજે રાજ્યમાં સવારે ૬ વાગ્યાથી લઈને સાંજે ૬ વાગ્યા સુધી ૧૦૩ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ વડોદરામાં ૩.૭૫ ઈંચ, પાદરામાં ૩ ઈંચ અને ડેડિયાપાડા અને ગીર ગઢડામાં ૨-૨ ઈંચ વરસાદ વરસ્યો. ઉનામાં ૧.૭૫ ઈંચ, ભિલોડા અને બરવાળામાં ૧.૫-૧.૫ ઈંચ, તાલાળા, ધોલેરા, સતલાસણામાં ૧.૨૫-૧.૨૫ ઈંચ, વડાલી, નડિયાદ અને આંકલાવમાં ૧-૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. વડોદરા સામાન્ય વરસાદમાં પાણી પાણી થઈ ગયુ હતું. તેમજ વિશ્વામિત્રીની સપાટી ૨૦ ફટે પહોંચી હોવાનુ જાણવા મળ્યુ છે.

મળશતી માહિતી અનુસાર આણંદ જિલ્લામાં સાર્વત્રિક વરસાદી માહોલ જામ્યો હતો. શહેર અને ગ્રામ્ય પંથકમાં વરસાદ કરેલી જમાવટના કારણે ગરબાના આયોજકો મુશ્કેલીમાં મુકાયા છે. ગરબાના આયોજનને તૈયારીઓ પર પાણી ફરી વળ્યો છે. શહેરમાં વરસાદના લીધે ઠેર-ઠેર પાણી ભરાયા હતા.

હવામાન નિષ્ણાતોના અનુસાર હવામાનમાં ફેરફાર થતા શરદ પૂનમ પછી પણ રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદી માહોલ રહેશે. આ સાથે દેવ દિવાળી સુધીમાં હવામાનમાં પલટો આવવાની સાથે દરિયાઈ વિસ્તારમાં ભારે પવન ફૂંકાઈ શકે છે. તેવામાં બંગાળના ઉપસાગરમાં આગામી ૧૮ થી ૨૦ ઓક્ટોબર સુધીમાં ભારે વાવાઝોડું રહેવાની શક્યતા છે, તેથી ૨૨ ઓક્ટોબર સુધીમાં માવઠું થઈ શકે છે. ઉપરાંત રાજ્યમાં શિયાળાની શરૂઆત ૨૯ ઓક્ટોબરથી થતા ઠંડીની અસર થશે, જયારે દેશના ઉત્તારીય પર્વતીય પ્રદેશોમાં વરસાદની શક્યતા હોવાથી ડિસેમ્બરના મહિનામાં સખત ઠંડી પડશે.

રાજયમાં આજે (૨૯મી સપ્ટેમ્બર) સુધીમાં સિઝનનો સરેરાશ ૧૩૬ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. જેમાં સૌથી વધુ કચ્છ ઝોનમાં ૧૮૫ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૪૫ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૪૧ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાત ઝોનમાં ૧૩૨ ટકા અને ઉત્તર ગુજરાત ઝોનમાં ૧૧૪ ટકા વરસાદ નોંધાયો છે.

## હૃદયરોગના દર્દીઓ માટે આશાની કિરણ બની ગુજરાતની યુ.એન. મહેતા હોસ્પિટલ

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૨૯:** તાજેતરના વર્ષોમાં, ગુજરાત હૃદયરોગની અદ્યતન સારવાર માટે એક પ્રમુખ ગંતવ્ય સ્થાન તરીકે ઉભર્યું છે, જે ભારતભરમાંથી તેમજ આંતરરાષ્ટ્રીય સરહદોની પારથી આવતા દર્દીઓને હૃદયરોગની ઉત્તમ સારવાર ઉપલબ્ધ કરાવે છે. ત્યારે ગુજરાતની યુ.એન. મહેતા હોસ્પિટલના હૃદયરોગ સંબંધિત પ્રયાસો પર ચર્ચા કરવી મહત્વપૂર્ણ બને છે. અમદાવાદમાં સ્થિત યુ.એન. મહેતા કાર્ડિયોલોજી અને રિસર્ચ સેન્ટર હૃદયરોગની ગંભીર બીમારી સામે ઝઝૂમી રહેલા લોકો માટે આશાનું કિરણ બનીને ઉભર્યું છે.

નોંધનીય છે કે ગુજરાતના જૂનાગઢ જિલ્લાના કેશોદમાં રહેતા હીનાબેન અને તેમના પતિ સુરેશભાઈના છે, જેમણે તેમના ૪ મહિનાના દીકરા ઘનશ્યામના ગંભીર હૃદયરોગનો ઈલાજ યુ.એન. મહેતા હોસ્પિટલમાં કરાવ્યો હતો. નિષ્ણાંતો દ્વારા સ્વાસ્થ્ય સંભાળ અને સારવારના કારણે તેમના બાળકને એક નવું જીવન મળ્યું હતુ. ઘનશ્યામની સર્જરી ૨૬ જુલાઈ, ૨૦૨૪ના રોજ યુ.એન. મહેતા હોસ્પિટલમાં થઈ હતી.

આ વર્ષની શરૂઆતમાં ગાંધીનગરના ૧૬ વર્ષીય પ્રણયસિંહ વાઘેલાએ યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરાવી હતી અને હવે તેઓ એક સ્વસ્થ જીવનનો આનંદ લઈ રહ્યા છે.

છેલ્લા પાંચ વર્ષોમાં યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરે પોતાની હાર્ટ પ્રોસીજર્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો કર્યો છે, જે વર્ષ ૨૦૨૦માં ૧૩,૬૧૫થી વધીને ૨૦૨૩માં ૨૯,૫૧૦ સુધી પહોંચી છે. ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં, રાજયમાં ૧૯,૫૬૦ હાર્ટ પ્રોસીજર પૂરી કરવામાં આવી છે, જે ભારતમાં હૃદયરોગની સારવારમાં આ સંસ્થાની મહત્વપૂર્ણ ભૂમિકાને દર્શાવે છે.

## જૂના બાકી જીએસટી પર હવે વધારાનો ચાર્જ અને પેનલ્ટી આપવા નહીં પડે

નવી દિલ્હી, તા.૨૯
કેન્દ્રસરકારે વેપારીઓને જીએસટી (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ)માં મોટી રાહત આપી છે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ માટે જારી કરવામાં આવેલા જીએસટી ડિમાન્ડ નોટિસ મેળવનારા કરદાતાઓ હવે વ્યાજ અને દંડ વિના તેમની બાકી ચૂકવણી કરી શકશે. જો કે, શરત એ છે કે ટેક્સ-ડિમાન્ડ નોટિસ નોન-ફ્રોડલ કેટેગરીની હોવી જોઈએ. આ માટે સરકાર દ્વારા નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. આ લાભ ૧ નવેમ્બરથી જીએસટી કરદાતાઓ માટે લાગુ થશે. આ જીએસટી મુક્તિ યોજના સરકાર દ્વારા સામાન્ય બજેટ-૨૦૨૪માં જાહેર કરવામાં આવી હતી. સરકાર દ્વારા ટેક્સ વિવાદોમાં ઘટાડો કરવાના હેતુ સાથે આ પ્રકારના પ્રયાસ હાથ ધરાઈ રહ્યા છે. જીએસટી કાયદાની નવી કલમ ૧૨૮છ હેઠળ સરકાર દ્વારા આ રાહત આપવામાં આવી છે, જે જીએસટી સત્તાવાળાઓને કરદાતાઓ પર અનુપાલનનું દબાણ ઘટાડવા માટે છૂટછાટ રજૂ કરવાની મંજૂરી આપે છે. જીએસટી કાઉન્સિલની ૫૩મી બેઠકના નિર્ણય મુજબ, તેનો ઉદ્દેશ્ય એવા વિવાદોને ઉકેલવાનો છે કે જ્યાં કાયદાની ગેરસમજ અથવા અર્થઘટનને કારણે ઉદ્દભવેલી કર જવાબદારીઓને કારણે ટેક્સ ડિમાન્ડ નોટિસ આપવામાં આવી છે. આ મુક્તિનો લાભ મેળવવા માટે, જીએસટી ડિમાન્ડ નોટિસમાં બાકી રકમ ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ચૂકવવાની રહેશે. એકવાર તમે સંપૂર્ણ બાકી ચૂકવણી કરી લો. તેની સાથે સંકળાયેલ વ્યાજ અને પેનલ્ટીની રકમ માફ કરવામાં આવશે અને તમારી પતાવટ પૂર્ણ થશે.

## પાટણ ખાતે ગેનીબેનના સત્કર સમારંભમાં ઠાકોર સમાજનું શક્તિપ્રદર્શન

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૨૯ :** આજે બપોરે પાટણનાં પ્રગતિ મેદાન ખાતે ઉત્તર ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજમાં સાંસદ ગેનીબેન ઠાકોરનો સત્કાર સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે જે માટે પ્રગતિ મેદાન ખાતે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને શક્તિ પ્રદર્શન કર્યુ હતું. આ કાર્યક્રમમાં મૈત્રી કરારના કાયદાનો વિરોધ કરાયો હતો સાથે જ લગ્ન નોંધણી માટે ગામના પંચોની સાક્ષીમાં થવી જોઈએ તેવી માંગ કરાઈ હતી.

કોંગ્રેસના નેતા જગદીશ ઠાકોરે જાહેર મંચ પરથી સંબોધન કરતા જણાવ્યું કે, બનાસકાંઠા જિલ્લો આર્થિક રીતે પછાત છે પણ રાજકીય રીતે સમગ્ર ગુજરાતમાં નંબર વન છે. ઠાકોર સમાજ ખૂબ મોટો છે માટે તેને ટાર્ગેટ કરવામાં આવે છે. રોહિણી પાંચ અહેવાલ સરકાર દબાવીને બેઠો છે. જાતિ આધારિત ગણતરી થાય તો ઠાકોર સમાજને ઘણું મળી શકે છે. જ્ઞાતિ આધારિત ગણતરી માટેના આંદોલનનું રણશીંગુ પાટણથી ફૂંકાશે.

ગેનીબેને આ કાર્યક્રમમાં કોંગ્રેસના મોવડી મંડળ દ્વારા સન્માન સમારંભ રાખવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યુ કે આ મારું નહી બનાસની જનતાનું સન્માન છે. હું પક્ષની ઓબીસીની માંગને સમર્થન આપું છું. તેમણે સ્થાનિક ચૂંટણીઓ પછી ઠેલવા બદલ પ્રહાર કરતા કહ્યું કે, વન નેશન વન ઈલેક્શનની વાતો કરતી ભાજપની સરકાર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી કરી શક્તી નથી. સહકારી સંસ્થાઓને આડે હાથ લઈ પેટા કાયદા થકી ચૂંટણીઓ કરી પોતાના લોકોને ગોઠવે છે.

લિવ ઈન રિલેશનશીપ મુદ્દે ગેનીબેન કહ્યું કે, મારા અંતરાત્માના અવાજમાં દીકરીના લગ્નની ગામમાં જ થાય તેમજ અસામાજિક તત્વો મૈત્રી કરારનો દૂર ઉપયોગ સામે અવાજ ઉઠાવશે. પોતાને મામેરામાં મળેલા અગિયાર લાખનો ઉલ્લેખ કરી દીકરી જયારે પરણી સાસરે જાય તે પહેલા ઘરે કંકુના થાપા મારે, તે ફિંગર પ્રિન્ટ કહેવાય અને દીકરી એવું કહેવા માંગે છે, કે હવે મારે મિલ્કતમાં ભાગ જોઈતો નથી. દાહોદની ઘટનાનો ઉલ્લેખ પશ્ચિમ બંગાળની ઘટનામાં આવેદન આપે જયારે ગુજરાતમા ચૂપ કેમ છે.

## સીરિયામાં અમેરિકાની આર્મીએ કરી એરસ્ટ્રાઈક

સીરિયા, તા.૨૯, અમેરિકાએ સીરિયામાં હવાઈ હુમલા કર્યા હતા. જેમાં ઈસ્લામિક સ્ટેટ ગ્રુપ અને અલ-કાયદા સાથે જોડાયેલા ૩૭ આતંકવાદીઓ માર્યા ગયા હતા. અમેરિકી સેનાએ દાવો કર્યો હતો કે આતંકવાદીઓના ઘણા ઠેકાણાઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. યુએસ સેન્ટ્રલ કમાન્ડ અનુસાર, અમેરિકાએ ઉત્તર-પશ્ચિમ સીરિયા પર હુમલો કર્યો હતો. જેમાં અલ-કાયદા સાથે જોડાયેલા હુર્રસ અલ-દિન જૂથના ટોચના નેતા અને અન્ય આઠને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ આતંકવાદીઓ સૈન્ય કાર્યવાહી પર નજર રાખવાની જવાબદારી હતી. આ સાથે સેન્ટ્રલ સીરિયામાં આઈએસના ટ્રેનિંગ કેમ્પ પર હવાઈ હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૨૮ આતંકવાદીઓ માર્યા ગયા હતા. જેમાં ચાર સીરિયાના નેતાઓનો સમાવેશ થાય છે.

અમેરિકી સૈન્યના જણાવ્યા અનુસાર, હવાઈ હુમલાએ અમેરિકાના હિતોની સાથે સાથે અમારા સહયોગીઓ અને ભાગીદારો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે જેહાદીઓની તૈયારીઓને નષ્ટ કરી દીધી હતી. સીરિયામાં લગભગ ૯૦૦ અમેરિકન સૈનિકો તૈનાત છે. અમેરિકી દળો ઉત્તરપૂર્વ સીરિયામાં તેમના મુખ્ય સાથી કુર્દિશના નેતૃત્વ હેઠળની સીરિયન ડેમોક્રેટિક ફોર્સિસને સલાહ અને સહાય પૂરી પાડે છે.

## અમદાવાદમાં ગાંધીજીના ફોટાને બદલે અનુપમ ખેરના ફોટાવાળી રૂ.૧.૩૦ કરોડની નોટો પકડાઈ

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૨૯:** અમદાવાદમાં એક જ્વેલર્સને રૂ. ૧.૩૦ કરોડની નકલી નોટો પધરાવીને ૨૧૦૦ ગ્રામ સોનુ લઈને ફરાર થઈ ગયેલા ગઠિયાઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેમાં મહાત્મા ગાંધીજીના ફોટાને બદલે અનુપમ ખેરના ફોટાવાળી રૂ. ૧.૩૦ કરોડની નોટો પકડાઈ છે.

આ બનાવની વિગત એવી છે કે અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં કરોડો રૂપિયાનું સોનુ ખરીદવા માટે એક આંગડીયા પેઢી ઊભી કરવામાં આવી હતી. એટલ જ નહી ૨૧૦૦ ગ્રામ સોનું ખરીદવા માટે રૂ. ૧ કરોડ ૬૦ લાખની ડીલ થઈ હતી. સોનીની દુકાનના કર્મચારીઓ સોનું લઈને ત્યાં પહોંચ્યા ત્યારે અગાઉ હાજર બે શખ્સોએ તેમને બેન્કના સ્ટેમ્પવાળી ૧ કરોડ ૩૦ લાખની નટો બાવી અને કહ્યુ તમે મને સોનું આપો એટલે હુ બાજુની દુકાનમાંથી રૂ. ૩૦ લાખ લઈ આવુ આવુ છુ. ત્યાં સુધી તમે મશીનમાં નોટો ગણી લો. ત્યાર બાદ સોનું લઈને ગઠિયાઓ નીકળી ગયા હતા. જોકે જ્યારે નોટો ગણાતી હતી ત્યારે ખબર પડી કે આ નોટો નકલી હતી અને નોટો પર ગાંધીજીની જગ્યાએ બોલિવુડ અભિનેતા અનુપમ ખેરનો ફોટો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના -હલાદનગરના મેહુલ ઠક્કરે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ છેતરપીંડીની ફરિયાદ કરી હતી. મેહુલ ઠક્કર માણેક ચોક ખાતે મેહુલ બુલિયનના નામથી સોના ચાંદીનો ધંધો કરે છે. તેમને ૨૩ સપ્ટેમ્બરના રોજ સીજી રોડ પર આવેલી લક્ષ્મી જ્વેલર્સના મેનેજર પ્રશાંત પટેલનો ફોન આવ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે ૨૧૦૦ ગ્રામ સોનુ ખરીદવુ છે તો ભાવ શું છે. મેહુલભાઈ વર્ષોથી ધંધો કરતા હોવાથી પ્રશાંત પટેલને ઓળખતા હતા. મેહુલ ઠક્કર પ્રશાંત પટેલ સાથે ૨૧૦૦ ગ્રામ સોનાનો સોદો રૂ. ૧.૬૦ કરોડમાં નક્કી કર્યો હતો અને બીજી દીવસે સોનું મંગાવી દેશે એમ જણાવ્યું હતુ.

૨૪ સપ્ટેમ્બરે બપોરે પ્રશાંત પટેલે મેહુલ ઠક્કરને ફોન કરી જણાવ્યું હતુ કે ગોલ્ડની ડિલીવરી લેનાર પાર્ટીને તાત્કાલિક ગોલ્ડ જોઈએ છે અને હાલમાં આરટીજીએસથી પૈસા ટ્રાન્સફર કરી શકે તેમ નથી. જેથી તેઓ સિક્યોરિટી પેટે રોકડ રકમ આપશે અને બીજા દિવસે આરટીજીએસથી રોકડ મોકલી આપશે ત્યારે સિક્યોરિટી પેટે આપેલી રકમ પાછી આપવાની રહેશે. પ્રશાંત પટેલે મેહુલ પટેલને કહ્યુ હતુ કે ગોલ્ડ ખરીદનારી પાર્ટી સીજી રોડ ખાતે કાંતિલાલ મદનલાલ એન્ડ કંપની નામની આંગડીયા પેઢીમાં આવવાના છે અને ત્યાં જ પેમેંટ આપી દેશે અને સામે ૨૧૦૦ ગ્રામ સોનાની ડિલીવરી આપવાની છે.

ત્યાર બાદ મેહુલ ઠક્કરે પોતાને કામ કરતા કર્મચારી ભરત જોષીને આપીને ડિલીવરી લેનાર અજાણ્યા શખ્સનો નંબર પણ આપ્યો હતો. ભરત જોષી ગોલ્ડ લઈને આંગડી પેઢીને ત્યાં પહોંચ્યા ત્યારે ત્રણ લોકો ત્યાં હાજર હતા. જેમાં અજાણ્યા શખ્સ અને એક સરદારજીનો વેશ ધારણ કરી આવનાર શક્સે સોનુ ખરીદનાર તરીકે પોતાની ઓળખ આપી હતી. જ્યારે એક વ્યક્તિને રોકડની ગણતરી કરવા માટે કાઉન્ટીંગ મશીન લઈને બોલાવ્યો હતો.

સોનું ખરીદનાર અજાણ્યા શખ્સોએ ૫૦૦ની નોટના બંડલો લઈને ટેબલ પર મુક્યા હતા, જેમાં પાંચ લાખનું એક એવા ૨૬ બંડલો હતા. બન્ને ગઠિયાઓએ રૂ. ૧.૩૦ કરોડ રૂપિયા હોવાનું ભરત જોષીને કહ્યુ હતું. સરજદારજીના વેશમાં આવેલા ગઠિયાએ ભરત જોષીને કહ્યુ કે તમે ગોલ્ડની ડિલીવરી આપો અને હું સુધીમાં બાજુની દુકાનમાં રૂ. ૩૦ લાખ લઈને આવુ છું. પરંતુ ભરત જોષીએ રૂપિયા બહાર કાઢ્યા ત્યારે તે ડુપ્લીકેટ હોવાનું માલૂમ પડ્યુ હતું. તે દરમિયાન અજાણ્યા શક્સો ચૂપચાપ આંગડીયા પેઢીમાંથી જતા રહ્યા હતા.

(પાના નં.૧નું ચાલુ...)

**યુઆઈએની વાર્ષિક..........**

તમામ માહિતી ઓફિસ ખાતે હોય બાદમાં તમામ ઉદ્યોગકરો અને તે અંગે માહિતી પૂરી પાડશે. ઉદ્યોગપતિ સુખવિંદર સિંઘ દ્વારા વર્તમાન ટીમને કામગીરીની પ્રશંસા કરી ઉમરગામના વિકાસ માટે સૌએ સાથે મળીને પ્રયાસ કરવા જોઈએ તેમ જણાવ્યું હતું. આગામી ડિસેમ્બર માસમાં યોજાનાર એક્સપો-૨૦૨૪ સંદર્ભ પ્રમુખ નરેશભાઈ દ્વારા એજીએમ પૂર્ણ થયા બાદ જાણકારી આપવામાં આવી હતી. વાર્ષિક સાધારણ સભામાં અગ્રણી ઉદ્યોગપતિ ઈશ્વરભાઈ બારી ઉદ્યોગપતિ અને બિલ્ડર બજરંગભાઈ ભરવાડ, ઉદ્યોગપતિ અજયભાઈ શાહ, સચિનભાઈ કોન્ટ્રાક્ટર, અશોકભાઈ ગુપ્તા, સુખવિન્દર સિંગ, ભગવાનભાઈ મહેતા સહિત મોટી સંખ્યામાં ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતાં.

### જાહેર નોટીસ અંગે વાંધો

આથી તા.૨૫.૦૯.૨૦૨૪ના રોજ એડવોકેટ શ્રી હેમંતભાઈ રતિલાલ પટેલ દ્વારા આપવામાં આવેલ જાહેર નોટીસ અંગે ખુલાશો યાને વાંધા આ મુજબ છે આ તા.૨૫.૦૯.૨૦૨૪ના રોજ આપવામાં આવેલ નોટીસમાં જણાવેલ વલસાડ ડીસ્ટ્રીક્ટના સબ-ડીસ્ટ્રીક્ટ વાપી ખાતે વાપી ગામે વાપી નગરપાલીકાની હદ વિસ્તારમાં આવેલ સર્વે નં.૮૪૨ જુના સર્વે નં.૧૦૫૫ કે જેમાં અમારા અસીલ બચુભાઈ રામચંદ્ર ધોડીયા પટેલનો સ્વ. શ્રી રામચંદ્ર રામદયાળના પુત્ર તરીકે વારસાઈ હક્ક વર્ષોથી હતો અને હાલમાં પણ ચાલી આવેલો છે જે અંગેના લેખીત પુરાવા અમારા અસીલ પાસે મોજુદ છે અને તેથી જ અમારા અસીલ બચુભાઈ રામચંદ્ર પટેલનો કાયદેસરનો હક્ક, હીત, હીસ્સો અને અધીકાર ઉપરોક્ત મીલકતમાં હોય જેથી તેને વેચાણ કરવામાં આવે તો અમારા અસીલને સખત વાંધો છે જેથી સદર આપની જાહેર નોટીસમાં જણાવેલ મીલકત અંગે અમારા અસીલના હક્ક, હીત, અને હીસ્સા અધીકારવાળી મીલકત હોય જેથી કોઈએ પણ વેચાણ અંગે કે મીલકત ટ્રાન્સફર અંગે કોઈ વ્યવહાર કરવો કરાવવો નહી તેની આથી ગંભીર નોંધ લેશોજી.

**જાગૃત કે. ત્રિવેદી (એડવોકેટ)**
એલ.આઈ.જી.-૦૧,
૨૫/૨૫૦, અંબામાતા મંદીર પાસે,
જી.આઈ.ડી.સી. વાપી તા.વાપી
જી.વલસાડ મો.૯૮૨૪૪ ૭૯૫૬૯

**અમારી સુચનાથી**
**સહી/-**
**(બચુભાઈ રામચંદ્ર ધોડીયા પટેલ)**

### LOST PASSPORT

I Ranjeet Gour, have lost my passport (No J9962529) on 21/09/2024 in transit.
Whomsoever finds my lost passport please return it at D-704, Saket Complex, Dokmardi, Silvassa, DNH, U.T of DNH & DD.
SD - Ranjeet Gour s/o Shri Rambharosi Gour.

### ઓફિસ માટે જગ્યા ભાડેથી જોઈએ છે

GUJARAT GAS

**ગુજરાત ગેસ લિમિટેડ** (GGL) તેના કાર્યક્ષેત્રના સંચાલન માટે **વલસાડ જિલ્લામાં** ધંધાકીય હેતુથી ઓફિસની જગ્યા ભાડેપટ્ટે મેળવવા માટેની અરજીઓ આમંત્રિત કરે છે. ઓફિસની જગ્યા મુખ્ય માર્ગ પર અને ગ્રાઉન્ડ ફલોર પર જરૂરી સુવિધાઓ જેમકે વાહન પાર્કિંગ તથા ૨૪ કલાક વિજળી અને પાણીની વ્યવસ્થા સાથે હોવી જોઈએ. સુચિત ઓફિસ ઓછામાં ઓછા ૩ વર્ષ અને વધુ માં વધુ ૯ વર્ષ માટે ભાડેપટ્ટે જરૂરીયાત છે.

| જિલ્લા | પસંદગીના ક્ષેત્રો | આવશ્યક ક્ષેત્રફળ |
|---|---|---|
| વલસાડ | ભીલાડ અને સંજાણ રોડ ભીલાડ શહેરમાં | ૧૨૦૦ થી ૧૪૦૦ ચો.ફુટ |

રસ ધરાવનાર મિલકત માલિક નીચે આપેલ સરનામે કોમર્શિયલ બીડ સીલબંધ કવરમાં તેમની અરજી મોકલવાની રહેશે. અરજી મોકલવાની છેલ્લી તારીખ **૧૦-૧૦-૨૦૨૪** છે.

**-: વધુ જાણકારી માટે સંપર્ક કરો :-**

**ડેપ્યુટી મેનેજર (એડમીન),**
**ગુજરાત ગેસ લિમિટેડ**
શોપ નં.૩ અને ૪, સિદ્ધિવિનાયક નિવાસ, રેલ્વે ક્રોસિંગ પાસે,
ભીલાડ સંજાણ રોડ, ભીલાડ, ૩૯૬૧૦૫. મો.નં. ૯૯૨૪૫૮૪૧૦૦

ગુજરાત ગેસ લિમિટેડ કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ ઓફર અસ્વીકાર કરવાનો અબાધિત અધિકાર રાખે છે.

Rs.300•Rs.300•Rs.300•Rs.300•Rs.300•Rs.300
નવરાત્રીના પવિત્ર તહેવાર
નિમિત્તે સ્પે. ડિસ્કાઉન્ટ ઓફર
કોઈ પણ વેરાયટી ફક્ત રૂ.300/-
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
પરમાર શુ કલેક્શન
ઓલ સીઝન, ચંપલ, સેન્ડલ, લાઈટ શુઝ, સેફ્ટી શુઝ, લાઈટ વાળા શુઝ
ADDA VKC pride sparx RELAXO Paragon Bata Lakhani campus
કાપડીયા કોમ્પ્લેક્ષ, હાઈસ્કૂલ સામે, બેચર રોડ, વલસાડ. Mo. : 8690820403

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh, Siyarams, DONEAR, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima, Kripton
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

લગ્ન પ્રસંગ નિમિત્તે
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
ઓલ સીઝન ચંપલ, સેન્ડલ, લાઈટ શુઝ, સેફ્ટી શુઝ, લાઈટ વાળા શુઝ
ADDA VKC pride sparx RELAXO Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361


Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Monday 30, September 2024

# દમણગંગા ટાઇમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050

## ધરમપુર તાલુકામાં અલગ અલગ બનાવમા ત્રણના મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૨૯ :** ધરમપુર તાલુકાના ત્રણ અલગ અલગ બનાવમાં એક યુવતી સહિત બે યુવાનો મોતને ભેટયા હોવાની માહિતી ધરમપુર પોલીસ મથકે પ્રાપ્ત થવા પામી હતી.

પ્રાપ્ય માહિતી અનુસાર ધરમપુર તાલુકાના સિંગારમાળ ગામના મૂળગામ ફળીયા ખાતે રહેતા દર્શનાબેન ગુલાબભાઈ બામને ઉ.વ.૧૭ને આજરોજ સવારે ઉલ્ટીઓ થતા પૂછપરછમાં દવા પીધી હોવાનું જણાવ્યું હતું, જેથી તાત્કાલિક નજીકના દવાખાને સારવાર હેઠળ લઈ જવાતા સારવાર દરમિયાન મોત થયુ હતું. જે બનાવ બાબતે જાહેરાત મૃતકના પિતા ગુલાબભાઈએ નોંધાવી હતી. બીજા બનાવમાં મહારાષ્ટ્રના સુરગાણા ખાતે રહેતા હંસરાજ દેવરામ વાર્ડે ઉ.વ૩૧ના લગ્ન ધરમપુરના મધુરી ગામે થયા હતા, હંસરાજના સુખી દામ્પત્ય જીવન દરમિયાન ત્રણ સંતાનનું સુખ મળ્યું હતું. હંસરાજે કોઈક કારણસર સાસરે ઘરના છતના દાંડા સાથે નાયલોનની દોરી વડે ગળે ફાંસો લઈ જીવતર ટૂંકાવી લેતા જે બનાવ અંગે ફરિયાદ મૃતકના પિતા દેવરામ વાર્ડે નોંધાવી હતી.

ત્રીજા બનાવમાં વાંસદા તાલુકાના બારતાડ ગામના બલ્લાબારી ફળીયા ખાતે રહેતા અજય મોહનભાઈ લોખંડી ઉ.વ.૨૫ ગત તા ૨૧ના રોજ ધરમપુરના આંબા તલાટ ગામે રહેતી ફોઈના ઘરે રહેવા માટે ગયો હતો, જ્યાં ગામમાથી પસાર થતી તાન નદી કાંઠે ફરવા માટે ગયા હતા, જ્યાં જમણાં પગ પર કોઈક ઝેરી સાપે ડંખ મારતા પગમાં સોજો આવી ગયો હતો. જેથી ધરમપુરની સ્ટેટ હોસ્પિટલમાં લવાયો હતો, જ્યાં સારવાર લીધા બાદ વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો, જેનુ સારવાર દરમિયાન મોત નીપજતા ઉપરોક્ત ત્રણેય બનાવો બાબતે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## વાપીના યુવા પત્રકારનું ઉજ્જૈનમાં હાર્ટ એટકથી મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨૯:** વાપીના સપ્તાહિકના તંત્રી અને યુ ટ્યુબર મનીષ વર્મા તેમના મિત્રો સાથે મહાકાલેશ્વરના દર્શન માટે પહોંચ્યા હતા જ્યાં અચાનક તેને છાતીમાં દુઃખાવો થતા ઘટના સ્થળે જ ધળી પડ્યા હતા. જેને તાત્કાલિક ઉજ્જૈનની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરાયા હતા.



પ્રાપ્ત વિગત મુજબ વાપીના ડુંગરા હરિયા પાર્ક ખાતે રહેતા અને મીડિયા સાથે સંકળાયેલા તેમજ યુ ટ્યુબર તરીકે જાણીતા ૩૫ વર્ષીય મનીષ લાલચંદ વર્મા તેમના ચાર મિત્રો સાથે ઉજ્જૈન ખાતે આવેલ મહાકાલેશ્વર મંદિરે દર્શને ગયા હતા જ્યાં શનિવારે તેઓ દર્શન માટે લાઈનમાં ઊભા હતા તે દરમિયાન અચાનક જ તેને છાતીમાં દુઃખાવો થતાં તે ઢળી પડ્યો હતો જ્યાં તેને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા પરંતુ ફરજ પરના ડોક્ટર દ્વારા તેમને મૃત જાહેર કરાયા હતા બનાવની જાણ થતા મૃતકના પરિવારજનો તેમજ વાપી સહિત વલસાડ જિલ્લા અને સંઘ પ્રદેશના મીડિયા કર્મીઓમાં શોખની લાગણી પ્રસરી જવા પામી હતી. આજે રવિવારે બપોરે ૧૨:૩૦ કલાકે તેમની અંતિમયાત્રા વાપીના મુક્તિધામ ખાતે પહોંચી હતી જ્યાં મોટી સંખ્યામાં રાજકીય આગેવાન મીડિયા કર્મીઓ તેમજ વાપીના ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચલા-બલીઠા માર્ગ ઉપર તૂટેલો વીજ પોલ અકસ્માતની રાહ જોઈ છે?

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨૯:** વાપીના ચલા મુક્તાનંદ માર્ગથી બલીઠા તરફ જતા મુખ્ય માર્ગ ઉપર આવેલ એક વીજ પોલ છેલ્લા ૧૫ દિવસથી તૂટી પડી ચાલીના મકાન પર પડી ગયો છે પરંતુ અનેક રજૂઆત છતાં વાપી ટાઉન વીજ વિભાગના અધિકારી દ્વારા કોઈપણ જાતની કાર્યવાહી નહીં કરાતા મોટો અકસ્માત થવાની શક્યતા છે.



પ્રાપ્ત વિગત મુજબ વાપી ટાઉનના ચલા મુકતાનંદ માર્ગ ઉપર આવેલ મેરિલ કંપનીની આગળ બલીઠા જતા માર્ગ ઉપર છેલ્લા ૧૫ દિવસથી એક ચાલની આગળ આવેલ વીજ પોલ કોઈક વાહન ચાલક ટક્કર મારી તોડી પાડી ગયો છે અને જે ચાલીના મકાનના છત ઉપર પડ્યો છે પરંતુ આ અંગે ચાલી માલિક તથા સ્થાનિક રહેવાસી દ્વારા વાપી ટાઉનમાં આવેલ જીઇબીની કચેરીમાં મૌખિક તથા લેખિત રજૂઆત કરવામાં આવી હોવા છતાં આજ સુધી આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવ્યો નથી અને જો કોઈ અનિષ્ઠય ઘટના બને અને કોઈને વીજ કરંટ લાગી મૃત્યુ થાય તો તેના જવાબદાર કોણ હશે? જોકે વાપી ટાઉન જીઈબીના નાયબ કાર્યપાલક ઈજનેર અને જવાબદાર અધિકારી હાલમાં જ નિવૃત્તિના આરે પહોંચ્યા છે અને જેવો વાપીના નામાંકિંગ બિલ્ડર તેમજ સોસાયટીઓના કામો તેમની અંગત રીતે બેઠક કરી મિત્રતાના આધારે તાત્કાલિક કરી રહ્યા છે પરંતુ આ ગરીબ ચાલી માલિકોને તેમને પડતી મુશ્કેલીઓ તથા શોર્ટ સર્કિટથી કોઈને નુકસાન થાય તે પહેલા કાર્યવાહી કેમ નથી કરતા તે અંગેની ફરિયાદ વલસાડ જિલ્લા વીજ વિભાગના મુખ્ય અધિકારી પી.જી. પટેલ તેમજ વીજ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈને સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવી છે જોકે આ અંગે કોઈપણ કાર્યવાહી નહીં કરાતા હવે ચાલી માલિક દ્વારા રાજ્યના મુખ્યમંત્રી તેમજ કેન્દ્રીય મંત્રી અને ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલને લેખિતમાં રજૂઆત કરવાની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

### નવરાત્રી અને દશેરા પર્વની ઉજવણી સંદર્ભે


## પારડીમાં શાંતિ સમિતિની બેઠક મળી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૨૯:** આગામી દિવસોમાં નવરાત્રી અને દશેરા પર્વની ઉજવણી થનાર હોય જે ઉજવણીના ભાગરૂપે આજરોજ પારડી પોલીસ મથકમાં શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જેમાં નગરજનો અને ગામડાના આયોજકો ઉપસ્થિત રહ્યા હતા. અહીં પારડી પોલીસ મથકમાં આજરોજ પીઆઇ જીઆર ગઢવીના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જે બેઠકમાં આગામી દશેરા અને નવરાત્રી પર્વની ઉજવણી થનાર હોય જે ઉજવણી અંગેના આવેલા આયોજકો સાથે ચર્ચા થઈ હતી જે ચર્ચા દરમિયાન જુદાજુદા સ્થળો પર થનાર રાસ ગરબાઓ અંગે જરૂરી માર્ગદર્શન અને ગાઈડલાઈન પોલીસ દ્વારા આપવામાં આવી હતી. પ્રોફેશનલ ગરબા અંગેની જાણકારી મેળવવામાં આવી હતી પરંતુ આ વખતે પારડી પંથકમાં પ્રોફેશનલ ગરબાનું કોઈ આયોજન થયું નથી આ વખતે પરંપરાગત પ્રાચીન શેરી ગરબાઓ રાબેતા મુજબ થનાર છે. દશેરાના દિવસે થનાર મેળા અંગેની ચર્ચા કરવામાં આવી હતી. મેળામાં થનાર પબ્લિક અંગે પોલીસે જાણકારી મેળવી હતી અમુક એરિયામાં થતા શેરી ગરબાઓના લીધે ટ્રાફિક સમસ્યા થતી હોય જે અંગેની રજૂઆત કરવામાં આવી હતી. પોલીસે દરેક સમસ્યા દૂર કરવા માટે આયોજકોને ખાતરી આપી હતી અને ચોક્કસ પરમિશન લઈ લેવા માટે જણાવ્યું હતું જેથી પોલીસ બંદોબસ્ત ગોઠવી શકાય અને ગરબા સ્થળો પર જો ગેરરીતી થાય અને કોઈ દારૂ પીધેલા વ્યક્તિ અને કે કોઈ અન્ય વ્યક્તિ કાકરી ચારા ના કરી જાય એ અટકાવી તાત્કાલિક પગલા ભરી શકાય છે. પોલીસે તાત્કાલિક પોલીસનું ધ્યાન દોરવા જણાવ્યું હતું આમ શાંતિપૂર્ણ રીતે શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી.

## ધકવાડામાં જાળમાં ફસાયેલ અજગરને ઉગારાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૨૯:** બીલીમોરા નજીક ધકવાડા ગામે આઈટીઆઈ પાછળ યમુનાનગર સોસાયટીમાં ઘર આંગણે ફૂલ છોડનાં સંરક્ષણ માટે લગાવેલી નાયલોન જાળમાં રવિવાર વહેલી સવારે મહાકાય અજગર ફસાયો હતો. દરમ્યાન અજગરનાં ફૂંફાડાને પગલે સોસાયટી વિસ્તારમાં ડરનો માહોલ વ્યાપી ગયો હતો. નવસારી વાઈલ્ડ લાઈફ વેલફેર ફાઉન્ડેશનના સભ્ય હિમલ મેહતાને જાણ કરી હતી. જે સાથે બીલીમોરા કાર્યક્ષેત્રના સર્પ સેવક સચીન માંગ અને ભાવેશ રાઠોડ સ્થળ પર ધસી ગયા હતા. જ્યાં જાળ કાપી ૮ ફૂટ લાંબા મહાકાય અજગરને મુક્ત કરી, ગણદેવી રેન્જ ફોરેસ્ટ ઓફિસરને જાણ કરી હતી. જે બાદ અજગરને સંરક્ષિત વિસ્તારમાં છોડવાની તજવીજ હાથ ધરી હતી.

## મોટીવાલઝર બાદ ઉપસળમાં ૮ વર્ષીય બાળકી પર દીપડાનો હુમલો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨૯:** વાંસદા તાલુકાના મોટીવાલઝર ગામે ડુંગરી ફળિયાની દશ વર્ષીય બાળકી ઉપર જંગલી હિંસક પશુ દીપડાએ સાંજના સમયે હુમલો કર્યો હતો. ત્યારબાદ બે જ દિવસ પછી શનિવારે બાજુમાં આવેલ વાંસદા તાલુકાના જ ઉપસળ ગામના નિશાળ ફળિયાની નવ વર્ષીય બાળકી શ્રીધ્ધિ અજયભાઈ પટેલ જ્યારે ઘરના આંગણામાં રમી રહી હતી ત્યારે સાંજના સમયે તેણી



પર દીપડાએ હુમલો કર્યો હતો. જેથી તે ગળાના ભાગે ગંભીર રીતે ઘવાયી હતી. તેણીને સારવાર માટે વાંસદાના રાણી ફળીયા ગામે આવેલ એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાઈ હતી. આ સમગ્ર ઘટનાની જાણ વન વિભાગને થતાં દીપડાને પકડવા પાંજરું મુકવાની તાજવીજ યુદ્ધના ધોરણે હાથ ધરી હતી. દીપડાના હુમલાના આ બીજા હુમલાના કારણે સમગ્ર વાંસદા પંથકના ગામડાઓમાં ભયનો માહોલ છવાયો હતો.

## બીલીમોરામાં નવરાત્રી અંગે શાંતિ સમિતિની બેઠક મળી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા,તા.૨૯:** દેશ દુનિયામાં આદ્યશક્તિની આરાધના પર્વ એટલે કે નવરાત્રીનો ગુરુવારે પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે બીલીમોરામાં પણ બે મોટા આયોજનો સહિત માતાજીનાં પરંપરાગત શેરી ગરબાની ભક્તો રમઝટ માણશે. બીલીમોરા પોલીસે નવરાત્રી ઉત્સવ ઉજવવા શનિવાર સાંજે પોલીસ મથકે વિવિધ મંડળો અને અગ્રણીઓ સાથે બેઠક યોજી હતી.



હિન્દુ ધર્મનો સૌથી લાંબો ઉત્સવ એટલે નવરાત્રી, નવ નવ દિવસો સુધી માતાની આરાધના કરવાનો પર્વ છે. નવરાત્રી પર્વે નવદુર્ગાની સ્થાપના, મા અંબે આદ્યશક્તિની શ્રદ્ધા પૂર્વક ભક્તિનો ઉત્સવ ઉજવવા ઠેર ઠેર તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જેમાં વિઘ્નહર્તા મંડળ દ્વારા દેસરા રામજી મંદિરનાં લાભાર્થે એલએમપી ગ્રાઉન્ડ ઉપર નવરાત્રી મહોત્સવનું આયોજન છે. તેમજ હિન્દૂ લાયન્સ દ્વારા સોમનાથ પરિસરમાં પણ મહોત્સવ ઉજવાશે, તે ઉપરાંત ગંગા માતા મંદિર, સરદાર ચોક, ગૌહરબાગ, બીલીનાકા ચાર રસ્તા, દેવસર અંબાજી મહોલ્લો, ચીમોડિયા નાકા, વિઠ્ઠલનગર સોસાયટી, આંતલીયા, દેસરા સહિત ઠેર ઠેર શેરી ગરબાની રમઝટ જામશે. જ્યારે તલોધ ગામે રાવણ દહનનો મોટો કાર્યક્રમ છે. જેમને માર્ગદર્શન અપાયું હતું. બીલીમોરા પી.આઇ. નકુમ, પી.આઇ. સરવૈયા અને પીએસઆઈ સૈયદ, શહેર ભાજપ પ્રમુખ વિજય પટેલ, પ્રજ્ઞેશ પટેલ, મનીષ નાયક, પીચીભાઈ લબાના, શિવજી પટેલ, ગંગા માતા મંદિર ગરબા આયોજક, હિન્દુ લાયન્સ સંગઠન, ગનીભાઈ મેમણ, મલંગ કોલીયા, કનૈયાલાલ વર્મા તેમજ ગરબા આયોજકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## પારનેરા હાઈવે પરથી ૫.૪૨ લાખના દારૂ સાથે બે ઝડપાયા: એક વોન્ટેડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૨૯:** વલસાડ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં ફરતી વખતે બાતમી મળતા પારનેરા હાઈવે પર વોચ ગોઠવી ઊભા રહેતા ટ્રકમાંથી પ્લાસ્ટિકના દાણા તથા પાવડરની આડમાં લઈ જવા તો ૫.૪૨ લાખનો દારૂ ૩૧.૪૭ લાખ નાને મુદ્દા માલ સાથે રાજસ્થાનના બે આરોપીને ઝડપી પડ્યા જ્યારે દારૂનો જથ્થો બનાવનાર આરોપીને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

વલસાડ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં ફરતી વખતે બાપની મળી કે સેલવાસથી એક ટ્રકમાં પ્લાસ્ટિકના દાણા અને પાવડરની આડમાં દારૂ લઈ જવા તો હોવાની બાકીની આધારે એલસીબીની ટીમ મુંબઈથી અમદાવાદ જતા પારનેરા ગામે હાઈવે પર વોચ ગોઠવી ઊભા રહેતા બાતમી વાળી ટ્રક નંબર GJ-૨૭-X-૯૧૧૩ને અટકાવી તેની અંદર તપાસ કરતા પ્લાસ્ટિકના દાણા તથા પાવડરની આડમાં લઈ જવા તો દારૂના બોક્સ નંગ ૧૦૭માં બાટલી નંગ ૩૭૮૬ કિંમત ૫,૪૨,૪૦૦ રૂપિયા તેમજ પ્લાસ્ટિક દાણા અને પાવડર કિંમત રૂપિયા ૨૦ ૯૫,૧૦૦ ટ્રકની કિંમત ૫ લાખ મોબાઈલ નંગ બે ૧૦,૦૦૦ મળી કુલ ૩૧,૪૭,૫૦૦ની કિંમતના મુદ્દા માલ સાથે ટ્રક ચાલક મહેન્દ્રલાલ લક્ષ્મણલાલ ગણેશરામ મેવાડા તથા ક્લીનર ભગવાનસિંગ શૌકસિંગ ગીરધારીસિંગ રાજપુત બંને રહે રાજસ્થાનની ધરપકડ કરી હતી. પોલીસે પૂછપરછ કરતા દારૂ રાકેશ નામના ઈસમે ભરાવ્યો હોવાનું બહાર આવતા તેને વોન્ટેડ જાહેર કર્યું છે. જે અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચાલી રહી છે.

## પારડીમાં કોંગ્રેસે દાહોદના દુષ્કર્મ અંગે વિરોધ અને કેન્ડલ માર્ચ યોજી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૨૯:** ગુજરાત રાજ્ય કોંગ્રેસ સમિતિની સૂચનાથી આજરોજ પારડી ચાર રસ્તા પાસે વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા દાહોદમાં શિક્ષકે કરેલા બાળકી સાથેના દુષ્કર્મની ઘટનાને વખોડી કાઢવામાં આવી હતી અને કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી અહીં પાર્ટી ચાર રસ્તા પાસે આજરોજ પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલની સૂચનાથી વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિનેશભાઈ પટેલ માજી સાંસદ કિશનભાઇ પટેલ પારડી શહેર કોંગ્રેસ પ્રમુખ બીપીનભાઈ પટેલ ઉપપ્રમુખ મેહુલભાઈ શાહ મહામંત્રી કપિલભાઈ હળપતિ તથા કાર્યકર્તાઓ ભેગા થયા હતા અને દાહોદમાં શિક્ષકે બાળકી સાથે કરેલા દુષ્કર્મની ઘટનાને વખોડી કાઢવામાં આવી હતી અને કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી તથા સરકારને દુષ્કર્મ કરનાર શિક્ષક સામે કડક પગલાં લેવા માંગણી કરવામાં આવી હતી અને દોશી જ શિક્ષકને ફાંસીની સજા થાય એવી સરકાર પાસે માંગણી કરી હતી અને સખત શબ્દોમાં આ ઘટનાને વખોડી કાઢવામાં આવી હતી.

## ધરમપુરની એમ.એસ.વી.એસ. કેળવણી મંડળની વાર્ષિક સભા મળી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૨૯:** ધરમપુર એસ એમ એસ એમ હાઈસ્કુલ ખાતે ૨૦૨૩/૨૪ની વાર્ષિક સાધારણ સભા મળી હતી જેમાં એમ.એસ.વી. એસ કેળવણી મંડળના પ્રમુખ અને સભાના પ્રમુખ જીવાભાઈ આહીરના અધ્યક્ષ સ્થાને મળેલ સભાને દીપ પ્રાગટ્ય બાદ ખુલ્લી મુકવામાં આવી હતી.

યોજાયેલ વાર્ષિક સાધારણ સભામાં સભાના પ્રમુખ જીવાભાઈ આહીર દ્વારા પ્રમુખ સ્થાનેથી ઉદબોધન રજૂ કર્યું હતું ત્યારબાદ સહમંત્રી મેહુલ આહિરે વાર્ષિક અહેવાલ રજૂ કરી આવક-જાવક વિશેનો હિસાબ રજૂ કર્યો હતો મળેલી વાર્ષિક સાધારણ સભામાં ધરમપુરમા નવી સાયન્સ કોલેજ તેમજ નર્સિંગ કોલેજ શરૂ કરવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી તેમજ મેહુલ આહિરે જણાવ્યા અનુસાર એસએમએસ એમ હાઈસ્કુલમાં બ્યુટી એન્ડ વેલનેસ અને ઈલેક્ટ્રિકલ એન્ડ હાર્ડવેરના કોષો શરૂ કરવામાં આવતા શાળાના વિદ્યાર્થીઓએ લાભ લઈ રહ્યા છે તે ઉપરાંત શાળાના બાળકો વ્યસનના રવાડે ન ચડે તેમજ મોબાઈલથી દૂર રહે તે બાબતે સૂચન કરાયું હતું જે અંગેની પ્રતિક્રિયા વ્યકત કરતા શાળાના આચાર્ય દીપક પટેલે જણાવ્યું હતું કે શાળામાં નિયમિતપણે શિસ્તનો આગ્રહ રાખવામાં આવે છે તેમજ રીશેષમાં કમ્પાઉન્ડની બહાર વિદ્યાર્થીને જવા દેવામાં આવતા નથી અને અનેક વખત વ્યસનથી દૂર રહી આરોગ્ય વિશે સૂચન કરવામાં છે તેમજ કોલેજના આચાર્ય ખંડુભાઈ પટેલે કોલેજમાં થતી પ્રવૃત્તિઓ વિશે ચિતાર વ્યક્ત કર્યો હતો કેટલાક સભ્યો દ્વારા એજન્ડા ન મળવા બાબતે પ્રશ્ન ઉઠાવતા સભાના પ્રમુખ જીવાભાઈ આહિરે જણાવ્યું હતું કે એજન્ડા તમામ સભ્યોને પોસ્ટ દ્વારા મોકલવામાં આવ્યા હતા જોકે ન મળ્યા હોય તો આ બાબતે બીજી વખત કાળજી રાખવામાં આવશે નહિ જેવી વાતો કરી હતી. યોજાયેલ સભામાં ટ્રસ્ટીઓ તેમજ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા મળેલ સભાના અંતે સહ તંત્રી મેહુલ આહીરે આભાર વિધિ આટોપી હતી.

## ધરમપુર પોલીસ મથકે નવા પોલીસ ઈન્સ્પેકટર ચાર્જ સંભાળ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૨૯:** વાસંદા તાલુકાના અંકલાછ ગામનાં મૂળ વતની જેઓએ ધરમપુર પોલીસ મથકે પોલીસ ઈન્સ્પેકટર તરીકે ચાર્જ લીધો હતો જોકે તાજેતરમાં વલસાડ જિલ્લાના પી.એસ.આઈ. કક્ષાનાં અપ ગ્રેડ થતાં આજરોજ ધરમપુર પોલીસ મથકે નવ નિયુક્ત પોલીસ ઈન્સ્પેકટર તરીકે નીખિલ ભોયાએ વિધિવત રીતે ચાર્જ લઈ કાર્યભાર સંભાળ્યો હતો જોકે ધરમપુરનાં પીઆઇ સૂરજસિગ વસાવાને કપરાડા પોલીસ મથકે પીઆઇ તરીકે ચાર્જ સંભાળ્યો હતો.

## વલસાડમાં ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારી દ્વારા વર્લ્ડ હાર્ટ દિવસની ઉજવણી કરાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૨૯:** આજરોજ વર્લ્ડ હાર્ટ દિવસ નિમિત્તે વલસાડ જિલ્લા ૧૦૮ એમ્બ્યુલન્સના દરેક લોકેશન દ્વારા લોકોના બી.પી અને પલ્સ ચેક કરી વર્લ્ડ હાર્ટ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારફતે અમે ઈમર્જન્સી સારવારને સરળ બનાવી છે તેમજ દરેકના માટે ઉપલબ્ધ કરાવી છે આ સાથે જ જનજાગૃતિ અને સમયસર સારવાર આપીને આપણા સમાજમાં હૃદય રોગના ભાઈને ઘટાડવાનો પ્રયાસ કરીએ છીએ. આ વર્લ્ડ હાર્ટ ડે પર એક સંકલ્પ લઈ હૃદયની કાળજી માટે હા બોલો અને આરોગ્યમય ભવિષ્ય માટે પગલા ભરો હૃદયનું ધ્યાન રાખવા માટેના પગલાં બ્લડ પ્રેશર નિયંત્રિત રાખો, કોલેસ્ટ્રોલ અને ટ્રાયગીલ સરાઈડના લેવલને કાબુમાં રાખો, સંતુલિત આહાર લો અને વધુ શાકભાજી અને ફળોનું સેવન કરો, વ્યાયામ નિયમિત કરો, તમાકુ અને આલ્કોહોલનું સેવન ટાળો, ડાયાલિસિસ નિયંત્રિત રાખો જેવા સૂચનો કરવામાં આવ્યા હતા.

યોગીકૃપા ક્લિનિક - રાહતદરે સારવારનું જાહેરનામું
વાપીના સૌથી જૂના અને જાણીતા - સિનિયર મોસ્ટ લેડી ડોક્ટર - ડો. અંજનાબેન (MBBS, MRSH, London)
નિયમિત રૂપે ગોકુળવિહારમાં મળશે.
સૌને રાહતદરે સારવારનો લાભ લેવા આમંત્રણ.
સમય : સવારે ૧૦ થી ૧ – સાંજે ૫.૩૦ થી ૭.૩૦
(રવિવાર અને જાહેર રજાના દિવસે બંધ)
મો. નં. : 9228163737
સ્થળ : A41, ગોકુળવિહાર સોસાયટી, ને. હા. ૮, GIDC

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**